ભાવનગર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં

એમ.ફીલ.(M.Phil) ની પદવી માટે પ્રસ્તુત લઘુશોધ નિબંધ

# "ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો અભ્યાસ"


**શોધછાત્ર**

**લખમણ એન. ભોજાણી**

**ગુજરાતી-ભાષા સાહિત્ય ભવન,**

**ભાવનગર યુનિવર્સિટી,**

**ભાવનગર**

માર્ગદર્શક

ડો.મહેન્દ્રસિંહ પરમાર

પ્રોફેસર, રીડર,

ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,

ભાવનગર યુનિવર્સિટી,

ભાવનગર–૩૬૪ ૦૦૨

# અર્પણ

પૂજય માતા-પિતા

અને

બહેન પ્રવીણાને

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે શ્રી લખમણ એન. ભોજાણીએ મારા માર્ગદર્શન હેઠળ ''ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો અભ્યાસ'' નામનો લઘુશોધનિબંધ ભાવનગર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં એમ.ફીલ. ની પદવી માટે તૈયાર કર્યો છે.

પ્રસ્તુત લઘુશોધનિબંધમાં તેમણે આ વિષય પર અધ્યયન-સંશોધન કરી તેમાં મૌલિક નિરૂપણ કર્યું છે.

વિશેષમાં આ લઘુશોધનિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કરાયો નથી.

સ્થળ: ભાવનગર

તા:

ડો.મહેન્દ્રસિંહ પરમાર
પ્રોફેસર, રીડર,
ગુજરાતી-ભાષા સાહિત્ય ભવન,
ભાવનગર યુનિવર્સિટી
ભાવનગર-૩૬૪ ૦૦૨

# પ્રમાણપત્ર

હું લખમણ એન. ભોજાણી પ્રમાણિત કરી આપું છુ કે. ભાવનગર યુનિવર્સિટીમાં એમ.ફીલ.ની પદવી માટે ''ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો અભ્યાસ'' એ વિષય પર લઘુશોધનિબંધ મારી સૂઝ-સમજથી મૌલિક નિરિક્ષણો સાથે રજૂ કર્યો છે. આ લઘુશોધનિબંધનો કોઈ અંશ અન્ય યુનિવર્સિટીમાં એમ.ફીલ. કે અન્ય પદવી માટે પ્રકાશિત થયો નથી.

સ્થળઃ ભાવનગર

લખમણ એન. ભોજાણી

તાઃ

# પૂર્વ ભુમીકા

હું.એમ.એ. પાર્ટ–૨ માં અભ્યાસ કરતો હતો ત્યારે દિવાળીનાં દિવસોની રજા અગાઉ મહેન્દ્રભાઈનો વર્ગ હતો. તેમણે એક વાત એવી કરી કે આપણી આસપાસ પણ કેટલુય અલિખિત કંઠસ્થ લોકસાહિત્ય છે. તેને આપણે બને તેટલું લિખિત રૂપ આપવાનો પ્રયત્ન કરીશું ત્યારે મારા મનમાં આ લગ્નગીતોને લિખિતરૂપ આપવાનો વિચાર આવ્યો અને તે માટેનો સહકાર મિત્ર પરેશ ખોડિફાડનો પણ રહયો. આમ આ લગ્નગીતો પ્રત્યેની રુચિ એમ.એ.માં અભ્યાસ કરતી વખતેજ સ્થપાય ચુકી હતી. આજે તે પરિપૂર્ણ રૂપ પામી છે તેમ નહી કહેતા તેમા છીંડુ પાડી શકયો છુ તેમ કહેવું વધારે ઉચિત છે. કારણકે આ શોધનિબંધમાં લગ્નપ્રસંગે ગવાતા ગીતો માંથી પસંદગીના ગાતો ઉપરજ અભ્યાસ કર્યા છે. તેમજ કેટલાય ગીતો એવા હશે કે જેની પાસે હું જઈ પણ શકયો નથી.

આ ઉપરાંત લોકસાહિત્ય એ કોઈ એક વ્યકિતનું નહિ પરંતુ સમાજનું સહિયારુ કર્તૃત્વ છે. હું અહીં "ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો અભ્યાસ" એવું શીર્ષક આપુ છું. તેથી એવું નથી કે તે જ્ઞાતિમાંજ આ ગીતો પ્રચલિત છે. પરંતુ આ ગીતો અન્ય જ્ઞાતિઓમાં પણ ગવાતા હશે–છે. અહિ માત્ર અભ્યાસની સીમા ખાતર આ શીર્ષક અપાયું છે.

ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો અભ્યાસ કરવાનો આશય એવો છે કે ખરક જ્ઞાતિ મુખ્યત્વે વિચરતી જાતિ હતી તેના પરિણામે અનેકવિધ જાતિઓનાં સંપર્કમાં આવી અને તેનાં દરેકના કોઈને કોઈ સંસ્કારો પામતી રહી છે. એ રીતે એકથી વધારે જ્ઞાતિઓના સંસ્કારનું પ્રતિનિધિત્વ કરે છે તથા આ જ્ઞાતિ અન્ય જ્ઞાતિની સરખામણીએ વધારે રૂઢિચૂસ્ત હોવાથી

પરંપરાગત સંસ્કારો જાળવી રાખ્યા છે. કદાચ આવતી કાલ માટે તે ભૂતકાળ બની જાય અને પછી લુપ્ત કે પુનરાવર્તન પામે તે પહેલા તેને સંકલિત કરવા વધારે ઉચિત લેખાશે.

અંતમાં આમજનતા અને ગ્રામ્ય પ્રદેશમાં રહેતી ખરક અને અન્ય જાતિ તેઓના કલા વારસાને યોગ્ય રીતે સમજી શકે અને પોતાની કલાપ્રવૃતિ વિશે થોડા વધુ સજાગ બને તો મારું કાર્ય સાર્થક થયું લેખાશે...

– લખમણ એન. ભોજાણી

સ્થળ : ભાવનગર

તા :

# ઋણસ્વીકાર

કોઈપણ સંશોધન પાછળ કોઈ એક જ વ્યક્તિનો પુરુષાર્થ હોય છે તેમ માનવું અયોગ્ય છે. તેમાં અનૂકુળ સંજોગો, સંદર્ભ સામગ્રીની ઉપલબ્ધિ, અધ્યયનશીલ અધ્યાપકનું માર્ગદર્શન, તેમજ સુસંસ્કૃત અને સહયોગી મિત્રોની સહાયથી અને આપણા પરિવારનાં સભ્યોનું પ્રોત્સાહન અનેકવિધ પરિબળો એકત્રિત થઈને કોઈ ઉમદા પ્રવૃત્તિ માટે પ્રેરે છે.

આ ભગીરથ કાર્યમાટે વિષય પસંદગીથી માંડીને આજ સુધી જેનું માર્ગદર્શન મળતુ રહયું છે તેવા ડો.મહેન્દ્રસિંહ પરમારનો હું આભારી છું. આ ઉપરાંત ગુજરાતી ભાષા સાહિત્ય ભવનનાં અધ્યક્ષ ડો. વિનોદ જોશી તથા જેમની સાથે અધ્યાપક ઉપરાંત મિત્રતાનો ભાવ કેળવી શકયો છું તેવા ડો.વિપુલભાઈનો પણ આભારી છું.

આ ઉપરાંત આજે હું જે કાંઈ પ્રગતિ કરી રહ્યો છું એ મારા માતા–પિતાને આભારી છે. તેમણે મારા અભ્યાસ કાર્યમાં હંમેશા મૂકસંમતિથી બળ પુરુ પાડયું છે. અને તેમના આશિર્વાદ મળતા રહયાં છે. તેમજ પરિવાર જનોએ, જ્ઞાતિજનોએ, સ્નેહીજનોએ મારા સંશોધન કાર્યમાં મને સતત પ્રોત્સાહિત કરીને જે હૂંફ આપી છે એ યાદગાર બની રહેશે. અને સહપાઠી મિત્રો મથુર બાંભણિયા, ભરત લુહાર, પ્રવીણ સેંતા, રમેશ સંતા, પરેશ ખોડિફાડ, વગેરે તથા જેમણે વર્ષોથી પોતાનાં કંઠમાં કેટ કેટલાય ગીતો સાચવી રાખ્યા છે તેવી જ્ઞાતિની બહેનોનો અત્રે હૃદયપૂર્વક આભાર વ્યકત કરુ છું. તથા જે નામી અનામી વ્યકિતઓ મારા કાર્યમાં મદદરૂપ થયા છે તે સર્વનો આભાર વ્યકત કરુ છું.

અંતમાં છાપકામ કરી આપનાર કલ્પેશભાઈ ચુડાસમાનો પણ એટલોજ આભારી છું.

સ્થળ:– ભાવનગર

લખમણ એન. ભોજાણી

તા:–

# અનુક્રમણિકા


| પ્રકરણ | નામ | પાના નંબર |
|---|---|---|
| ૧ | ખરક | ૧–૨૪ |
| | (૧) ખરક જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો વિકાસ | |
| | (૨) ખરક જ્ઞાતિનું રહેઠાણ અને પહેરવેશ | |
| | (૩) ખરક જ્ઞાતિની કલા–સંસ્કૃત્તિ | |
| ૨ | લોકગીત | ૨૫–૪૪ |
| | (૧) લોકગીતની વ્યાખ્યા | |
| | (૨) લોકગીતનાં લક્ષણો | |
| | (૩) લોકગીતનાં પ્રકારો | |
| | (૪) લોકગીતનુ અભિન્ન અંગઃ લગ્નગીત | |
| ૩ | ખરક જ્ઞાતિનાં લગ્નગીતો | ૪૫–૧૦૨ |
| ૪ | લગ્નગીતનાં લક્ષણો | ૧૦૩–૧૧૬ |
| ૫ | ઉપસંહાર | ૧૧૭–૧૩૨ |

પરિશિષ્ટ–૧: સંદર્ભગ્રંથો

પરિશિષ્ટ–૨: રૂબરૂ મુલાકાત

# પ્રકરણ : ૧

# ખરક

૧. ખરક જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો વિકાસ.

૨. ખરક જ્ઞાતિનું રહેઠાણ અને પહેરવેશ.

૩. ખરક જ્ઞાતિની કલાસંસ્કૃતિ.

"કોઈપણ ભાષાક્ષેત્રની લોકવિદ્યાનો પરિચય મેળવવો હોય ત્યારે આરંભમાં જ એ ભાષા કે ભાષાઓના ભાષકોનાં વસવાટનાં ભૌગોલિક ક્ષેત્રને તથા એમાં વસતી વિવિધ જાતિઓનાં ઈતિહાસ અને પરંપરાને જાણવા જરૂરી છે." (૧) આથી આપણે ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો પરિચય કેળવતાં પહેલાં તે જ્ઞાતિની ઉત્પત્તિ અને વિકાસ, રહેઠાણ અને પહેરવેશ તથા વિવિધ કલાઓનો પરિચય કરીશું.

## ૧. ખરક જ્ઞાતિની ઉત્પત્તિ અને તેનો વિકાસ

સામાન્ય રીતે આપણાં દેશમાં પહેલાનાં સમયમાં જાતિઓનો ઈતિહાસ લખવાની પ્રથા ન હતી, પરંતુ વહીવંચા બારોટો જાતિ અને કુટુંબનો ઈતિહાસ ચોપડામાં લખતા. તેઓ જાતિના દરેક ઘરે જઈને નવા જન્મેલા બાળકની નોંધ લેતા, દરેકે દરેક કુટુંબનો એક આંબો ચિતરી આપતા, જેથી દરેક કુટુંબને પોતાનાં વડવા અને તેનાં વડવાની ઓળખ રહે. આ ઈતિહાસ લોકવાર્તાનાં સ્વરૂપમાં મળી આવતો જેથી તેમાં ક્યાંક કલ્પનાનું તત્ત્વ પણ ભળતું.

સુરેશ જે. શેઠ જેવા કલાવિદ્ અને વાલજીભાઈ કામળિયા જેવાએ ખરકજ્ઞાતિનો ઈતિહાસ લખવાનો પ્રયત્ન કર્યો છે. જેને આધારે આપણે ખરકજ્ઞાતિનાં ઈતિહાસની નાનકડી રૂપરેખા જોઈ શકીએ.

ખરકનાં બારોટ ખરકજાતિના ઈતિહાસમાં પૌરાણિક યુગ સુધી પાછા પગલે પહોંચે છે. તેઓનું માનવું છે કે પૈરાણિક યુગ દરમિયાન ખરક લોકો ક્ષત્રિય હતા. તેથી ખરક લોકોનો ઈતિહાસ પૈરાણિક યુગ સુધી કહી શકાય. જ્યારે ભગવાન પરશુરામ ક્ષત્રિયોનો નાશ કરી ધરતીને નક્ષત્રી કરવા માટે મક્કમ હતા, ત્યારે તેઓ જયાં ગયા ત્યાંથી ક્ષત્રિયોને મારી નાખતા હતા. આવા વિપરિત સંજોગોમાં ખરક જાતિ

ભૂલ કરી ગઈ અને તેઓએ પોતાનાં ગામડાઓમાંથી ભાગી જઈને મધ્યપ્રદેશમાં મહાલક્ષ્મી માતાજીનાં મંદિરમાં આવીને માતાજીનો આશ્રય લીધો. પરંતુ ભગવાન પરશુરામ મહાલક્ષ્મીનાં મંદિરમાં પણ ખરક લોકોને શોધતા શોધતા આવી પહોંચ્યા. ત્યારે ગુસ્સે થયેલા પરશુરામને મહાલક્ષ્મી માતાજી એ કહ્યું કે આ લોકો મારે શરણે થયા છે. શરણે થયેલાનું રક્ષણ કરવું એ મારી ફરજ છે અને તેઓ ક્ષત્રિય નહીં પરંતુ મારા "બેનિયા" (ફૂલવેણીથી વાળ શણગારનારાં) અથવા વાણિયા છે. ભગવાન પરશુરામે મહાલક્ષ્મીની વાત માની લીધી અને તેઓ મંદિર છોડીને ચાલ્યાં ગયા. આ બાજુ માતાજીએ કહ્યું કે હવે તમારે ક્ષત્રિયવટું છોડી દેવું જોઈએ. પછી તેના માથા પરથી ઓવારણા લીધા અને તેઓને આશીર્વાદ આપ્યા. આજે પણ આ જ્ઞાતિમાં સ્ત્રી પોતાનાં આગણે આવેલા પિયરિયાનાં ઓવારણા લે છે. ત્યારબાદ માતાજીએ પોતાનાં દસ હાથ વડે કેટલાક લોકોનાં વાળમાંથી અનિષ્ટ તત્ત્વ ઓળીને કાઢી નાખ્યું તેથી આવા લોકો "દશાશ્રીમાળી" તરીકે ઓળખાવા લાગ્યા. જયારે માતાજીએ તેમના વીસે વીસ હાથ વડે કેટલાક જુથનાં લોકોનાં વાળ ઓળી તેમાથી હાનિકારક તત્ત્વો દૂર કર્યા તેથી તેઓ "વીશા શ્રીમાળી" તરીકે ઓળખાતા થયા. કેટલાક લોકોએ માતાજીનાં કપાળ પર લાલ ચાંદલો કર્યો તે વખત જતા "કપોળવાણિયા" તરીકે ઓળખાયા. આ ઉપરાંતના કેટલાકે તેમને મુગટ પહેરાવ્યો તે પછીથી "મોઢવાણિયા" તરીકે જાણીતા થયા. આજે પણ આ દશાશ્રીમાળી, વીશાશ્રીમાળી, કપોળ અને મોઢવાણિયા કાઠિયાવાડમાં સારી એવી વસ્તી ધરાવે છે.

માતાજીએ આ જાતિને ઝડપી સ્થળાંતર કરવા એક રથ આપ્યો અને કહ્યું કે જયાં આ રથનું પૈડું પડી જાય ત્યાં તેઓએ શહેર વસાવવું અને તેનુ નામ પંપાપુર રાખવું. ડો. સુરેશ શેઠ આ રથને એક ભાવપ્રતીક ગણાવે છે અને તેઓ લખે છે કે "રથની વાત મૂકી બારોટ કલ્પનાને નવો વળાંક આપી આગળ જણાવેલી

જાતિઓનું સ્થાન પણ સમાજમાં ઊંચુ બતાવવા માગે છે જોકે બારોટની વાર્તા રથનાં પ્રતીકાત્મક ઉપયોગથી વધુ રસપ્રદ બને છે. રથ સ્થળાંતરનાં મુખ્ય સાધન તરીકે પણ પ્રતીક બને છે."(૨)

આ લોકો ઘણા વર્ષો સુધી પંપાપુરમાં રહ્યાં અને માતાજીએ કહ્યાં પ્રમાણે જીવનમાં આલંકારિક અભરાઈ ઘરમાં ન રાખવી, કોઈ પ્રકારનું વાજિંત્ર વાપરવું નહી, પોતાનાં પશુઓનાં ગળામાં ઘંટડી બાંધવી નહી, બાળકોનાં કાન વિંધાવવા નહી. વગેરે વ્રતો રાખી તેને અનુસર્યા છે.

આ પંપાપુર શહેરમાંથી અમુક લોકો ભીન્નમહાલશહેર (રાજસ્થાન) જઈ વસ્યાં. તેઓ ત્યાં ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરતા હતા. આ ભીન્નમહાલ પ્રદેશમાં વારંવાર દુષ્કાળ પડવાથી ખેતી છોડવી પડી. પછી તેઓએ વણજારાનો વ્યવસાય સ્વીકાર્યો અને ઊંટ ઉપર સામાન રાખીને એક જગ્યાએથી બીજી જગ્યાએ પોઠા ફેરવવા લાગ્યા. આ સૈકામાં ભીન્નમહાલની ગાદી પર પરમાર વંશના છેલ્લા મહાપ્રતાપી રાજા વચ્છરાજનું રાજય હતું. આ વંશનાં ગાદિપતી રાજા નાગભદ્ર ઉપર યુવાનોનાં મોટા સમૂહે આક્રમણ કર્યુ અને તે રાજય જીતી લીધું અને બધી સંપત્તિ લૂટી ગયા આમ દુષ્કાળ અને લૂંટનાં પરિણામે ઊંટ ઉપર વ્યાપાર કરવાનાં બદલે મોવડીઓએ ગધેડાની પીઠ પર ગુણો રાખી વણજારાનો ધંધો શરૂ કર્યો અને ઉજજૈનનાં સીમાડે પહોચ્યા. આ વચ્છરાજનાં રાજયમાં ખરક લોકો સુખી હતા. તેથી આજે પણ વચ્છરાજની યાદમાં સોલંકી પરિવાર વાછડાવીરની પૂજા કરે છે.

ઉજજૈનનાં શહેરમાં વર્ષોથી દશાશ્રીમાળી અને વીશાશ્રીમાળી રહેતા હતા અને તેમને ખબર પડી કે, તેમનાં જાતિભાઈઓએ ગામને પાદરે આવીને પડાવ નાખ્યો છે, તો તેઓ ને થયું કે ખરક લોકોને જમવા બોલાવવા જોઈએ. તેથી ઉજજૈનનાં વીશાશ્રીમાળી, અને દશાશ્રીમાળી યુવાન વાણિયાઓ જમવાનું આંમત્રણ આપવા ગયા.

જયારે આ યુવાનોએ ખરક જાતિનાં માણસો સાથે ગધેડાઓને જોયા ત્યારે આશ્ચર્ય થયું અને સહજ મજાકમાં કહ્યુ કે " ઓ ખરહંકા (ગધેડા ચલાવનાર) અમારે ત્યાં જમવા આવજો." આ રીતનાં સંબોધનથી ખરક લોકોને માઠુ લાગ્યું. તેઓને થયું કે અમોને "શેઠ" કે "શાહુકાર" કહીને માનથી સંબોધવા જોઈતા હતા. આ તો આમારું અપમાન થયું ગણાય. ખરક જાતિએ ઉજજૈનનાં દશાશ્રીમાળી અને વીશાશ્રીમાળી વાણિયા સાથે પોતાનાં સામાજિક સંબંધો તોડી નાખ્યા. બારોટનાં માનવા પ્રમાણે ખરક જાતિ ઉજજૈનનાં દશાશ્રીમાળીથી જુદી જાતિ તરીકે રહી. આ રહેઠાણનાં સમય દરમ્યાન તેઓએ એક શંકરમંદિર પણ બંધાવ્યુ. "ખરહંક" માંથી "ખરક" નામ જાતિ માટે ઓળખ તરીકે કાયમી થઈ ગયું. હાલમાં ભાવનગર જીલ્લામાં અને સૌરાષ્ટ્રમાં આ જાતિ 'ખરક' તરીકે ઓળખાય છે.

તેઓનાં બારોટનાં વર્ણન પ્રમાણે વિક્રમ સંવત – ૨૩૫ માં ઉજજૈનનાં સીમાડેથી ખરકકોમ નીકળી મધ્યપ્રદેશનાં બીજા શહેર પિરોજપટ્ટનમમાં આવીને વસી. ત્યાં તેઓ ઘણા વર્ષો રહ્યાં. અહીંથી તેઓ અમદાવાદ જીલ્લાનાં ધોળકા ગામમાં આવીને વસ્યા.

અહીં ખરક જાતિની સમગ્ર જીવનશૈલી બદલાઈ ગઈ. તેઓએ વ્યવસાયક્ષેત્રમાં, સામાજિકજીવનમાં અને વેશ – પહેરશમાં નવો અભિગમ અપનાવ્યો. ખરકોએ ધોળકાનાં કણબી અને ગુર્જરસુથારો સાથે રોટી વ્યવહાર શરૂ કર્યો. ખરક જાતિનાં લોકો કણબી પાસેથી ખેતીની કળા શીખ્યા અને સફેદ ફેટાને બદલે લાલરંગનાં ફેટા પહેરવાનું શરૂ કર્યું. તેઓ હવે જૈન વાણિયા મટી ને સંપૂર્ણપણે ખેડૂત થયા ને હવે તેઓ હિન્દુ ખેડૂતો બન્યા. આ પહેલા જયારે તે વણજારા હતા ત્યારે જૈન વાણિયા હતા. ખરક સ્ત્રીઓએ કણબી અને ગુર્જર સુથાર સ્ત્રીઓ પાસેથી ભરતકામની કળા અને અન્ય હસ્તકલાઓ શીખી લીધી. તેઓએ વિધવા લગ્નપ્રથાનો સ્વીકાર કર્યો.

આ બધા મહત્વનાં ફેરફારો વિક્રમ સંવત ૮૮૨ માં થયા હોવાનું બારોટો માને છે. ત્યારબાદ ખરક લોકો સૌરાષ્ટ્રનાં પાલિતાણા બાજુના ગારિયાધાર ગામમાં અને તેની આજુબાજુનાં ગામડાંમાં વિક્રમ સંવત ૧૩૧૫ માં આવીને વસ્યા. ખરક જાતિએ ગારિયાધારની બાજુમાં આવેલ પરવડી ગામમાં એક વાવ પણ બંધાવી હતી.

બારોટનાં કહેવા પ્રમાણે આ સમય દરમિયાન દિલ્લીમાં મહંમદ તઘલખનું રાજ્ય હતું. તેનો સુબેદાર દરેક પ્રાતમાં મહેસુલ ઉઘરાવવા જતો. મહંમદ તઘલખનાં સુબેદારને ગારિયાધારનાં તે સમયનાં રાજા લાખાજી કાંધાજી (બીજા) મહેસુલ આપી શકયા નહીં, કારણકે ગારિયાધારનાં પ્રદેશમાં વારંવાર દુષ્કાળ અને અનાવૃષ્ટિને કારણે ખેડૂતો મહેસૂલ આપી શકે તેમ ન હતા. તેથી ગારિયાધાર રાજયની તિજોરીમાં પણ દિલ્હીના બાદશાહને આપવાનાં પૈસા ન હતા. તેથી દિલ્હીનો સુબેદાર ગારિયાધાર રાજયમાં રહેતી અને ખેતી કરતી આયર, ઔદિચ્ય બ્રાહ્મણ, ખરક જેવી કોમને બાનમાં પકડી દિલ્હી લઈ જવા રવાના થયો.

રસ્તામાં આયર જાતિએ સૂબેદારને સારી એવી રકમ આપીને બાનમાંથી છૂટકારો મેળવ્યો. ત્યારબાદ તેઓ જસદણ, પાળીયાદ અને બોટાદ આજુબાજુમાં વસ્યાં. આ જ રીતે ઔદિચ્ય બ્રાહ્મણોએ પણ સુબેદારને માતબર રકમ આપીને પોતાની જાતિની મુકિત મેળવી. તેઓ હાલના રાજસ્થાનનાં પાલી શહેર આસપાસ વસ્યા. પરતું હમેશા એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા ખરકો પાસે કોઈ મોટી રકમ ન હતી. બારોટનાં કહેવા પ્રમાણે આ ઘટના વિક્રમ સંવંત ૧૪૪૨ માં બની હતી. સુબેદાર ખરક જાતિને બાન પકડી દિલ્હી લઈ આવ્યો. મહંમદ તઘલખે હુકમ કર્યો કે, મહેસુલની રકમ ખરક લોકોએ છ મહિનામાં ભરી આપવાની રહેશે અને તેના માટે પણ સલ્તનતનાં કાજી પાસે કોઈ વગવાળી વ્યકિતની જામીનગીરી આપવાની રહેશે. ખરકનાં વડીલોએ ભેગા મળીને આ મુશ્કેલીમાંથી કેમ

પાર ઉતરવુ તેની વિચારણા કરી. સૌથી પહેલા તેઓએ ભીન્નમહાલ પ્રદેશમાં રહેતા દશાશ્રીમાળીના ગોરને સંદેશો મોકલાવ્યો કે જો ગોર તેમને બાદશાહની તાબેદારીમાંથી મુક્ત કરાવશે તો ખરકો તેમને પોતાનાં ગોર તરીકે સ્વીકારશે. આમ પણ ઉજ્જૈનમાં રહેતા દશાશ્રીમાળી સાથેનો સંબંધ તોડ્યા પછી ખરક જાતિનાં કોઈ ગોર રહ્યાં ન હતા. હવે ભીન્નમહાલ પ્રદેશનાં ગોર પાસે દશાશ્રીમાળી જાતિનું ગોરપદુ હોવાથી અહીનાં ગોરને ખરક જાતિની મુકિતમાં રસ પડ્યો નહીં. આખરે ખરકોએ સૌરાષ્ટ્રનાં રાજકોટમાં રહેતા ચંદ્રભાણ બારોટને સંદેશો કહેવરાવ્યો કે, જો બારોટ તેઓને બચાવશે તો બારોટનાં બધા જ હક્કો ખરક જાતિ સ્વીકારશે.

ચંદ્રભાણ બારોટને મોટું કુટુંબ હતું, તેને સાત દીકરા અને સાત દીકરીઓ હતી. આ બહોળા કુટુંબે નિર્ણય કર્યો કે, ખરકજાતિ ને બચાવવા તેઓ દિલ્હી જશે. દિલ્હી તરફ જતા ચંદ્રભાણ બારોટને બાવા, અતીત, તરગાળા, સાધુ વગેરે મળ્યા અને તેઓએ પણ ખરકને બચાવવા ચંદ્રભાણને મદદરૂપ થવા તૈયારી બતાવી. જયારે આ જૂથ દિલ્હી પહોચ્યું ત્યારે કોટવાળે કિલ્લાનાં દરવાજા બંધ કરાવી દીધા. બારોટે, તેમની પત્નીએ અને તેઓની સાથે આવેલા બધાએ ઉપવાસ શરૂ કર્યા. તેઓનાં ઉપવાસ સાત દિવસ સુધી ચાલુ રહ્યાં. આઠમે દિવસે આ લડત વધુ તીવ્ર બની. કેટલાક લોકોએ દિલ્હીનાં દરવાજા પાસે અગ્નિસ્નાન કર્યુ. ચંદ્રભાણ બારોટનાં સાતેય દીકરાઓએ આત્મસમર્પણ કરી દીધું. તેઓનાં માથાઓનો હારડો(હાર) કિલ્લાનાં દરવાજા પર લટકાવામાં આવ્યો. તેઓની સ્ત્રીઓએ પોતાનાં બાળકો ફેંકયાં, જે કિલ્લા પરથી અંદરનાં શહેરીવિસ્તારમાં પડયાં. દિલ્હી શહેરમાં રહેતા નગરજનોમાં આ હિંસાથી હાહાકાર મચી ગયો. નગરજનોનાં મોવડીઓને જણાયુ કે, આ રીતે નિર્દોષ ખરક અને તેના બારોટ લોકોનાં બલિદાનથી દિલ્હી શહેર પર કોઈ આફત જરૂર આવશે. આ રીતની હિંસા અને લોહી રેડાવું એ દિલ્હીનાં ભવિષ્ય માટે સારું નથી.

દિલ્હીના મહાજને ભેગા થઈને નિર્ણય કર્યો કે, તેઓએ બાદશાહને મળીને ખરક લોકોની મુશ્કેલી સમજાવવી જોઈએ તેમજ તેનાં પ્રશ્નોનો નિકાલ કરવો જોઈએ. મહાજને બાદશાહને વિનંતી કરી કે, દિલ્હીનાં દરવાજા પાસે બારોટનું લોહી રેડાયું છે. આ જાતની હિંસાથી દિલ્હી શહેર અને રાજયને નુકસાન થશે. આમ પણ ખરક જાતિને ભૂતકાળમાં અનેક સંકટોનો સામનો કરવો પડયો છે. બાદશાહનું હૃદય દ્રવિત થયું અને તેણે ચંદ્રભાણ બારોટને રાજદરબારમાં બોલાવી ખરક જાતિને બાનમાંથી મુક્તિ આપી તેમજ પોતાનાં પ્રદેશમાં જવા માટે પૈસા આપ્યા.

ખરક લોકોએ મનોમન નક્કી કરી નાખ્યું હતું કે, તેઓ હવે ફરીવખત ગારિયાધાર અને આજુબાજુનાં ગામડાઓનું પાણી પણ નહીં પીએ કારણકે ત્યાનાં રાજાએ મુશ્કેલીમાં ખરકોની મદદ કરી નથી. ગારિયાધારની ભાગોળે તેઓએ એક પાળિયો કોરીને મૂકયો. જેમાં એક ગધેડાને ગધેડી સાથે સંભોગ કરતી આકૃતિ કોતરી. મધ્યકાલીન યુગમાં જયારે કોઈ રાજા, નગરશેઠ કે ધનવાનનું અપમાન કરવું હોય ત્યારે આવો પાળિયો કોતરીને ઘરની બાજુમાં કે શહેરની ભાગોળમાં મુકવાની પ્રથા હતી. આ પાળિયાને 'ગધેડાગાળ' તરીકે ઓળખવામાં આવતી. ખરક જાતિએ ભાવનગર રાજયનાં તળાજા ગામની આજુબાજુનાં વિસ્તારમાં રહેવાનુ પસંદ કર્યુ. તે સમયમાં આ પ્રદેશ પર વાજારાજા ગજરાજસિંહજી રાઠોડનું રાજય હતું. વાજારાજા ગજરાજસિંહને કસબી ખેડૂતોની જરૂર હતી. તેથી તેણે ખરક ખેડૂતોને પોતાનાં નાના રાજયમાં રહેવા અને સ્થાયી થવા કહ્યું. રાઠોડ રાજાએ સૌપ્રથમ ખરકોને ઊંચડી ગામ અને તેની આજુબાજુ રહેવાની રજા આપી. ખરકોએ તેમના બારોટ માટે પણ રાજા પાસેથી જમીનની માંગણી મૂકી. રાજાએ આ માંગણીનો પણ સ્વીકાર કર્યો અને ખરકનાં બારોટોને પણ પિથલપુર ગામમાં જમીન મળી. આજે પણ આ પિથલપુરમાં જે

બારોટોએ ખરકોને બચાવવા દિલ્હીનાં પાદરમાં આત્મસમર્પણ કર્યુ હતુ તે બારોટોની રણખાંભી (નાના કોતરકામ વગરનાં પાળિયા) મોજુદ છે.

ત્યારબાદ ખરક જાતિનાં વડીલોએ દરેક અટકનાં સમુદાયમાંથી એક - એક વ્યકિતની પસંદગી કરી અને જે ખરકોએ દિલ્હીમાં મુકિત માટે શહાદત આપી હતી. તેઓની રાખ અને ફૂલ પધરાવવા માટે યુવાન ખરકોને પ્રભાસપાટણ મોકલ્યા. આ જુથે પ્રભાસપાટણ (જુનાગઢ) પહોંચી શહીદોની રાખ અને ફૂલ પાણીમાં પધરાવ્યા. તે પછી તેઓએ દ્વારકા, પુરી, બદ્રીનાથ અને કાશીની યાત્રા કરી. આ યાત્રા કરી પાછા ફરી રહ્યા હતા ત્યારે હળવદ (સુરેન્દ્રનગર જીલ્લો) ગામે ઈચ્છામલિયા બ્રાહ્મણોને ત્યાં રાતવાસો કરવા રોકાયા. વાતચીતમાં ખરકોએ પોતાની સમગ્ર આપવિતિ બ્રાહ્મણોને કહી અને તે પણ વાત કરી કે, તેઓને શ્રીમાળી ગોર બ્રાહ્મણોએ દુઃખના સમયે મદદ કરી નહી. તેથી તેઓને શ્રીમાળીનાં ગોર બ્રાહ્મણોનાં હકકો હવે જાતિ પર રાખ્યાં નથી. આ વાત સાંભળીને ઈચ્છામલિયા બ્રાહ્મણોએ ખરકો પાસે પ્રસ્તાવ મુકયો કે, ખરકો જો તેઓને ગોર તરીકે સ્વીકારવા તૈયાર હોય તો તેઓ એમનું ગોરપણું કરશે. ખરકે આ વાત આદર અને પ્રેમપૂર્વક સ્વીકારી. શાસ્ત્રીયવિધિ પ્રમાણે ખરકોએ ઈચ્છામલિયા બ્રાહ્મણોની પૂજા કરી તેઓને ગોર તરીકે સ્વીકારી વતન તરફ પાછા ફર્યા.

વતનમાં આવ્યાં પછી ખરક લોકોએ ઊંચડી ગામે વસવાટ શરૂ કર્યા. ઈ.સ. ૧૬૩૦ની આસપાસ ભયંકર દુષ્કાળ પડયો. ત્યારે રૈયતને પેટ પૂરતું મળી રહે તેવો બંદોબસ્ત થયો હતો. જેથી આ જાતિને આર્થિક સહાય મળી અને તેમણે તેમાંથી ઊંચડી ગામે તળાવ બંધાવ્યુ. આ તળાવના કાંઠે હનુમાનજીની સ્થાપના કરી. જે આજે પણ મોજુદ છે.

ધીમે ધીમે ખરક લોકોનાં નાના-નાના સમુદાયો પશ્ચિમ દિશામાં ફળદ્રુપ જમીનની શોધમાં આગળ વધ્યા અને તેઓ મહુવા ગામ અને તેની આજુબાજુનાં

ગામડાઓમાં ઠરીઠામ થયા. બીજા કેટલાક ખરક ખેડૂતો તળાજા ગામ અને તેની આજુબાજુ જઈને વસ્યા. કેટલાંક ખેડૂતો તળાજા તરફ પૂર્વ દિશામાં આગળ વધ્યા અને ઘોઘા તથા ભાવનગર તાલુકાનાં અમુક ગામડાઓમાં જઈને વસ્યાં. આજે શિક્ષણ, વ્યવસાય જેવા કારણોને લીધે આ જ્ઞાતિએ વિદેશ સુધી પોતાનો વસવાટ સ્થાપિત કર્યો છે.

આમ ખરક જ્ઞાતિ નો ઈતિહાસ વિવિધતાવાળો અને રસપ્રદ જણાય છે. આ ઈતિહાસ પરથી કેટલીક ઘટનાઓને સમર્થન મળે છે. ખરક લોકો પહેલા વાણિયા હતા અને રાજસ્થાનનાં ભીન્નમહાલ પ્રદેશમાં રહેતા હતાં. તેઓ વેપાર કરતા હતાં. દુષ્કાળ અને અન્ય કારણોને લીધે તેઓને અનેક વાર સ્થળાંતર કરવું પડયું હતું. સમય જતા તેઓએ ખેતીનો વ્યવસાય સ્વીકાર્યો. તેઓ સ્વભાવમાં લડાયક અને બીજા પર હુકમ ચલાવવાની વૃત્તિવાળા નથી. હજુ પણ ખરકનાં કેટલાક સમુદાયોની શાખ કાપડિયા, વળિયા છે. આવી શાખ દશાશ્રીમાળી, વીશાશ્રીમાળી અને કપોળવાણિયામાં પણ હોય છે. ખરકે મહાલક્ષ્મી માતાને પોતાની દેવી ગણી છે. વાણિયા – જેવાકે વીશાશ્રીમાળી અને દશાશ્રીમાળી પણ મહાલક્ષ્મી માતાજીને માને છે. બારોટોના વૃતાંતમાં પણ મધ્યપ્રદેશમાં મહાલક્ષ્મી માતાજીની વાત આવે છે. આજે પણ મહાલક્ષ્મી માતાજીનું મંદિર ઠળિયા અને મહુવા જેવા વધારે વસ્તી ધરાવતા ખરકનાં ગામોમાં મોજુદ છે.

## ૨. ખરક જ્ઞાતિનું રહેઠાણ અને પહેરવેશ.

ખરક જ્ઞાતિ ભાવનગર જિલ્લામાં લગભગ – ૨૦૦ વર્ષથી જ આવીને વસી છે. તેથી તેને આપણે આવેતુ જાતિ તરીકે ઓળખીશું. આ ખરક લોકો ભાવનગર શહેરથી શરૂ કરીને મહુવાની બાજુનાં મોરંગી ગામ સુધી દરિયાકિનારાની અડોઅડ આવેલી લગભગ – ૭૦ માઈલ લાંબી અને ૭ માઈલ પહોળી જમીનની સાંકડી પટ્ટીમાં

૬૦ ગામડાઓમાં મોટેભાગે વસ્યા છે. તેનાં કેટલાંક કારણો પણ હોઈ શકે. આ પ્રદેશ પ્રમાણમાં સપાટ છે. જિલ્લાનાં અંદરનાં તાલુકાઓ કરતા આ પટ્ટીમાં વરસાદ સારો પડતો હોય છે. શેત્રુંજી, બગડ અને માલણ જેવી નદીઓ આ પ્રદેશમાંથી પસાર થઈને ખંભાતનાં અખાતને મળે છે. આ નદીઓ પર બંધ બંધાયા છે અને તેના કારણે નહેરનાં પાણીનો લાભ ખરક ખેડૂતોને સારો એવો મળ્યો છે. તેઓ વર્ષમાં ત્રણ પાક લેવા કાળી મજૂરી કરી જાણે છે. તેથી હવે ભાવનગર જિલ્લાનાં સમૃધ્ધ ખેડૂતો બન્યા છે. આ ખરક નીચેનાં ગામડાઓમાં વસવાટ કરે છે.

**તળાજા તાલુકો**

૧. ઠળીયા, ૨. દાઠા, ૩. ઝાંઝમેર, ૪. પિથલપુર, ૫. ખંઢેરા,
૬. સખવદર, ૭.લીલીવાવ, ૮.દકાના, ૯.તરસરા, ૧૦.સથરા,
૧૧.બપાડા, ૧૨.દેવલી, ૧૩.રાજપરા, ૧૪.ભદ્રાવળ, ૧૫.હાજીપર,
૧૬.હમીપરા, ૧૭.બોરડા, ૧૮.કુંડવી, ૧૯.મણાર, ૨૦. તળાજા,
૨૧.કુંઢડા, ૨૨.ત્રાપજ, ૨૩.ગોપનાથ, ૨૪.રેલ્યા, ૨૫.સાંખડાસર,
૨૬.પાદરગઢ, ૨૭.રાળગોન, ૨૮. પાદરી

**મહુવા તાલુકો**

૧.ભાદ્રા, ૨.લખુપરા, ૩.કુંભણ, ૪.તરેડ, ૫.ખાટસુરા,
૬.ભાદ્રોડ, ૭.નૈપ, ૮.વડલી, ૯.કળસાર, ૧૦.માળવાવ,
૧૧.રાણીવાડા, ૧૨.મહુવા, ૧૩.ધરાઈ, ૧૪.ગુંદરણા, ૧૫.વાલાવાવ.
૧૬.તલગાજરડા ૧૭.ઉમણયાવદર

**ઘોઘા તાલુકો**

૧.સાણોદર, ૨.ભંડારીયા, ૩.ઉખરલા, ૪.વાળુકડ, ૫.તણસા, ૬.ભીકડા,

૭.સિદસર, ૮.વાવડી, ૯.મોરચંદ, ૧૦.થોરડી, ૧૧.અવાણિયા,

**ભાવનગર તાલુકો**

૧.ભુંભલી,

**અમરેલી તાલુકો**

૧.મોરંગી

**સિહોર તાલુકો**

૧.થોરાળી

## ❖ ખરક લોકોનાં મકાનો

સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં રહેતી અન્ય ખેતી કરતી જાતિ જેવીકે કણબી, આહિર, રાજપૂત વગેરેનાં મકાનોથી ખરક જ્ઞાતિનાં મકાનો દેખાવમાં અને બાંધણીમાં જુદા પડતા નથી. પરંતુ તેઓ વધારે પૈસાદાર હોવાથી, ખેતી કે પશુપાલન સાથે જ સંકળાયેલા હોવાથી તેમનાં ઘર મોટા હોય છે. ખરક લોકોનાં મકાનોનાં મુખ્ય વિભાગો નીચે મુજબ છે.

ડહેલો અથવા દરવાજો, દરવાજાની બંને બાજુએ ઓરડો, ફળિયાની દિવાલો, ગમાણ, ગમાણ પર બાંધવામાં આવતો મેડો જે અન્ય જગ્યાએ પણ હોઈ શકે, ઘરની બંને બાજુની દીવાલો, પરસાળ અથવા ઓસરી, ફળિયું, ઓરડા, રસોડું કયારેક રસોડું ઓરડાની અંદર પણ જોવા મળે છે.

ખરક ખેડૂતોનાં કેટલાંક મકાનો બે માળનાં હોય છે. ધનિક ખરક ખેડૂતો મોટા મકાનો બાંધે છે. જેમાં એક જ હારમાં બાર જેટલા ઓરડાઓ પણ જોવા મળે છે. લગ્ન પ્રસંગે મકાનની દીવાલો આળેખ અને રંગીન ચિત્રોથી સુશોભિત કરવામાં આવે છે. ધાર્મિક તહેવારો અને વ્રતનાં દિવસો પર કેટલાક ધાર્મિક પ્રતીકાત્મક ચિત્રો ઘરનાં પાણિયારા કે ઓસરીની દીવાલો પર દોરવામાં આવે છે.

સામાન્ય રીતે ખરક ખેડૂતોનાં મકાન પૂર્વ દિશા સામે આવે તે રીતે બાંધવામાં આવે છે. મકાનોની રચના લંબચોરસ જોવા મળે છે. આ મકાનો પહેલાનાં સમયમાં કાચી ઈંટોથી ચણવામાં આવતા આજે તેના સ્થાને સિમેન્ટ–કોંક્રેટનો તથા ચૂનાનો વપરાશ વધતો જાય છે.

## ❖ ખરક લોકોનો પહેરવેશ

ખરક દેખાવમાં મધ્યમ અને ઘઉવર્ણા છે. ખેતીકામ કરતી અન્ય કોમની જેમ તેઓનું શરીરસૌષ્ઠવ સુંદર અને ઘાટીલું તથા ચહેરાઓની લાક્ષણિકતા સુંદર હોય છે.

ખરક પુરુષોનો પહેરવેશ ખેતી કરતી બીજી કોમથી બહુ જુદો પડતો નથી. ખરક પુરુષો ધોળા રંગનું કેડિયું, ચોરણી અને માથે ફેટો પહેરે છે. તે મોટાભાગે સુતરાઉ કાપડનાં હોય છે. સામાન્ય રીતે ખરક પુરુષો બહાર જાય છે ત્યારે ખભા પર પછેડી નાખે છે.

ખરક સ્ત્રીઓ ગાંઠવાળીને પહેરી શકાય તેવો નાડી વગરનો ચણિયો પહેરે છે. આવા ચણિયાનાં નીચેનાં ભાગ ઉપર ભરતકામ ભરેલું હોય છે. તે મોટે ભાગે ઘેરો લાલ કે કથ્થાઈ રંગનો જ હોય છે. ખરક સ્ત્રીઓ સાડલા પહેરે છે. યુવાન

કન્યાઓ ઓઢણી કે પછેડો ઓઢે છે. વિધવા થયેલ સ્ત્રી ભરત ભરેલા ચણિયા પહેરતી નથી.

ખરક સ્ત્રીઓ ગળામાં વિવિધ પ્રકારના જેવા કે બીજ, મગમાળા, માદરડી, એકદાણિયું, કંઠી, પેંડલ જેવા હાર પહેરે છે. કાનમાં ઠોળિયા, વેઢલા અને ફૂલ જેવા જુદી જુદી જાતના 'બુટિયા' પહેરે છે. પગમાં છડા–ઝાંખર કે કરડા પહેરે છે. તેમજ હાથમાં વીટી કે બલોયા પહેરે છે. આ ઘરેણા સોના અથવા રૂપાનાં હોય છે.

પુરુષો પણ કેટલાક દાગીના પહેરે છે. સ્ત્રીઓની સરખામણીમાં તે ઘણા ઓછા હોય છે. તેઓ પહેલાનાં સમયમાં હાથમાં સરલિયા, કમ્મરે કંદોરો પહેરતા. આ ઉપરાંત સારા પ્રસંગે શર્ટ પર સોના કે રૂપાનાં બટનનો 'સટ' પહેરે છે.

પહેલાનાં સમયમાં ખરક સ્ત્રીઓ પોતાનાં શરીરને છુંદણાથી સુશોભિત કરતી. આ છુંદણા દાઢી, ગાલ, હથેળી, કાંડા કે ગળાનાં ભાગ ઉપર ત્રોફાવવામા આવતા. સ્ત્રીની સરખામણીએ પુરુષો છુંદણા ઓછા ત્રોફાવતા. આ છુંદણામાં સાંકળી, ફૂલ, વેલ ઉપરાંત પોતાનાં દેવ–દેવીનાં પ્રતીકો પણ જોવા મળતા. આજે છુંદણાઓ લુપ્ત થવાની અણી ઉપર છે.

## ૩. ખરક જ્ઞાતિની કલા – સંસ્કૃતિ

"ખરકની કમાણી ભરતમાં સમાણી" – આ કહેવત ભાવનગર જિલ્લાનાં દરિયાકિનારાનાં પ્રદેશમાં પ્રચલિત છે. આ કહેવત ઘણી અર્થસભર છે. ખરક જાતિમાં ભરત–ચિતર માટે આગવો પ્રેમ છે. તેઓ લગ્ન અને આણાનાં પ્રસંગે ભરત માટે ખૂબ ખર્ચ કરે છે. આવા પ્રસંગોએ ભીંતો પર આળેખ અને ચિતર પણ દોરે છે.

ખરક લોકો એના ભરત–ચિતર માટે સમગ્ર ભાવનગર જિલ્લામાં જાણીતા બન્યા છે. ખાસ કરીને ભરતમાં ભરાતા પ્રાણીઓનાં વિવિધ ભાત–પ્રતીકો નારીની સર્જનાત્મક શકિતનો પરિચય કરાવે છે. સૌથી આશ્ચર્યની વાત એ છે કે પ્રાણીઓનાં ભાત–પ્રતીકો પહેલાનાં કાઠી અને મોચી ભરતકામમાં મળી આવે છે. પરંતુ છેલ્લે સિત્તેર વર્ષમાં પક્ષીઓ અને પ્રાણીઓનાં ભાત–પ્રતીકો બીજી કોમમાં પ્રમાણમાં ઓછા જોવા મળે છે. ખરક જ્ઞાતિની કલાને ડો. સુરેશ જે. શેઠ નીચે મુજબ વર્ગીકૃત કરે છે.

- ચિત્રો

૧. સાદા ધાર્મિક અને પ્રતીકાત્મક રેખાંકનો

૨. પીળી ભીંત ઉપર ધોળા રેખાંકનો જે 'આળેખ' તરીકે ઓળખાય છે.

૩. ધોળી ભીંતોપર રંગથી કરાતાં રેખાંકનોને 'ચિતર' કહે છે.

- ભરત

૧. ગૃહ શણગારનાં નમૂનાઓ : તોરણ, બારસાખિયા, ચિતરિયા, ચાકળા. ટોડલિયા, ગોળતકિયા, પડદા....

૨. પશુઓના શણગાર – બળદોની ઝૂલ કે ઘોડાની ધૂધી.

૩. માનવ પોષાક – કપડા, ચણિયા, નાના બાળકની બંડી.

- માટીકામ

માટીમાંથી બનાવેલી કોઠીઓ, રસોડામાં રખાતો કોઠલો, ચૂલો.

- હુન્નરકલા

કોટન વેસ્ટમાંથી વિવિધ પ્રકારનાં દોરડાં બનાવવાની કળા.

આ ઉપરાંત તેઓ ગ્રામીણ પ્રદેશના સુથાર, લુહાર, કુંભાર, વણકર, સોની. કંસારા, કડિયા, વગેરે હસ્તકલાકારોની કલાત્મક વસ્તુઓ ખરીદીને પ્રોત્સાહિત કરે છે.

## ⇒ ભીંતચિત્ર

ખરક સ્ત્રીઓ ત્રણ પ્રકારનાં ચિત્રો કરે છે. (૧) ધાર્મિક–પ્રતીકાત્મક ચિત્રો (૨) ઘરની પીળી ભીતો પર ધોળાં ચિત્રો–આળેખ અને (૩) ઘરની ધોળી ભીતો પર રંગીન ચિત્રો

### (૧) ધાર્મિક – પ્રતીકાત્મક ચિત્રો

સામાન્ય રીતે કંકુથી, ચિંદુરને તેલમાં મેળવી, કે પછી અન્ય રંગોથી આ પ્રકારનાં ચિત્રો દોરવાનો મુખ્ય આશય ઘરમાં વધારે સમૃધ્ધિ આવે, કમાણીમાં બરકત રહે, મબલગ પાક ખેતરોમાં થાય તે હોય છે.

આ પ્રકારનાં ચિત્રોમાં સાથિયો (સ્વસ્તિક) ત્રિશુળ, લાડવા, પ્રભુનાપગલા કે લાભ–શુભ જેવા લખાણો વિશેષ જોવા મળે છે. આ ચિત્રો દરવાજાની બંને બાજુએ મુખ્ય ઓરડાનાં પ્રવેશદ્વાર ઉપર, ઊંબરઉપર, પાણિયારાની દિવાલે કે પછી ઘરનાં પ્રવેશદ્વારે દોરવામાં આવે છે.

ખરક ખેડૂતો સારો વરસાદ થાય ત્યારે ખેતરમાં વાવણી કરવા જાય છે. ત્યારે તેમનું મુખ્યસાધન કે ઓજાર ઓરણી હોય છે. આ ઓરણી ઉપર ચાંદલા કરી, સ્વસ્તિકનું ચિત્ર ચિતરવામાં આવે છે. અને બળદોને ગુલાલ છાંટવામાં આવે છે.

ખરક સ્ત્રીઓ કે પુરુષો નાગપાંચમને દિવસે ઉપવાસ રાખે છે અને ભુલમાં પણ તેનાં સાધનો વડે નાગ કપાઈ ન જાય તેનું ધ્યાન રાખે છે. નમતી સાજે

તેને કુલેરનો પસાદ ધરવામાં આવે છે અને પાણિયારાની દીવાલ પર લાલ કે કાળા રંગ વડે નાગદેવતાનાં પતીકો દોરવામાં આવે છે. તેમાં સળવળાટ કરતા ઉપરથી નીચે આવતા સર્પ જોઈ શકાય છે. આ સર્પ મોટે ભાગે એકી સંખ્યામાં એટલે કે એક, ત્રણ, પાંચ, સાત... એવી સંખ્યામાં જ જોવા મળે છે. તે ગામ લોકો માને છે કે નાગદેવતા અખંડ છે. બેકી નંબરમાં દોરવાથી વિભાજીત થાય છે. દેવતા કદી વિભાજીત હોતા નથી.

અખાત્રીજનાં દિવસે પાણિયારા ઉપર કાકાબળિયાનું ચિત્ર દોરવામાં આવે છે. જેમાં બે માનવ આકૃતિઓ, પારણિયું, સ્વસ્તિક વગેરે જોવા મળે છે. તેમને રૂ માથી બનાવવામાં આવેલ નાગલાથી સુશોભિત કરવામાં આવે છે. આ પ્રતીકો અન્ય કોમોમાં પણ જોવા મળે છે.

આ ઉપરાંત દિવાળી કે બેસતાવર્ષ જેવા પ્રસંગોએ સવારમાં વહેલા ઘરનાં ઊંબરે કે દરવાજે ચિરોડી કે પાકારંગોથી આજે પણ ચિત્રો દોરવામાં આવે છે. જે ચિત્રો દોરવાનું કામ મોટેભાગે સ્ત્રીઓજ કરે છે. ખરક કોમ વધુ રૂઢિચૂસ્ત અને પરંપરામાં માનતી હોવાથી હજુ પણ વધુ ઉત્સાહ અને શ્રધ્ધાથી આવા ચિત્રો દોરે છે.

## (૨) આળેખ

ધાર્મિક રેખાંકનોની સરખામણીમાં ખરક સ્ત્રીઓમાં આળેખ (પીળી દીવાલ પર કરેલા ધોળા રેખાંકનો) તેઓની કલ્પનાશકિતની ઓળખ આપે છે. આ ચિત્રો લગ્ન, આણા અને દિવાળી જેવા પ્રસંગોએ થતા હોવાથી તેમાં સુશોભનનો હેતુ વિશેષ છે. ખરક કન્યાઓ, યુવાનસ્ત્રીઓ અને મોટી ઉમરની સ્ત્રીઓ ગીતો ગાતા ગાતા આળેખ દોરે છે.

આળેખ માટે નદીનાં પટમાંથી ખડી લાવવામાં આવે છે અને તેને માટીનાં વાસણમાં કે તાસળીમાં પાણી સાથે પલાળવામાં આવે છે. ખરક સ્ત્રીઓ બાજરાનાં ડૂંડાને મોટી પીંછી તરીકે વાપરે છે. તેમજ બાવળનું ચાવેલુ દાતણ મલોખું કે નાળિયેરનાં છાલા ચિત્રો કરવા માટે ઉપયોગમાં લેવાય છે. આ ચિત્રોમાં મોટેભાગે અનેક પ્રકારના છોડવા અને કુંડાવાળા છોડનો આળેખ કરવામાં આવે છે. આ ઉપરાંત અનેક પ્રકારના પ્રાણીઓ જેવા કે, વાઘ, ચિત્તો, દીપડો, હાથી, હરણ, અને કાલ્પનિક પ્રાણી 'મરઘલો', પણ ચિતરાય છે. આ પ્રાણીઓના શરીરને જુદા જુદા ટપકા, લીટા, આડાઅવળા સળવળિયાથી ભરવાની રીત રસપ્રદ છે. તેમના ચહેરા સામેથી દેખાય તેવી રીતે રજૂ કરવામાં આવે છે. કોઈકવાર આવા પ્રાણીઓના પૂંછડામાંથી વેલ દોરાય છે. અને તે ફૂલનાં આકારમાં વિકસે છે. હરણ આ પ્રદેશમાં ઘણી જગ્યાએ જોવા મળે છે. તેનાં પરિણામ સ્વરૂપ હરણનું રેખાકન આળેખ ચિત્રોમાં સવિશેષ જોવા મળે છે. કયારેક એકથી વધારે પ્રાણીઓ દેખાય તેવા રેખાંકનો પણ જોવા મળે છે.

## (૩) ચિતર

ખરક જ્ઞાતિમાં ભીત ઉપરનાં રંગીન ચિત્રો 'ચિતર' તરીકે ઓળખાય છે. અને તે ઘોળ કરેલી સફેદ દીવાલો પરજ ચિતરવામાં આવે છે. જે બજારમાં મળતા કાચા રંગો જેવા કે લાલ, લીલો, પીળો. ગેરૂ, ભૂરો(ગળી), કથ્થઈ વગેરેથી દોરવામાં આવે છે. ઘણી વખત રંગો વધુ તેજસ્વી અને લાંબો વખતં રહે તે માટે દુધ અને ખાંડ પણ નાખવામાં આવતી.

ચિતરમાં પણ આળેખની જેમ ફૂલ છોડ અને પશુ, પક્ષીઓનાં રેખાંકનો કરવામાં આવે છે. પરંતુ ચિતર રંગોની તેજસ્વિતાનાં કારણે આળેખ કરતાં જુદા પડે છે. તેમજ ભીતનો શ્વેત રંગ ખૂબ સચોટ રીતે સમગ્ર રેખાંકનને વધુ મોહક અને

તેજસ્વી બનાવે છે. ક્યારેક આ પ્રકારના ચિત્રોમાં પૂતળી દોરવામાં આવે છે. તો ક્યારેક રેલ-વે. ટ્રેન કે બસ પણ દોરવામાં આવે છે. આવા ચિત્રોમાં સુરેખતા ને કારણે રંગો ભરી શકાતા નથી. પરંતુ ધૂમાડા કે રસ્તાને અમુક રંગોની લીટીઓ દ્વારા દર્શાવવામાં આવે છે ત્યારે અદ્દભૂત લાગે છે. આ 'ચિતર' આજે ખૂબજ ઓછા ઘરમાં દોરાયેલા જોવા મળે છે. જે આજે લુપ્ત થવાની અણી ઉપર છે.

⇒ <u>ભરતકામ</u>

"જેમાં શાસ્ત્રીય પરંપરાની વિશિષ્ટ સ્વરૂપ લાક્ષણિકતાની છાપ નથી. જે વિશેષતઃ તળપદ પ્રજાસમૂહો જેવાકે ખેડવાળ, માલધારી અને વસવાયામાં સંઘિક રીતે પ્રયોજિત થયું છે અને નિજઉપયોગાર્થે ભરાય, પહેરાય અને શોભાસજજન માટે પ્રયોજાય છે એવા તળપદ ભરતકામને અત્યારે આપણે 'લોકભરત' કહીએ છીએ"(૩)

ખરક જાતીની સ્ત્રીઓ તેનાં વિશિષ્ટ પ્રકારનાં ભરતથી સૌરાષ્ટ્રમાં જાણીતી બની છે. તેઓનાં ભરતમાં વિવિધ પ્રાણીઓનાં ભાતપ્રતીકો એક આગવી શૈલી સર્જે છે. આવા પ્રાણીઓનાં ભાત-પ્રતીકો ખરક જાતિની આજુબાજુ રહેતી પાલીવાળ-બ્રાહ્મણ, કણબી, આયર, પંચોળી, કોળી વગેરે જાતિઓમાં જોવામાં આવતા નથી. ખરકનાં ભરતમાં ભરાતા ધારદાર પ્રાણીઓનાં આકારો મનપંસદ તેજસ્વી રંગો તેમનાં ભરતને એક મોભો આપી જાય છે.

ખરક ખેડૂતો છેલ્લા ૫૦ વર્ષમાં ખેતપેદાશોનાં વેચાણથી સમૃધ્ધ બન્યા છે. આ જ્ઞાતિમાં દીકરી સાસરે જાય ત્યારે મા--બાપ તરફથી આણામાં કરિયાવર આપવાનો રિવાજ છે. જેમાં દીકરીની જીવન જરૂરિયાતની મોટાભાગની વસ્તુઓ આવી જાય છે. આ વસ્તુઓ જયારે આણા વખતે ફળિયામાં ખાટલા પર પથરાય છે ત્યારે

ખરક લોકોની સમૃધ્ધિનો સારો દેખાવ થાય છે. બીજી રીતે વિચારતા આ ભરત–ગૂંથણ કે વસ્તુનું પ્રદર્શન થાય છે.

પ્રકૃતિમાં પ્રાણીઓનાં રંગો જેવા હોય છે તેવા ખરકનાં ભરતમાં ભરાતા નથી. લોકનારી પ્રાણીનાં શરીરને એક આકાર તરીકે સ્વીકારી તેમાં વિવિધ રંગો પૂરે છે. તેમાં હાથીનો રંગ હંમેશા ભૂરો રહેતો નથી. કોઈવાર હાથી લીલા રંગથી પણ ભરાય છે. ઘોડા લાલ કે લીલા રંગથી પણ ચિતરેલા હોય છે. તો વાઘ ઘેરો લાલ બની ડાઘિયા કરતો જણાય છે. અને ખરક જ્ઞાતિનું મુખ્ય પ્રાણી મરઘલો તો લાલ, ગુલાબી, પીળો કે ભૂરો વિવિધ રંગનો જોવા મળે છે.

### (૧) ગૃહસજાવટનું ભરત

ખરક જ્ઞાતિમાં ગૃહ–શણગારનાં નમુનાઓમાં મોટું તોરણ, નાનું તોરણ, પાનકોથળિયું, ચાકળો, ચિતરિયા, ઉલેચ, કાંધી, પડદો, બારસાખિયા, ટોડલિયા, ગોળતકિયા, વગેરે જોવા મળે છે. આજે અમુક કુદરતી દ્રશ્યો પણ ભરવામાં આવે છે. આ મોટાભાગનું ભરત આજે લગ્નપ્રસંગેજ લગાવવામાં આવે છે. જયારે તોરણ, ચાકળો જેવું ભરત લગાવેલું જ રહે છે.

આ ભરતનાં નમૂનાઓ ઓરડાની આગળની દિવાલે એટલેકે ઓસરીનાં ભાગમાં લગાવવામાં આવે છે. આ ઉપરાંત લગ્નમંડપમાં પણ લગાવામાં આવે છે. કયારેક લગ્નમંડપને એટલા બધા ભરતથી શણગારવામાં આવે છે કે તે તૂટી જવાની શકયતા પણ ઊભી થાય છે.

### (૨) માનવપોષાકનું ભરત

માનવપોષાકનાં ભરતનાં નમૂનાઓમાં ચણિયા, કાપડું અને નાના બાળકની બંડી મુખ્ય છે. આ ઉપરાંત નાના બાળકને સુવડાવવા માટેનું ખોયુ પણ ભરતથી ભરવામાં આવે છે.

ભરત ભરેલ ચણિયા આજે આ જ્ઞાતિમાં મોટી ઉમરની સ્ત્રીઓજ પહેરે છે. તો બાળકને સુવડાવવા માટેનાં ખોયા ઘરે ઘરે જોવા મળે છે. તેમજ વસ્ત્રોની અવનવી ફેશનનાં કારણે બાળકોનાં કપડાઓમાં ભરત ઓછું જોવા મળે છે. આમ માનવ પોષાકનું ભરતકામ વસ્ત્રોની અવનવી ફેશનનાં કારણે આ જ્ઞાતિમાં લુપ્ત થવાની અણી ઉપર છે.

### (૩) પ્રાણીઓનાં શણગારનું ભરત

જયારે વાહનની શોધ નો'તી થઈ ત્યારે ખરક જ્ઞાતિમાં વાહનવ્યવહારમાં બળદગાડી કે ઘોડાનો ઉપયોગ થતો. તેથી ખરક જ્ઞાતિમાં વરરાજાની જાન પણ ગાડામાં જોડવામાં આવતી. આ જાન સમયે બળદને ભરતનાં નમૂનાઓથી શણગારવામાં આવતા જેમાં ઝૂહૂલ, શીગરોટિયા, ખોભળા, લેલાટી, મથરાવટી, નથ, કાનિયા, જોતર વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારનાં ભરતમાં કાચનાં નાના આભલા લગાવવામાં આવતા. જેથી પ્રાણીનાં હલન ચલન સમયે તેની ચમક ઊડીને આંખે વળગે તેવી હતી. આજે યંત્રયુગનાં કારણે આ ભરત જોવા મળતું નથી.

### (૪) મોતી ભરત

ખરક જ્ઞાતિમાં મોતીનું ભરત પણ જોવા મળે છે. જેમા ખાસ કરીને તોરણ, નાળિયેર, પાંદડા, લોટી, ઈંઢોણી, મુખવાસની થેલી જેવા નમુનાઓ જોવા મળે છે.

ખરક જ્ઞાતિમાં વરઘોડાનાં સમયે કન્યાપક્ષ દ્વારા વરરાજાને પાણીપાવા જવાનો રિવાજ છે. આ પાણી પાવા જનારી કન્યા મોતી ભરેલ ઈંઢોણી ઉપર લોટી મુકે છે. અને આ લોટી ઉપર પાંદડા અને નાળિયેર મુકવામાં આવે છે. આ ઉપરાંત આ નમુનાઓ શો–કેશમાં પણ રાખવામાં આવે છે. અને એવી રીતે તેનું પ્રદર્શન થાય છે.

આમ ખરક જ્ઞાતિમાં આજે પણ જાતભાતનાં ભરતકામો એકાધિક વસ્તુનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. આજે તૈયાર છાપકામને લીધે પહેલાં જેવું સહજ ન રહેતા કૃત્રિમ હોય તેવું લાગે છે. રૂઢિચુસ્ત જ્ઞાતિનાં કારણે આજે પણ ભરતનું પ્રદર્શન થતુ રહે છે જે નોંધનિય બાબત છે.

## ⇒ ખરક જ્ઞાતિમાં અન્યકલાઓ

આ ઉપરાંત ખરક જ્ઞાતિમાં અન્ય કલાઓ જેવીકે, ગૂંથણ, કાષ્ઠકલા, માટીકામ પણ જોવા મળે છે.

ખરક સ્ત્રીઓ લાંબા વાળ રાખે છે અને તેઓ આંટી પાડીને અંબોડો લે છે. આ અંબોડો વિખાય ન જાય તે માટે તેનાં માટે ઝાળી ગૂંથવામાં આવે છે. તેમજ પાંચેક વર્ષથી તોરણો પણ ઊનથી ગૂંથવામાં આવે છે. તો બળદ માટે શિકી તથા જોતર પણ ગૂંથવામાં આવે છે.

ખરક મુખ્યત્વે ખેતિ અને પશુપાલનનો વ્યવસાય કરતી કોમ હોવાથી તેમનાં વ્યવસાય ઉપયોગી ઓજારો જેવાકે, ગાડું, ખંપાળી, દંતાળ, વગેરે પણ લાકડાની અમુક પ્રકારની કાપકુપ કરીને બનાવવામાં આવે છે. તથા ઘણીવાર બાળકોને રમવાનાં રમકડા પણ કાષ્ઠકલાનું પ્રતિનિધિત્વ કરી જાય છે.

ખરકનાં ઘરોમાં અનાજ ભરવાની કોઠી દળણાં દળવાનું થાળું, વસ્તું મુકવાનો કોઠલો, ચૂલો વગેરે માટી માંથી બનાવેલા જોવા મળે છે.

આ ઉપરાંત ખરક જ્ઞાતિનાં લોકો અન્ય જ્ઞાતિ જેવીકે, મોચી, દરજી, લુહાર વગેરેની બનાવટોને ખરીદે છે અને તેમની કલાઓને પ્રોત્સાહિત કરે છે.

આમ ખરક જ્ઞાતિ તેનાં વિશિષ્ટ પ્રકારનાં ભાતચિત્રોથી તથા ભરતકામથી જેટલી જાણીતી બની છે તેટલી અન્ય કલાઓમાં ઓછી જાણીતી બની છે.

ખરક જ્ઞાતિનાં ગીતોનાં અભ્યાસ કરતાં પૂર્વે ખરક જ્ઞાતિમાં કળા–સંસ્કૃતિની જે પરંપરા છે તેનો આછો ખ્યાલ આ પ્રકરણમાં હેતપૂર્વક આપ્યો છે. જ્ઞાતિનાં સમગ્ર જીવનધોરણને સમજવામાં એ ઉપયોગી બની શકે.

# સંદર્ભગ્રંથો

(૧) ગુજરાતની લોકવિદ્યા (પ્રથમ આવૃત્તિ–૨૦૦૦)

(પૃષ્ઠ–૧)

– હસુ યાજ્ઞિક

(૨) ખરક જાતિની કલા – સંસ્કૃતિ (પ્રથમ આવૃત્તિ–૨૦૦૩)

(પૃષ્ઠ–૮)

– ડો. સુરેશ જે. શેઠ.

(૩) લોકભરતની સરજત (પ્રથમ આવૃત્તિ–૧૯૯૯)

(પૃષ્ઠ–૨૫)

– ખોડીદાસ પરમાર.

# પ્રકરણ : ૨

# લોકગીત

૧. લોકગીતની વ્યાખ્યા

૨. લોકગીતનાં લક્ષણો

૩. લોકગીતનાં પ્રકારો

૪. લોકગીતનું અભિન્ન અંગ : લગ્નગીત

લોકસાહિત્યનાં મુખ્ય બે વિભાગો છે કથ્ય અને ગેય. કથ્ય સ્વરૂપોમાં લોકકથા, લોકનાટ્ય, કહેવત, ઓઠા, ટૂચકા, સમસ્યાઓ અને રૂઢિપ્રયોગો વગેરે જોવા મળે છે. ગેય સ્વરૂપમાં લોકગીત, કથાગીત, દુહા, જોડકણા, સુભાષિત, ઉખાણા, વગેરેનો સમાવેશ થાય છે. આ લોકસાહિત્યનાં કથ્યસ્વરૂપમાં જેમ લોકકથા અત્યંત લોકપ્રિય છે એમ ગેય સ્વરૂપમાં લોકગીત સૌથી વધારે લોકપ્રિય છે. છતાં આ લોકગીતનો ઉદ્દ્ભવ ક્યારે અને કેવી રીતે થયો તે નિશ્ચિત પણે કહેવું મુશ્કેલ છે. તેવી જ રીતે તેની વ્યાખ્યા આપવાનું કાર્ય પણ ઘણું મુશ્કેલ છે. આ લોકગીતની વિવિધ વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ સમજવાનો પ્રયત્ન કરીશું.

## ૧. લોકગીતની વ્યાખ્યા

### ⇒ ઝવેરચંદ મેઘાણી

" જેના રચનારાએ કદી કાગળ અને લેખણ પકડયા નહીં હોય;એ રચનારા કોણ તેનીજ કોઈને ખબર નહીં હોય ; અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વ કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યાં આવે છે તેનીય કોઈ ભાળ નહિ લઈ શકયું હોય, એનું નામ લોકગીત. ધરતીના કોઈ અગમ્ય અંધારા પડોમાંથી વહ્યાં આવતા ઝરણાનું મૂળ કદાપિ શોધી શકાયું નથી, તેમ આ લોકગીતોનાં ઉત્પતિસ્થાન પણ અણશોધ્યાં જ રહ્યાં છે, અને તેટલી વિશેષ તાજુબીમાં શોધકો ગરક થઈ ગયા છે. જગતનાં ઉત્તમ ગણાતાં કાવ્યની આછી ઘેરી રેખાઓ ધારણ કરતી આ કંઠસ્થ કૃતિઓ ઉપર કયા અથવા તો એક સામટા કેટલા સર્જનહારોનાં હાથ ફર્યા હશે તેની પણ ગમ આપણને પડતી નથી." (૧)

પ્રસ્તુત વ્યાખ્યામાં ઝવેરચંદ મેઘાણી નિરક્ષર સમાજનાં સહિયારા કર્તૃત્વનો નિર્દેશ કરે છે તથા નદીનાં મૂળ સાથે સરખામણી કરીને લોકગીતનાં મૂળ એટલેકે ઉત્પત્તિસ્થાન અણશોધ્યાજ રહે છે તેવું પ્રતિપાદિત કરે છે.

⇒ ખોડીદાસ પરમાર

"લોકગીત એ તળપદ દેશજ પ્રજાનું પરંપરાથી ઉતરી આવેલું કદીક વધતું કે ઘટતું પાઠાંતર પામતું મુખપાટીનું ગેય ગીત. તેનો કોઈ એકજ રચયિતા નથી પણ તે સમગ્ર સમાજનું સહિયારું પ્રદાન છે તેથી સમગ્ર સંઘસમૂહની હર્ષશોકની સંવેદનાઓનું સંકલન ગેય, નૃત અને રૂદન સ્વરૂપે તેમા વ્યકત થાય છે. વળી દેશજ સમૂહની સૂઝ પ્રમાણેનું સ્વરૂપનું પદકથન તેમાં જોઈ શકાય છે." (૨)

પ્રસ્તુત વ્યાખ્યામાં ખોડીદાસ પરમાર તળપદ દેશજ પ્રજાનું સર્જન ગણાવે છે. તથા સહિયારું કર્તૃત્વ, પરંપરાગત, પાઠયાંતર, સંઘોર્મિ, સરળપદ–કથન વગેરે જેવા લક્ષણોને લક્ષમાં લે છે.

⇒ જયમલ્લ પરમાર

"લોકગીતોની સામાન્ય વ્યાખ્યા પ્રમાણે તે મૌખિક પરંપરા છે. એમા બહુજન સમાજની ચેતના રહેલી છે. એ અજ્ઞાત વ્યકિત કે વ્યકિતઓ દ્વારા પરિવર્તન પામતા રહી સામૂદાયિક અભિવ્યકિતનાં ઘાટ પકડતા જાય છે. લોકગીત એ સંવેદનપ્રેરીત માનવીહૃદયની રસાત્મક અનુભૂતિની રાગાત્મક અભિવ્યકિત ." (૩)

પ્રસ્તુત વ્યાખ્યામાં મૌખિક પરંપરા તથા અજ્ઞાત કર્તૃત્વનો વિચાર કરવામાં આવ્યો છે. એટલું જ નહીં પણ તે કોઈ એકનુ સર્જન નહીં પરંતુ સામુદાયિકઅભિવ્યક્તિ છે, જેનાં પરિણામે તેમાં બહુજન સમાજની ચેતનાનો ધબકાર જોઈ શકાય છે.

⇒ શ્રી મોહનકૃષ્ણ દર

"લોકગીત નતો પૂરાણું છે, કે નતો નવું; તે તો જંગલી ઝાડ જેવું છે, જેનાં મૂળ અતીતનાં ઊંડાણ સુધી ઘૂસેલા હોય છે પરંતુ તેમાં નિતનવી શાખાઓ નવા પાંદડા અને નવાં ફૂલ ખીલેલાં રહે છે." (૪)

પ્રસ્તુત વ્યાખ્યામાં લોકગીતની દીર્ઘ પરંપરાનો નિર્દેશ જોવા મળે છે. આ દીર્ઘ પરંપરા હોવા છતા તેમાં તાઝગી ભારોભાર જોઈ શકાય છે.

⇒ આર. વી. વિલિયમ્સ

"લોકગીત એ નવુંય નથી અને જૂનુંય નથી. એ જંગલમાં કુદરતી રીતે ઊગી નીકળેલા જંગલી વૃક્ષ જેવું છે એ વૃક્ષનાં મૂળીયાઓ અતીતમાં ઊંડા છે, છતા એ સતત નવી શાખા, ફળફૂલ આપે છે." (૫)

પ્રસ્તુત વ્યાખ્યામાં મોહનકૃષ્ણદરની વ્યાખ્યા સાથે વિચાર સાયુજયતો છે જ પરંતુ, શબ્દસાયુજય પણ જોઈ શકાય છે.

⇒ રામનરેશ ત્રિપાઠી

"ગ્રામગીત પ્રકૃતિનાં ઉદ્‌ગાતા છે એમાં અલંકાર નહીં કેવળ રસ છે, છંદ નહિ કેવળ લય છે. લાલિત્ય નહિ કેવળ માધુર્ય છે. ગામડાનાં સ્ત્રી--પુરુષો.ની વચ્ચે હૃદય નામનાં આસન પર બેસીને પ્રકૃતિ ગાન કરે છે. પ્રકૃતિનું એ ગાન તે લોકગીત છે." (૬)

પ્રસ્તુત વ્યાખ્યામાં રામનરેશ ત્રિપાઠી રસ, લય, માધુર્ય, જેવા લક્ષણોને ગણાવે છે. તથા આ લોકગીતો સ્ત્રી–પુરુષનાં હૃદયની ઉપજ છે તેમજ માનવ પ્રકૃતિ સાથે વણાય ગયા છે તેવું દર્શાવે છે.

⇒ **ડો. મંજુલાલ મજુમદાર**

"આપણા લોકગીતો કૂવા જેવા સ્વંય સેંજળ છે. એમાં રસ છે પણ ઈંટ, સિમેન્ટ જેવી છંદ અલંકાર મર્યાદા નથી. વળી સાર્વભૌમતા, સરળતા અને તાજાપણાને કારણે જ કાળનાં અનેક પ્રવાહો વચ્ચે પણ એ અડીખમ ટકી રહેલ છે. એટલુ જ નહીં, વાસી પણ થયાં નથી." (૭)

પ્રસ્તુત વ્યાખ્યામાં લોકગીતની રચના –પ્રયુકિતઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તથા સાર્વભૌમતા,સરળતા, સુદીર્ઘ પરંપરા તથા તાઝગી જેવા લક્ષણોનો નિર્દેશ જોવા મળે છે.

આ ઉપરાંત કેટલાક વિદ્વાનોએ લોકગીત વિશેનાં કરેલ ઉદ્દગારો નીચે મુજબ છે.

⇒ **પુષ્કર ચંદરવાકર**

"લોકગીત એ લોકજીવનની જાગતી યુનિવર્સિટી છે." (૮)

⇒ **પ્રભાશંકર તેરૈયા**

"આમાતો સંઘોર્મિ હોય છે. માનવ સમુહનાં ભાવોનું લઘુતમ સાધારણ અવયવ હોય છે." (૯)

⇒ **ડો. હસુતાબેન શશીકાંત સેંદાણી**

ખેડુતોએ ખેતર ખૂંદતાં, માછીમારોએ હોડી હંકારતાં, ગોવાળોએ ગાયો ચરાવતાં, શ્રમજીવીઓએ શ્રમ કરતાં કરતાં, સ્ત્રીઓએ ગૃહકામ કરતાં કરતાં, નૃત્ય કરતાં કરતાં કે ઉત્સવો માણતાં માણતાં સાથે મળીને સમૂહમાં જે ગાયું એ લોકગીત બનીને લોકસાહિત્યમાં ઊતરી આવ્યું (૧૦)

આમ લોકસાહિત્ય તજજ્ઞોએ પોતાની સૂઝ અને સમજણ પ્રમાણે લોકગીતની વ્યાખ્યાઓ આપવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં લોકગીતનાં કોઈ અમુક લક્ષણોને તાગવામાં આવ્યાં છે. આ બધા જ લક્ષણોને લક્ષમાં રાખીને લોકગીતની સર્વસામાન્ય વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય.

"લોકગીત એ પરંપરાથી પાઠભેદો પામતું, લોકકંઠે વહેતું આવતું, પ્રવાહિત, ગેય રૂપ છે. જેમાં, કોઈ એકનું કર્તૃત્વ ન હોવાથી સંઘોર્મિ, ગેય સ્વરૂપ હોવાથી લયમાધુર્ય, અકૃત્રિમતાનાં કારણે તત્કાલીન જનજીવન અને લોકસમૃધ્ધીનું દર્શન, પરંપરાગત હોવાથી અતીતનાં ઊંડાણ સુધી વિસ્તરેલું છતા તાઝગીસભર, શાસ્ત્રીય અભ્યાસનાં અભાવે સરળ પદકથન તથા સાહજીક છંદ–અલંકારનું નિરૂપણ, તેમજ ઉત્તમ ગણાતા કાવ્યની ઘેરી રેખાઓ ધારણ કરતા ભાવોનું નિરૂપણ જોવા મળે છે."

## ૨. લોકગીતનાં લક્ષણો

લોકગીતની દરેક વ્યાખ્યાઓમાં તેનાં કોઈને કોઈ લક્ષણોને તાગવાનાં પ્રયત્નો થયેલા છે. આ ઉપરાંત વિવિધ વિદ્વાનોએ પણ લોકગીતનાં લક્ષણો આપવાનાં પ્રયાસો કર્યા છે. જે નીચે મુજબ છે.

### ⇒ ઝવેરચંદ મેઘાણી

(૧) એમાં 'ઈમ્પર્સનાલિટી' અવ્યકિતત્વનું તત્વ અગપદે હોય છે.

(૨) 'એપ્ટબીગનીગ'. એમાં અધ્ધરથી જ આરંભ થાય છે. અને એ આપણને તત્કાળ ઘટનાનાં મધ્યપ્રવહમાં ઘસડી જાય છે.

(૩) 'બ્રેકનેક સ્પીડ' : ધસમસતો વેગ ઘટનાને ત્વરિત ગતિથી વહેતી રાખવા માટે એમાં સંભાળ રખાય છે. કિવલર – કઉચ તો એટલે સુધી ઉચ્ચારે

છે કે "ફોર રેપિટિડી ધીઝ ઈન્નોમિનેટ લેઝ બીટ એનીથીંગ ઈન હોમર" હોમરનાં મહાકાવ્યના કરતાંયે લોકગીતોનો પ્રવાહ અધિક માર! માર ! ગતીએ ચાલ્યો જાય છે.

(૪) 'ડાયરેક્ટનેસ' : સીધેસીધાં, આડુંઅવળું કશુંયે ધ્યાન ખેંચ્યાવીના, વર્ણન પર કે પ્રસ્તાવનાં પર આપણને ન રોકતા, આ લોકકવિઓ આપણને મૂળ વિષયનાં મધ્યભાગમાં ખેંચી જાય છે.

(૫) 'કોંન્ક્રીટ ડીકશન': અથવાતો 'ઓબ્જેકિટવીટી'. એટલે કે લોકગીતનાં શ્રવણ, વાંચન અથવા ગાયન વેળા આપણી દૃષ્ટિ શું શું બની રહ્યું છે તે પર જ કરે છે. રચનાર નહીં, પણ કથા પોતેજ આપણને યાદ આવે કથાનો ઉદ્દેશ નહિ પણ કથાનાં બનાવો પર જ ચિત્ત ચોટે. ગીતમાં વહેતી ઊર્મિનો વિચાર ન આવે પણ એનો સાક્ષાત્કાર જ થાય – ઊર્મિમય જ બની જવાય. (૧૧)

⇒ **જયમલ્લ પરમાર**

(૧) એના રચનાર બહુધા અજ્ઞાત હોય છે.

(૨) એ સહજ અને સ્ફૂરિત હોય છે.

(૩) એમાં યત્ન વિનાનું કલાવિધાન છે.

(૪) એમાં પ્રકૃતિનો મહિમાં છે.

(૫) એમાં માનવ હૃદયની ઊર્મિઓ છે.

(૬) એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલા હૃદયનો ધબકાર છે.

(૭) એમાં વ્યકિતત્વનો સર્વથા અભાવ છે.

(૮) એમાં શબ્દ, સ્વર અને ગતિ–તાલનો સમન્વય છે.

(૯) એમાં સમૂહને હૈયે ને સમૂહને કંઠે ચડે તેવી રચના છે.

(૧૦) એ રચનાયુકત પણ આંતરિક લયવાળી હોય છે.

(૧૧) એ કંઠોપકંઠ વહેતા આવ્યાં છે અને વહેતા આવે છે. મૂળમાં કોઈ સર્જક કે ગાયક હોય પછી એનું સંવેદન સામૂહિક ને સાર્વજનિક સ્વરૂપ પામે છે. (૧૨)

⇒ ખોડીદાસ પરમાર

(૧) લોકગીતનાં 'ઉપાડ' ને 'શરૂઆત' ને 'ગીતનું થડ' કહે છે. દરેક લોકગીતની ગાથા ની શરૂઆત તેનાં થડથી થાય છે.

(૨) લોકગીતનાં મધ્યભાગને 'પેટાળ' કહે છે મધ્યભાગે સંવાદ, સંઘર્ષ કે કોઈ આપત્તિ નિરૂપી મૂળ કથાતંતુનાં વેગને અંતિમ લક્ષ્યગામી બનાવાય છે.

(૩) લોકગીતમાં 'પીચ્છ' અથવા 'છેડો' તે સમાપન. બહુધા સુખાંત, કહીક દુઃખાંત કોઈમાં બુધ્ધિ ચમકારવાળું અને ફલોપદેશવાળું હોય છે. (૧૩)

⇒ હરદ્વારીલાલ શર્મા

(૧) લોકમાનસની અભિવ્યકિત.

(૨) આદિમ કે પ્રાથમિક અનુભવ સાથેનો સંબંધ.

(૩) છંદ, વ્યાકરણ, અંલકારાદિથી મુકત એવી સ્વતંત્ર જીવન્તતા.

(૪) કર્તૃત્ત્વનો લોપ અને કંઠ પરંપરા.

(૫) ભાષા નહીં પણ બોલીનું માધ્યમ.

(૬) ગેયતા.

(૭) એના પ્રવર્તન પાછળ રહેલા આનુષ્ઠાનિક શ્રધ્ધા અને સામાજિક માર્મિકતા.

(૮) લયનું પ્રાધાન્ય અને નૃત્ય સાથેનો પણ સંબંધ

(૯) સામૂહિકતા.

(૧૦) સ્ત્રીઓનું વિશેષ યોગદાન. (૧૪)

આ ઉપરાંત અનેક વિદ્વાનોએ પોતાનાં મત અનુસાર લક્ષણો પ્રગટ કર્યા છે. જેમ કાવ્યને કોઈ ચોકક્સ લક્ષણોમાં બાંધી શકાતુ નથી તેમ લોકગીતને પણ કોઈ અમુક લક્ષણોમાં બાંધી શકાય નહિ પરંતુ, તેનો અભ્યાસ કરતી વખતે અમુક લક્ષણોને ચોકક્સ લક્ષમાં લેવા પડે છે. જે પાયાનાં લક્ષણો નીચે મુજબ છે.

## (૧) કંઠ્ય પરંપરા

પહેલાનાં સમયમાં મુદ્રણયંત્રો કે છાપખાના ન હતા. આથી કોઈ લોકકવિ ગીતનુ સર્જન કરે છે તે કંઠ દ્વારા ગાય વગાડીને સમાજનાં અમુક માણસો પાસે પહોચેં છે. તે વ્યકિતને સારું લાગવાથી યાદ રહે છે અને તે પોતાનાં કંઠમાં વસી જાય છે. આમ, કોઈ ગીત એક વ્યકિતનું ન રહેતાં સમષ્ટિનાં મનોરંજન માટેનું સાધન બની રહે છે. પરિણામે લોકગીતનો પ્રચાર અને પ્રસાર કંઠ્ય પરંપરાને આધિન ગણાય છે. આમ લોકગીત માત્રનું નહિ પરંતુ લોકસાહિત્યનું પણ મુખ્ય લક્ષણ કંઠ્ય પરંપરા છે.

## (૨) અજ્ઞાત કર્તૃત્ત્વ

કોઈ લોકકવિ પોતાનાં ભાવોને અભિવ્યકત કરવા કોઈ ગીતનું સર્જન કરે છે. તે ગીત સાંભળનારને હદયસ્પર્શી લાગવાથી તેના કંઠે રમતું થઈ જાય છે. ભાષક પોતાનાં અનુભવ આધારે કયારેક સુધારા વધારા કરે છે અને તે સુધારા વધારા સાથે

અમુક કંઠ સુધી પહોંચે છે. જેથી મૂળ કર્તાની છાપ ભૂંસાઈ જાય છે. અને તે સમાજની સહિયારી ઉપજ બની રહે છે. પરિણામે આ કૃતિનાં મૂળ કર્તા કોણ તે શોધ કરવી મુશ્કેલ બની જાય છે.

## (૩) સંઘોર્મિ

લોકગીતમાં બહુજન સમાજનો ઊર્મિધબકાર અને સામૂહિક ચેતનાનો રણકો સંભળાય છે કારણ કે કોઈ લોકકવિ ગીતની રચના કરે છે તેમાં સંઘજીવનની ઊર્મિ હોય તો જ તે સુધારા વધારા સાથે લોકોનાં કંઠે સ્થાન પામે અને સુદીર્ઘ પરંપરા ધરાવતું બની જાય છે. આ ઉપરાંત એક કરતા વધારે સર્જકોનું કર્તુત્ત્વ હોવાથી તેમાં સંઘોર્મિનુ તત્ત્વ હોય તે સ્વાભાવિક છે. આમ લોકગીત જનજીવનનાં બહુમુખી અનુભવોની ઉપજ હોવાથી સંઘોર્મિ એક અગત્યનું અંગ બની રહે છે.

## (૪) તાઝગી

લોકગીતએ કંઠોપકંઠ પરંપરા અને કર્તૃત્વનાં કારણે તાઝગી સભર હોય છે. કારણકે કોઈપણ ગીતમાં પોતાનાં અનુભવ આધારે લોકોને સુધારા વધારા કરવાની છુટ હોય છે. તેથી એકથી વધારે કર્તૃત્વની સરાણે ચઢતું રહે છે. તેમજ સમય અને પરિસ્થિતિ અનુસાર તેનો ઘાટ બંધાતો હોવાથી નિતનવા સુધારા થતા રહે છે. આ ઉપરાંત લિખિત રૂપમાં ન હોવાથી એકથી વધારે પાઠભેદો પામે છે. જેનાં પરિણામે અલગ અલગ ઘાટ ધારણ કરતું રહે છે.

## (૫) સરળ પદકથન

લોકકવિઓ કોઈ યશપ્રાપ્તિ કે અર્થપ્રાપ્તિ માટે નહિ પરંતુ અન્ય આશયો જેવા કે થાક ઉતારવા, ઉતાવળ કરવા, મનોરંજન કરવા વગેરે માટે આ ગીતોનું સર્જન કરે છે. માલ ચારતો માલધારી, કોસ હાકતો કોસીયો, ખેતીમાં કામ કરતો મજૂર, ઘરકામ કરતી સ્ત્રી વગેરે જેવા સમાજનાં મનુષ્યો આ ગીતોનાં રચયિતા હોય છે. જેઓ રોજબરોજનાં જીવનમાં વપરાતી ભાષા દ્વારા આ ગીતોનું સર્જન કરે છે. આ લોકો પાસે કોઈ શાસ્ત્રીય અભ્યાસ હોતો નથી તેમજ ઉચ્ચશિક્ષણ પણ પામેલા હોતા નથી. પરિણામે સરળ પદકથન જોવા મળે છે. આ સરળ પદ કથનનાં કારણે તે ગીતો સમાજનાં સામાન્ય વર્ગ સુધી પહોંચી શકે છે. અને સુદીર્ઘ કંઠ્ય – પરંપરા ધરાવે છે.

## (૬) છંદનાં સ્થાને લયમાધુર્ય

લોકકવિ પાસે કોઈ કાવ્યસર્જનની શાસ્ત્રીયતા હોતી નથી. જેનાં પરિણામે છંદને પ્રાધાન્ય હોતું નથી કયારેક અનાયાસ આવી ગયેલા હોય છે. પરંતુ તેમાં લયમાધુર્ય મહત્વનું અંગ છે. લોકગીતની રજુઆત જ ગાયનથી થતી હોય છે. જેથી તેનો જન્મ લયમાધુર્યને આભારી છે.

આ લયમાધુર્યનાં કારણે અમુક વખત ભાવ વ્યંજીત થતો હોય છે. તેમજ આ લોકગીતો સાંભળવામાં જેટલો આનંદ થાય છે તેટલો આનંદ વાંચનથી થતો નથી. એટલે કે આ ગીતો લયમાધુર્યનાં કરણે કર્ણપ્રિય બને છે. આમ આ લયમાધુર્ય એ લોકગીતનો પ્રાણ બની રહે છે.

## (૭) વણશોધ્યાં ઉત્પત્તિસ્થાનો

લોકગીતનો મૂળ કર્તા કોણ તે શોધવું જેમ મુશ્કેલ છે તેમ ઉત્પત્તિ સ્થાન કે સમય પણ શોધી શકાતો નથી. લોકગીત એ કંઠોપકંઠ સુદીર્ઘ પરંપરા ધરાવતું હોવાથી કોઈ એક પ્રદેશમાંથી અમુક સમયે લુપ્ત થયું હોય અને અમુક પ્રદેશમાં નવસર્જન પામ્યું હોય તેવું બની શકે. જેથી આ ગીત કયા પ્રદેશની કે જાતિની ઉપજ છે તે કહેવું પણ મુશ્કેલ બની જાય છે.

આ ઉપરાંત અમુક લોકગીતોમાં પૌરાણિક પાત્રનો નામ નિર્દેશ જોવા મળે છે. તે પાત્રનાં સમય અને સ્થાન વિશેની જાણકારી હોવાથી તેના આધારે તે ગીતનું અનુમાન કરી શકાય પરંતુ, નિશ્ચિત પણે કહેવું મુશ્કેલ છે.

## (૮) જનજીવન અને લોકસમૃધ્ધિનું દર્શન

લોકજીવન સાથે લોકગીતનો નાતો ઘનીષ્ઠ છે. જન્મથી માંડી મૃત્યું સુધીની લોકજીવનની વિશેષતાઓ સાથે, સ્ત્રી–પુરુષનાં મહત્વનાં અવસરો સાથે એને સંબંધ રહયો છે. લોકગીતોમાં શિષ્ટાચાર કે દંભ ન હોવાથી તેનું અસલ સ્વરૂપ ઢંકાતું નથી અને જનજીવનનાં તમામ પક્ષોનું સ્પષ્ટ દર્શન તાદશ્ય થાય છે.

આ ઉપરાંત અકૃત્રિમતાનાં કારણે જે–તે પ્રદેશમાં વસ્તુઓ ઉપલબ્ધ હોય તેને લોકગીતમાં સ્થાન મળે છે. આમ લોકગીતમાં અનેક વસ્તુઓનાં વર્ણન દ્વારા લોકોની સમૃધ્ધીને તાગવામાં આવે છે. જેમાં દાતણ કરવા સોનાની ઝારી, નાવણ કરવા તાંબાકુંડીઓ, પોઢણ કરવા સાગ–સિસમનાં ઢોલિયા, બેસવા હિંડોળાખાટ, વીજણા વગેરેનો સમાવેશ થાય છે.

## (૯) પ્રવાહિતા

લોકગીતનું મોટામાં મોટું બળ તે એની સાર્વજનિકતા છે. એ સાર્વજનિકતા જન્મે છે એની પ્રવાહિતા માંથી. ચિત્રકાર અથવા અભિજાત ગીતનો કવિ પોતાની કૃતિમાં કોઈને કંઈ પણ ફેરફાર કરવા દેતો નથી જયારે લોકગીતનું તો એવું છે કે, ગાનારની હડફેટે ચઢયું એ એની રીતે પાઠફેર કરવાનો જ, આનું નામ પ્રવાહિતા. આ પ્રકારનાં લક્ષણને કારણે લોકગીતમાં કયારેક ભાવ પણ બદલાયેલો જોઈ શકાય છે.

આ ઉપરાંત લોકગીતનાં લક્ષણોમાં ચિત્રાત્મકતા, પ્રાસંગીકતા, કથનવર્ણન, ક્રિયાની ત્વરિત ગતિ, સૈદર્યતત્વ, સાહજીક અંલકારયોજના વગેરે ને ગણાવી શકાય.

## ૩. લોકગીતનાં પ્રકારો

જેમ લોકગીતની વ્યાખ્યા અને લક્ષણો બાબતે વિદ્વાનોમાં વિવિધ મતભેદો પ્રવર્તે છે તેવી જ રીતે તેનાં પ્રકારો બાબતે પણ મતભેદ જોવા મળે છે. જેમ અમુક વિદ્વાનોએ આપેલ પ્રકારો નીચે મુજબ છે.

⇒ **ઝવેરચંદ મેઘાણી**

(૧) સીમન્તનાં ગીતો

(૨) હાલરડાં

(૩) બાળરમતોનાં જોડકણા

(૪) નિશાળે બેસાડતી વેળાનાં ગીતો

(૫) જનોઈ ધારણ કરતી વેળાનાં ગીતો

(૬) વેવિશાળ ગીતો

(૭) લગ્ન ગીતો

(૮) જન્મ વેળાનાં ગીતો

(૯) મૃત્યુ વેળાનાં ગીતો

(૧૦) ગરબા

(૧૧) રાસડા

(૧૨) ઋતુગીતો

(૧૩) ભજન, કીર્તન, ઘોળ

(૧૪) દુહા

(૧૫) ગોપીગીતો

(૧૬) ખાયણા

(૧૭) દાયણા

(૧૮) મુસલમાની રાસડા અને

(૧૯) કજોડાનાં ગીતો. (૧૫)

⇒ **જયમલ્લ પરમાર**

(૧) સમાન તત્ત્વોનો વિચાર

(૨) 'લોક' ની મર્યાદામાં મૂલવણી

(૩) ક્ષેત્રભેદ ને જાતીભેદ

(૪) અવસ્થા, અવસર ને પ્રકૃતિભેદ. (૧૬)

⇒ **ખોડીદાસ પરમાર**

(૧) લગ્ન પ્રસંગનાં માંગલિક અને અન્ય લોકગીતો

(૨) સીમંત–અધરણીનાં ગીતો

(૩) બાળ–હાલરડાં

(૪) બાળ–જોડકણા અને અન્ય

(૫) ઉજળિયાત વર્ણમાં 'બડવા' ને જનોઈ વિધિનાં ગીતો.

(૬) કન્યા–કિશોરીઓનાં મોળાકતનાં (ગૌરીવ્રતનાં) ગીતો

(૭) તુલસી–વિવાહનાં ગીતો

(૮) સૌભાગ્યવતી અને પ્રૌઢ સ્ત્રીઓનાં વ્રત – વરતુલાં

(૯) નારી સમૂહનાં રાસડા

(૧૦) ગરબા–માંડવી વગેરે

(૧૧) માંગલીક પ્રસંગનાં ધોળમંગળ

(૧૨) શ્રમહારી ગીતો

(૧૩) મૃત્યું પછીનાં શોક પ્રશસ્તિનાં છાજિયાં

(૧૪) આનંદ પ્રમોદનાં બૌધિકગીતો. (૧૭)

⇒ **રામનરેશ ત્રિપાઠી**

(૧) સંસ્કાર સંબંધિત

(૨) ઘંટી અને રેંટિયાનાં ગીત

(૩) ધર્મગીત

(૪) ઋતુસંબંધીગીત

(૫) ખેતીનાં ગીતો

(૬) ભીખ માંગવાનાં ગીતો

(૭) મેળાનાં ગીતો

(૮) જાતિગીત

(૯) વીરગાથા

(૧૦) ગીતકથા, અનુભવનાં વચનો. (૧૮)

⇒ **પ્રભાશંકર તેરૈયા.**

(૧) હાલરડાં

(૨) ગોરમાનાં ગીતો

(૩) લગ્ન ગીતો -- ખાયણાં

(૪) રાંદલનાં ગીતો

(૫) તુલસીવિવાહનાં ગીતો

(૬) ઉત્સવ – મેળા આદિનાં ગીતો

(૭) મરસિયા

(૮) સંતવાણી **(૧૯)**

ઉપરોકત વિવિધ વિદ્વાનોએ આપેલ મતનાં આધારે નીચે મુજબ લોકગીતનાં પ્રકારો આપી શકાય.

(૧) હાલરડાં

(૨) મરસિયા

(૩) વ્રતગીતો

(૪) લગ્નગીતો

(૫) ઉત્સવગીતો

(૬) ગરબા – ગરબી કે રાસડા

(૭) શ્રમગીતો અને

(૮) સંતવાણી.

## ૪. લોકગીતનું અભિન્ન અંગ : લગ્નગીત

લોકસાહિત્યમાં લોકગીતની તોલે આવી શકે તેવો એક પણ વિભાગ નથી. આ લોકગીતમાં જીવનની આનંદમંગલ ભાવનાઓ વ્યકત થઈ છે એટલુંજ નહિ પરંતુ જીવનની ઘેરી વિષદતાને પણ વાચા મળી છે અને માનવજીવનનાં નાના મોટા સમસ્ત વ્યવહારનો એક પણ પ્રસંગ એવો નહિ હોય કે જેનાં આઘાત-પ્રત્યાઘાત આ ગીતોમાં ઝીલાયા ન હોય.

લોકગીતનું બહુજ અગત્યનું અને અભિન્ન અંગ તે લગ્નગીત છે. લગ્નએ આપણા સમાજમાં માંગલીક પ્રસંગ ગણાય છે જેથી તેમાં મનુષ્યનાં હર્ષ-ઉલ્લાસનું નિરૂપણ હોય તે સ્વાભાવિક છે પરંતુ કન્યા વિદાય જેવા પ્રસંગોએ ઘેરી કરુણતા પણ જોઈ શકાય છે.

"દેશભરમાં ગુજરાતનાં લગ્નગીતો જેટલું વૈવિદય, વૈપુલ્ય, સ્વરમાધુર્ય,અને ભાવવાહિતા ભાગ્યેજ કયાંક હશે. લગ્નગીતોનો પ્રધાન ધ્વનિ દામ્પત્યની ઊર્મિઓને જાગ્રત કરવાનો છે એમાં સંવનનથી શરૂ કરીને દેવ માંગલ્યનાં, સગાવહાલાને નિમંત્રણનાં, કૌટુંબિક સ્નેહનાં, પિયરવિયોગનાં, શણગારનાં, વિનોદનાં આમ સર્વ પ્રસંગોનાં ગીતો જોવા મળે છે. એની કાવ્યમય કલ્પના, ભાવનિરૂપણ અને સ્વર રચનાં હૃદયમનને ખેંચી રાખે એવી હોય છે." (૨૦)

લગ્નગીતો કંઠ્ય પરંપરા ધરાવે છે અને તે કાળનાં અનેક પ્રવાહોમાંથી પસાર થઈને આવે છે જેથી તેનો કર્તા કોણ તે નકિક કરી શકાતું નથી. આ લગ્નગીતો લોકો જ ગાય છે અને ઝીલે છે તે કોઈ અન્યનાં માટે કે યશ માટે નહિ, પોતાનાં નિજાનંદ માટે જ હોય છે. આ ગીતોમાં નામનાં ફેરફારો સાથે એકથી વધારે

પ્રસંગે અને એકથી વધારે લોકનાં મૂખે ગવાતા રહે છે. જેથી તેમાં પરિસ્થિતિ અનુસાર ફેરફારો થવાનો સંભવ રહે છે. પરિણામે સંઘોર્મિ અને તાઝગી જોવા મળે છે.

લગ્નગીતનાં રચયિતા શાસ્ત્રીયતાનાં અભાવને કારણે પોતાનાં ગીતને સરળ પદકથનથી જ સાંકળે છે. જેથી તે આમજનતા સુધી પહોચેં છે અને ટકી પણ રહે છે.

આ ઉપરાંત લગ્નગીતનું મહત્વનું લક્ષણ તે લોકસમૃધ્ધિનું દર્શન છે. લગ્નગીતમાં કયારેક ન સંભવિત સમૃધ્ધિને પણ વર્ણવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે માનવિયભાવ કેન્દ્રમાં હોય છે. તેમજ પ્રસ્તુત ગીત દ્વારા જે તે સમાજનું જનજીવન, વહેમ, અંધશ્રધ્ધા, રૂઢિ વગેરે પણ જોઈ શકાય છે. તેથી જ કદાચ કહેવાયું છે કે જે–તે સમાજને જોવો હોય તો તેનાં લોકસાહિત્ય પાસે જવું.

## સંદર્ભગ્રંથો


(૧) 'લોકસાહિત્ય : ધરતીનું ધાવણ.' (સંકલિત આવૃત્તિ – ૧૯૯૭)

(પૃષ્ઠ – ૩)

સં – જયંત મેઘાણી,

(૨) 'ગુજરાતીનાં લોકગીતો' (પ્રથમ આવૃત્તિ – ૧૯૮૧)

(પૃષ્ઠ – ૭)

લે– ખોડીદાસ પરમાર.

(૩) લોકસાહિત્ય વિમર્શ (પ્રથમ આવૃત્તિ – ૧૯૮૫)

લે–જયમલ્લ પરમાર

(૪) સામયિક 'શબ્દસૃષ્ટિ' (અંક–૯)

(૫) બરડા વિસ્તારનાં માલધારીઓનું લોકસાહિત્ય (શોધનિબંધ)

–હંસા લક્ષ્મણભાઈ દવે.

(૬) 'લોકરસ' (પ્રથમઆવૃતિ – ૨૦૦૨)

(પૃષ્ઠ – VII)

– રતિલાલ સથવારા

(૭) સામયિકઃ 'શબ્દસૃષ્ટિ' (સપ્ટેમ્બર – '૦૬)

(૮) બરડા વિસ્તારનાં માલધારીનું લોકસાહિત્ય

– હંસા લક્ષ્મણભાઈ દવે.

(૯) ગુજરાતી લોકગીતો (પ્રથમઆવૃત્તિ–૧૯૮૧)

(પૃષ્ઠ–૯૪)

- પ્રભાશંકર તેરૈયા.

(૧૦) ગુજરાતી લોકસંસ્કૃતિ (પૃષ્ઠ–૯૪)

ડો.હસુતાબેન શશીકાંતભાઈ સેંઘાણી
(૧૧) લોકસાહિત્ય : ધરતીનું ધાવણ (પ્રથમ આવૃત્તિ–૧૯૩૯)
(પૃષ્ઠ–૭૫)
સં–જયંત મેઘાણી
(૧૨) લોકસાહિત્ય વિમર્શ (પ્રથમ આવૃત્તિ–૧૯૮૫)
(પૃષ્ઠ–૪૯–૫૦)
–જયમલ્લ પરમાર
(૧૩) ગુજરાતીનાં લોકગીતો (બીજી આવૃત્તિ–૧૯૩૯)
(પૃષ્ઠ–૧૭)
–ખોડીદાસ પરમાર
(૧૪) સામયિક : 'એજન' (આવૃત્તિ–૨૦૦૬)
(પૃષ્ઠ–૬૦,૬૧)
સં–બળવંત જાની, અંબાદાન રોહડીયા
(૧૫) રઢીયાળીરાત ભાગ–૧ (પ્રથમ આવૃત્તિ–૧૯૨૫)
(પૃષ્ઠ–૭)
–ઝવેરચંદ મેઘાણી
(૧૬) લોકસાહિત્ય વિમર્શ (પ્રથમ આવૃત્તિ–૧૯૮૫)
(પૃષ્ઠ–૧૫૦–૧૫૧)
–જયમલ્લ પરમાર
(૧૭) ગુજરાતનાં લોકગીતો (પ્રથમ આવૃત્તિ–૧૯૮૧)
(પૃષ્ઠ–૨૭ થી ૩૪)
–ખોડીદાસ પરમાર
(૧૮) ગ્રામગીત (આવૃત્તિ–૧૯૮૬)
(પૃષ્ઠ–૪૦)
–રામનરેશ ત્રિપાઠી
(૧૯) લોકસાહિત્ય : ગુજરાતી લોકગીતો
–પ્રભાશંકર તેરૈયા
–નરોત્તમ પલાણ
(૨૦) ગુજરાતની લોકસંસ્કૃતિ (પૃષ્ઠ–૯૮)
ડો.હસુતાબેન શશીકાંત સેંઘાણી

# પ્રકરણ : 3

# ખરકજ્ઞાતિનાં લગ્નગીતો

દરેક પ્રજાને એનું વિશિષ્ટ એવું વ્યકિતત્વ હોય છે. આવું વિશિષ્ટ કે લાક્ષણિક વ્યકિતત્વ તે પ્રજાને પરંપરામાંથી જ મળતું હોય છે. ખરક જાતિને પણ તેનું લાક્ષણિક એવું વ્યકિતત્વ છે. જીવન પ્રત્યેનાં અભિગમ અને તેવી વ્યકિતઓનાં કુટુંબગત અને સમાજગત વલણમાં તે પ્રગટ થાય છે. આ પ્રજાગત વ્યકિતત્વની લાક્ષણિકતા અને જીવન પ્રત્યેનો એનો વ્યકિતમૂલક અને સામાજીક અભિગમ રીત–રિવાજમાં પ્રગટ થાય છે.

દરેક પ્રદેશોમાં એકથી વધારે જાતિઓ વસવાટ કરે છે. આ જાતિઓ એક બીજા સાથે પરસ્પર અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે. જેનાં પરિણામે એકબીજાનાં સંસ્કારો અને વિધિઓનું આદાન–પ્રદાન થાય છે અને તે પરંપરા બની જાય છે.

ખરક વિચરતીજાતિ હોવાથી તેમણે અનેક જાતિઓ સાથે કામ પાડયું છે અને તેમની સાથે અનુકૂલન સાધવાનો પ્રયાસ કર્યો છે. જેનાં પરિણામ સ્વરૂપે તેની લગ્ન પંરપરામાં એકથી વધારે જાતિઓનું સંમિશ્રણ જોવા મળે છે. તેમની લગ્ન – વિધિનાં અમુક રીત – રિવાજો નીચે મુજબ છે.

ખરક જ્ઞાતિમાં સામસામે વેવિશાળ કરવાનો રિવાજ છે. એટલે કે બંને પક્ષ દીકરીઓ આપે છે. તે મોટેભાગે ભાઈ – બહેનનાં સામસામે વેવિશાળ થાય છે. કયારેક કાકા – દીકરીનાં તો, કયારેક સંબંધમાં કોઈનાં દીકરા સામે દીકરી આપવામાં આવે છે. આજે છોકરીઓનું પ્રમાણ ઓછુ હોવાથી ભાગ્યે જ છૂટ્ટા વેવિશાળ થાય છે. આ છૂટ્ટા વેવિશાળમાં દીકરી પક્ષ તરફથી વરપક્ષ પાસેથી પૈસા પણ લેવાય છે. આ રીતે ખરક જ્ઞાતિમાં કન્યાવિક્રય પણ જોવા મળે છે. અમુક જ્ઞાતિઓ જેવી કે, દરબાર ,કોળી,બાબર, પંચોળી,આહીર તો મુસ્લીમ સમાજની

મોટાભાગની જ્ઞાતિઓમાં માતૃપક્ષનાં અંગત સંબંધોમાં વેવિશાળ થાય છે. પરંતુ ખરક જ્ઞાતિમાં આ સગોત્ર કે સપિંડ લગ્ન જોવા મળતા નથી.

વેવિશાળ કરતી વખતે બંને પક્ષનાં વડીલો વરકન્યાને જુએ છે અને એમ વડિલોની માન્યતાથી જ વેવિશાળ નકકી થાય છે. જેથી કયારેક કજોડાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. આજે શિક્ષણનાં કારણે દીકરા–દીકરીની સંમતિ પ્રમાણે વેવિશાળ થયેલ જોવા મળે છે.

ખરક જ્ઞાતિમાં થોડા વર્ષો પહેલા જમીન જોઈને વેવિશાળ કરવામાં આવતા કારણકે, વધારે જમીન ધરાવનાર વ્યકિત વધારે ધનવાન ગણાતો. આજે જમીનની આવક ઘટતાં તેવું ઓછુ જોવા મળે છે અને વ્યાપર, ઉદ્યોગ કે શિક્ષણને મહત્ત્વ આપતું થયું છે.

આ જ્ઞાતિમાં બહુપત્નિત્વનો રિવાજ પણ જોવા મળે છે. જે છોકરીઓની ઘટતી જતી સંખ્યાનાં કારણે લુપ્ત થવાની અણી ઉપર છે. આ ઉપરાંત કણબી જેવી જ્ઞાતિનાં સંપર્કનાં કારણે વિધવા પુર્નલગ્ન પણ જોવા મળે છે.

આ જ્ઞાતિમાં લગ્ન પછી આણું મુકવાનો પણ રિવાજ છે. આણું બન્ને પક્ષની અનુકૂળતા મુજબ કરવામાં આવે છે. કયારેક બાળલગ્ન થયા હોય તો પુખ્તતાને ધ્યાનમાં રાખીને આણું કરવામાં આવે છે. પ્રથમ આણુ લગ્ન પછી – ત્રીજાવર્ષ સિવાય – કોઈપણ સમયે કરવામાં આવે છે. આણા સમયે દીકરીને તેનાં પિયર તરફથી મોટાભાગની જીવનજરૂરી વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવે છે. તેમજ પ્રથમ પ્રસૂતિ વખતે કન્યાને પિયર જવાનો રિવાજ છે અને પછી જયારે સાસરે વળાવવામાં આવે છે ત્યારે બીજુ આણું મુકવામાં આવે છે.જેને 'અઘર્ણીનું આણું' કહેવામાં આવે છે. આ ઉપરાંત પહેલાનાં સમયમાં બીજા બાળક સમયે પણ આણું કરવાનો રિવાજ હતો. આજે તે જોવા મળતું નથી.

આ જ્ઞાતિમાં લગ્નપસંગે ખર્ચ ઘટાડવાનાં ધ્યેયનાં કારણે સમુહલગ્નની શરૂઆત પણ થઈ છે. ઈ.સ ૧૯૯૬ માં પ્રથમ સમુહલગ્ન કાર્ય મહુવા તાલુકાનાં ગુંદરણા ગામનાં શિક્ષિત યુવાનોએ આરંભ્યુ હતું. આજે આ સમુહલગ્ન મહુવા, ભાવનગર, મુંબઈ જેવા નગરોમાં પણ અસ્તિત્વ ધરાવે છે. આ સમૂહલગ્નનાં કારણે જ્ઞાતિનાં સમૃધ્ધ પરિવારોને પોતાનાં પૈસાનો સદ્‌ઉપયોગ કરવાની તક મળી અને ગરીબ પરિવારને આર્થિક સહાય ઊભી થઈ છે. પરતું આ સમૂહલગ્નનાં અમુક નિયમોનાં કારણે લગ્નગીતોનું મહત્વ ઓછુ થતું જાય છે.

આ જ્ઞાતિ અન્ય જ્ઞાતિની સરખામણીમાં વધારે રૂઢિચૂસ્ત હોવાથી –એકાદ કિસ્સાને બાદ કરતા –આંતરજ્ઞાતિ લગ્ન જોવા મળતા નથી.

આ જ્ઞાતિમાં જમાઈને 'પટેલ ' શબ્દથી સંબોધવામાં આવે છે. જમાઈ જયારે સાસરિયામાં આવે ત્યારે તેનું માન અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં ઓછું જોવા મળે છે .જેના ઉપરથી તે સમાજમાં પ્રચલિત ઉકિત પણ છે કે 'પટેલનું માન પાડા જેટલું' ભેંસને પાડી આવે તો તેને સાચવવામાં આવે છે કારણકે તે મોટી થઈને દૂધ આપશે . પરંતુ પાડાની કોઈ ઉપયોગીતા ન હોવાથી તેને ઓછો સાચવવામાં આવે છે.

મનુષ્યનાં જીવનમાં જન્મ અને મરણ વચ્ચેનો મહત્વનો પ્રસંગ તે લગ્ન છે ગુજરાતની મોટાભાગની જાતિઓમાં આજે આ પ્રસંગ નવારૂપે અને નવારંગ ઉજવાય છે. આ પ્રસંગ દ્વારા સ્ત્રી અને પુરુષ જોડાય છે અને પોતાનાં દામ્પત્યજીવનની શુભ શરૂઆત કરે છે. તેથી જ કદાચ કહેવાયું છે કે "સર્વકાવ્યોનું મહાકાવ્ય લગ્ન છે" (૧)

ખરક જ્ઞાતિમાં પણ આ પ્રસંગ વર અને કન્યા બંને પક્ષે ઉત્સાહ અને ઉમંગથી ઉજવાય છે. આ બંને પક્ષોનું એક આગવું સ્થાન હોય છે. આ લગ્ન પ્રસંગ દરેક જ્ઞાતિમાં પોતાનાં રીત–રિવાજો અને માન્યતાઓ અનુસાર અનેક વિધિ–વિધાનોથી સંકળાયેલા હોય છે. આ દરેક વિધિઓ સાથે તેને અનુરૂપ લગ્નગીતો જોડાયેલા હોય છે.

આ લગ્નગીતો મોટે ભાગે સ્ત્રીઓ જ ગાય છે અને ઝીલે છે. ખરક જ્ઞાતિમાં એક બે સ્ત્રીઓ ગાય છે અને બીજી સ્ત્રીઓ ઝીલે છે પણ કયારેક અમુક ગીત બધી સ્ત્રીઓ એક સાથે ગાતી પણ સાંભળવા મળે છે. આ ખરક જ્ઞાતિનાં લગ્નગીતોને તેની લગ્નવિધિ અનુસાર નીચે મુજબ સમજવાનો પ્રયત્ન કરીશું.

(૧) વેવિશાળ (સગપણ)

ખરક જ્ઞાતિમાં વેવિશાળ કરતી વખતે કન્યાપક્ષને ત્યાં ગોળ ખાવાનો રિવાજ છે. તેમા બંને પક્ષનાં વડિલપુરૂષો સામ સામે બેસીને એકબીજા ગોળ ખાય છે. તેમજ આ પ્રસંગે કુટુંબીજનો તથા ગોર ને પણ આમંત્રણ આપવામાં આવે છે. ગોર પોતાનાં ચોપડામાં જોઈને ગોળ ખાવાનું મુહૂર્ત નક્કી કરે છે ને ગોળ ખાયા પછી બધાને ચાંદલા કરી આ સંબંધ નક્કી થયાનું જાહેર કરે છે. આ ગોળ ખાતી વખતે સ્ત્રીઓ ગીતો ગાય છે જેમકે,

"વાટકડીમાં ઘી ગોળ ઘૂટયા
ઘીમાં પડયો ચોખો
વેવાઈને ઘળકો લાગ્યો .
રામજી ભાઈતો જમી ઉઠયા
ભરત ભાઈતો ચાટે હોઠ
વેવાઈને ઘળકો લાગ્યો."

કપાળ પર ગોર દ્વારા ચાંદલો કરી તેના પર ચોખા ચોટાડવામાં આવે છે. આ ચોખા કયારેક વાસણમાં ખરી પડે છે અને તેનાથી કેવું પરિણામ આવે છે તે અહી લોકકવિએ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

અહી વેવાણ ઘી લઈને આવે છે તેમાં અચાનક ચોખો પડી જાય છે. તેથી થાળીમાં નાખતા ચોખો હોવાથી 'ઘળકો' પડી જાય છે. બીજી રીતે તપાસીએ

તો ઘી એ શકિતનું પ્રતીક છે. જયારે ચોખો શુધ્ધતાનું પ્રતીક છે. આમ અહિ શકિત –શુધ્ધતાનું જોડાણ  જોઈ શકાય છે.

" મારા નવલા વેવાઈ કરી નવલી સગાઈ

આવો કાનજી વેવાઈ ઢાળુ ઢોલિયા તળાઈ

ઢાળુ ઢોલિયા તળાઈ મંગાવુ આઈસ્કીમ મલાઈ

મંગાવુ આઈસ્કીમ મલાઈ પીઓ કાનજી વેવાઈ "

સગપણ થવાથી બને પક્ષો વચ્ચે નવો સંબંધ સ્થપાય છે અને તેથી આવનાર વ્યકિતઓ તેના મહેમાન બને છે. તેની મહેમાનગતી માટે ઢોલિયો પથરાય છે અને ખાવા–પીવા માટે અનેક વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત પ્રસ્તુત ગીતમાં લોકકવિએ સગાઈ ,તળાઈ ,મલાઈ, વેવાઈ જેવાં પ્રાસયુકત શબ્દોનો સુંદર વિનિયોગ કર્યો છે.

## (૨) નાળિયેર વધામણા

સગપણ થયા પછી કન્યાપક્ષ દ્વારા વરપક્ષને નાળિયર અને સાકર આપવામાં આવે છે. વરપક્ષ દ્વારા તે નાળિયેર છોકરાનાં હાથમાં મૂકી બાજોઠ પર બેસાડવામાં આવે છે અને વડિલ સ્ત્રીઓ દ્વારા નાળિયેર ચોખાથી વધાવામાં આવે છે એ રીતે કુટુંબમાં દીકરનાં સગપણનો સહર્ષ સ્વીકાર થાય છે

" સોના રૂપાનાં બે નાળિયેર આવ્યાં

નાળિયેર દડતા મેલો રામજીભાઈનાં નાળિયેર આવ્યાં

દાદાનાં હેત વીરા કયાં ભૂલી આવ્યાં

સસરાજીનાં હેત લઈ આવ્યાં રામજીભાઈનાં નાળિયેર આવ્યાં

માતાનાં હેત વીરા કયાં ભૂલી આવ્યાં

સાસુજીનાં હેત લઈ આવ્યાં રામજીભાઈનાં નાળિયેર આવ્યાં"

પ્રસ્તુત ગીતમાં દાદા–સસરા, માતા–સાસુ ,કાકા–કાકાજી, કાકી–કાકીજી, ભાઈ–સાળો ,બેન–સાળી જેવા પાત્રોને મૂકીને ગાવામાં આવે છે. અહી વેવિશાળ થયા પછી પોતાનાં કુંટુંબ પ્રત્યે જે સ્નેહ છે તેવો જ સ્નેહ સાસરિયા પ્રત્યે પણ રાખવો પડે છે. તેમાં પોતાનાં કુંટુંબ પ્રત્યેનો સ્નેહ ઓછો ન થાય તે માટે શિખામણ રૂપે આ ગીત ગાવામાં આવે છે.

" બાજોઠે બેહારો કુંવરને ચોખલિયે વધાવો
ચોખલિયા તો જરી જરી જાશે મોતિડે વધાવો
તેજાતે ભાઈનો કુંવર ભાવેશભાઈને બાજોઠે બેહારો.
બાજોઠે...."

પ્રસ્તુત ગીતમાં ચોખાથી નહિ પરતું આનંદનો અવસર હોવાથી મોતી વડે વધાવવાનું કહેવાય છે. અહી 'ચોખલિયા' અને 'મોતિડે' જેવા શબ્દો કાનને સ્પર્શી જાય તેવા છે. તો લાંબા ઢાળની રચનાં ગીતને કર્ણમધુર બનાવી આપે છે.

(૩) હારડો (ચૂંદડી)

વરપક્ષ દ્વારા કન્યાને હારડો ચડાવવાનો રિવાજ છે આ હારડો (ચૂંદડી) વેવિશાળ પછી બંને પક્ષની અનુકૂળતાએ કરવામાં આવે છે. તેમા કન્યા માટેનાં સોના રૂપાનાં આભૂષણો અને એકાદ જોડ કપડા લઈ જવામાં આવે છે અને મુહૂર્ત જોઈ કન્યાને બાજોઠ પર બેસાડવામાં આવે છે. ત્યારબાદ વરપક્ષની વડિલ સ્ત્રીઓ ચાંદલા કરી ચૂંદડી ઓઢાડે છે અને સાકરથી મો મીઠા કરે છે. ત્યારે એકઠી થયેલ સ્ત્રીઓ ગીતો ગાય છે.

ગુલાબની ચૂંદડી બેનને કોણ અપાવે,
ચૂંદડી સપનામાં બેનને રોજ રડાવે.
પાછુવાળી જોઉ તો બેનનાં સસરાં બોલાવે.
દાદા સરીખા લાડ બેનને કોણ લડાવે,
પાછુવાળી જોઉ તો બેનનાં સાસું બોલાવે,
માતા સરીખા લાડ બેનને કોણ લડાવે.
પાછુવાળી જોઉ તો બેનનાં દેર બોલાવે,
વીરા સરીખા લાડ બેનને કોણ લડાવે.

પ્રસ્તુત ગીતનાં મૂખડામાં નાયિકાની વિરહવેદનાં જોઈ શકાય છે. નાયિકા વેવિશાળ થતા જેનાં નામની ચૂંદડી ઓઢે છે તેની સાથે મધુરદામ્પત્ય વિતાવવાનાં સ્વપ્ન જોતી થઈ જાય છે. આ સપનાઓતો સાકર થશે , પરંતુ માતા– પિતા , ભાઈ– બહેન, કાકા–કાકી, મામ–-મામી, વગેરે સ્વજનોનાં લાડ મળશે નહિ તેની મૂંઝવણ જોવા મળે છે.

"તમે ખોળામાં નાખી ખીચડી રે.
તમે ઘેર ઘેર માંગી દીકરી રે.
તમને કોએ નો આપી ઠીકરી રે.
તમને ભરત ભાઈએ આપી દીકરી રે

તમે ઘણાબધા ઘરે દીકરાનાં વેવિશાળ માટે ફર્યા છો. કોઈએ તમને ઠીકરી પણ આપી નહિ પરતું, અમે દીકરી આપીને તમારા ઉપર ઉપકાર કર્યો છે. તેવો ભાવ અહીં જોઈ શકાય છે . તો ભાષાની દ્રષ્ટિએ વિચારતા ખીચડી, દીકરી, ઠીકરી, જેવાં શબ્દો કર્ણસ્પર્શી બની જાય છે.

## (૪) લગ્ન અને કંકોત્રી લખાણ

કન્યાપક્ષે ગોરને તેડાવી સારા મુહૂર્તે લગ્ન લખવાનો રિવાજ છે. આ લગ્ન સાત, નવ કે અગિયાર દિવસ (વરધીનાં) એમ એકી દિવસોનાં આપવામાં આવે છે. આ ગોર દ્વારા લખાયેલી પત્રિકા પછીથી ફેરા સમયે હસ્તમેળાપ પહેલાં વાંચી સંભળાવામાં આવે છે. આ ઉપરાંત લગ્ન લખાયાબાદ દરેક સગા સંબંધીને યાદ કરીને કંકોત્રી લખવામાં આવે છે અને આ મંગળ અવસરે પધારવા આમંત્રણ આપવામાં આવે છે.

કંકુડા છટાવો ઉપર ચોખલિયા છવરાવો રે
પેલી કંકોતરી ધોળકા ગામ મોકલાવો રે
ગરવા ગણેશજી વેગેવેલા આવો રે.
કંકુડા છંટાવો ઉપર....

બીજી કંકોતરી ભંડારિયા ગામ મોકલાવો રે
કુળદેવી માત તમે વેગે વેલા આવો રે.
કંકુડા છટાવો ઉપર.....

ત્રીજી કંકોતરી ચોટીલા ગામ મોકલાવો રે
ચામુંડા માત તમે વેગે વેલા આવો રે
કંકુડા છટાવો ઉપર ....

કંકોતરી લખીને તેનાં ઉપર કંકુ – ચોખા લગાવવામાં આવે છે. કારણકે કંકુ–ચોખા એ શુભનું પ્રતીક છે. પછી તે કંકોતરી પહેલા વિઘ્નહર્તાદેવ ગણેશજીને સ્થાપને

મુકવામાં આવે છે અને ત્યારબાદ બીજી કંકોતરી પોતનાં કુળદેવીનાં સ્થાનકે મોકલવામાં આવે છે અને પછી વિવિધ જગ્યાએ મોકલવામાં આવે છે. આમ આ લગ્નની શુભ શરૂઆતનો પ્રસંગ ગણાતો હોવાથી પ્રથમ દેવી–દેવતાને યાદ કરવામાં આવે છે.

માંડવડે રે કાંઈ ઢાળો ને બાજોઠી
કે ફરતી મેલોને કંકાવટી રે.
તેડાવો રે મારે આશાપૂરીનાં જોશી
કે આજ મારે લખવી છે કંકોતરી રે.
બંધાવો રે મારે રામજીભાઈને છેડે
કે જાઈ બેની રામુબા ઘરે નોતરા રે
બેની તમે સૂતા છો કે જાગો
કે પિયર પગરણ આવિયા રે
વીરા રે તું કયાં દેશથી આવ્યો રે
કે કઈ તારી નગરીને, કયાં તારા બેસણા રે.
બેની રે હું વાળાંક દેશથી આવ્યો રે
કે ઠળીયા નગરી ચોરે મારા બેસણા રે.
વીરા રે તું કયા ભાઈનો બેટો
કે કઈ માતા ને ઓધર વસ્યો રે.
બેની રે તું ઘડતલિયાની ઘેલી
કે આગણે આવ્યો વીર ન ઓળખ્યો રે.
વીરા રે મને સાસરિએ અરવાળી
કે વાસુરું વાળતા વીરને ઓળખ્યો રે
મોર રે મારે રામજી ભાઈનાં ઘોડા

કે પડઘી વાગેને ધરતી ધમધમે રે.

વશમાં રે મારે રામુબાનાં માફા

કે માફા આવે મલપતા રે.

વાહે ઓલો વેલો કામઢિયો

કે કામઢ તાણેને કોહા કડકડે રે..

ગોર દ્વારા શુભમુહૂર્ત જોઈને લગ્ન લખાયા પછી કંકોત્રી લખવામાં આવે છે. આ કંકોત્રી લઈને વીરો પોતાની બેનને તેડવા જાય છે તેનું વર્ણન પ્રસ્તુત ગીતમાં જોઈ શકાય છે. ત્યારબાદ બેન–ભાઈ વચ્ચેનો મીઠો વાર્તાલાપ આવે છે અને છેલ્લી પંકિતમાં બનેવી (પટેલ) ની મીઠી મશ્કરી પણ જોઈ શકાય છે.

આ ઉપરાંત પ્રસ્તુત ગીતમાં આવતા શબ્દો કે શબ્દજુથો જેવા કે , 'પિયર, પગરણ આવિયા' , 'માતને ઓધર વસ્યો', 'સાસરિયે અરવાળી', 'ધરતી ધમ ધમે', 'માફા આવે મલપતા','કામઢિયો','કોહા કડકડે'. વગેરેમાં લોકકવિની કવિત્વ શકિતનો પરિચય થાય છે.

## (૫) મંડપ મુહૂર્ત

જાન જવાનાં કે આવવાનાં પાંચ, સાત કે નવ દિવસ પહેલા બંને પક્ષે મંડપ રોપવામાં આવે છે. આ મંડપ ગોરની વિધિ અનુસાર પરણનારનાં ભાઈ–ભાભીથી રોપવામાં આવે છે. અહી મંડપ મુહૂર્ત એકી દિવસોમાંજ રાખવામાં આવે છે. આ મંડપનો સ્થંભ પીપળાની તાજી કપાયેલી ડાળનો જ રાખવામાં આવે છે. આ સ્તંભ સાથે માણેકસ્તંભ અને સોપારી પણ દાટવામાં આવે છે. તેમજ આંબાનાં પાનનું તોરણ પણ બાંધવામાં આવે છે. આ મંડપ પ્રથમ વરસાદ સુધી ઉખેડવામાં

આવતો નથી. આ મંડપ મુહૂર્તે કુટુંબની સ્ત્રીઓને આમંત્રણ અપાય છે અને ગીતે ગવડાવવામાં આવે છે.

લીલુડી દ્રક્ષા છાયાનો વીરનો માંડવો
પ્રવીણભાઈ દાદાને પૂછે
દાદા આણંદ શું છે આપડે આંગણે.

કુંવર તુજને પરણાવું
રૂડા લગનિયા લઈ આવું
આણંદ ઈ છે આપડે આંગણે.
– લીલુડી દ્રક્ષા....

પ્રવીણભાઈ કાકાને પૂછે :
કાકા આણંદ શું છે આપડે આંગણે.
ભત્રીજ તુજને પરણાવું
રૂડા કુટુંબડા તેડાવું
આણંદ ઈ છે આપડે આંગણે.
– લીલુડી દ્રક્ષા....

પ્રવીણભાઈ વીરાને પૂછે :
વીરા આણંદ શું છે આપડે આંગણે.
વીરા તુજને પરણાવું
રૂડા માંડવડા રોપાવું
આણંદ ઈ છે આપડે આંગણે.
–લીલુડી દ્રક્ષા....

પ્રસ્તુત ગીતમાં કુટુંબનાં મોભા (સ્થાન) અનુસાર કામ જોવા મળે છે. પિતા (દાદા) પોતાનાં કુંવરનાં લગ્ન લઈ આવે છે. કાકા પોતાનાં ભત્રીજાનાં લગ્નમાં કુટુંબ તેડાવે છે. તો મોટાભાઈ પોતાનાં વીરા માટે મંડપ રોપાવે છે. આમ વડિલો પોતાની ફરજ પમાણેનાં કાર્ય આનંદથી કરે છે અને તે આનંદની અનુભૂતિ સર્વને થાય છે. આમ લગ્ન એ પરણનાર માટે જ નહિ પરંતુ, સમગ્ર કુટુંબ માટે આનંદનો અવસર બની રહે છે.

સોનાં–રૂપાનાં બેનનાં મંડપ રોપાવું.
પછી બાજોઠે હિરલા જડાવું
મારા રે બેન માનો જીરે.

કયોતો મીનાબેન દાદા તેડાવું
પછી માતાનાં મનડા મનાવું
મારા રે બેન માનો જીરે .

કયોતો મીનાબેન કાકા તેડાવું
પછી કાકીનો મનડા મનાવું
મારા રે બેન માનો જીરે..

ગુજરાતનાં કેટલાક લોકગીતોમાં કૃષ્ણ અને રાધાનાં રિસામણા–મનામણા જોવા મળે છે. તેવીજ રીતે પ્રસ્તુત ગીતમાં પણ કન્યાની રિસામણ દુર કરવાનો પ્રયાસ જોઈ શકાય છે.

આ ઉપરાંત પ્રસ્તુત ગીતમાં 'જી રે' જેવા શ્રુતિપૂરક દ્વારા ગાનને લંબાવવામાં આવે છે ત્યારે ગીત કર્ણમધુર બની જાય છે. તો મુખડાની પંક્તિ દ્વારા ભાવ ને વધારે દ્રઢીભૂત કરવામાં આવે છે.

(૬) પાહો (ફૂલેકુ)

જાન જવાની કે આવવાની આગલી રાત્રે પાહો ભરવાનો રિવાજ છે. આ પાહો વરની માતા નહીં પરંતુ, કાકી અથવા ભાભી દ્વારા ભરવામાં આવે છે. તેમાં બેન અને ભાઈ બંને ને હાથમાં ચોખા તથા નાળિયેર આપવામાં આવે છે. શેરીમાં થોડે દુર સુધી નીકળવામાં આવે છે. શેરીમાં રહેનાર વ્યકિતઓ પાહો વધાવવા આવે છે. તેમાં યથાશકિત પૈસા આપવામાં આવે છે અને તે વધાવનારનું મોં મીઠુ કરવામાં માટે સાકર આપવામાં આવે છે. એ રીતે ગામમાં આવા પ્રસંગે એકતા સાધવાનો પ્રયાસ થાય છે. શેરી માંથી પાછા ઘરે આવે છે ત્યારે માતા ચોખાથી વધાવવા જાય છે.

"મખમલની મોજડી, ભરત ભરેલી
ટીકી ટાંકેલી, પેરી ભાવેશભાઈ નીકળ્યા.
ખંઢેરા ગામનાં લોકો વાળી વાળી પૂછે
આરે મોજડી કયાંથી વાપરી."

"વરરાજાનાં વર્ણન કરવામાં પણ જનતાએ જૂદે જૂદે સ્થળે પોતાની રુચિનાં પ્રતિબિંબો પાડીને લગ્નગીતોનાં પ્રવાહને બહુરંગી બનાવ્યો છે. " (૨) અહીં પણ વરરાજાની મોજડીને કલાત્મક દર્શાવી છે. એ મોજડી સામું લોકો નીચે વળીને જુએ છે. તો પછી તેમણે વાપરેલ અન્ય વસ્તું પણ કેટલી કલાત્મક હશે તેનો ચિતાર આવી શકે છે.

"ચમકે ચમકે ચાંદલિયો ચમકે છે
બેનનાં હાથ–પગ ઝરીએ ઝબકે છે
બેનનાં દાદા આવ્યાં ને માતા આવશે
બેનનાં મોટાબાને હરખ નો માય
ચમકે ચમકે ચાંદલિયો ચમકે છે."

રાત્રી જમણ પછી ફૂલેકુ કાઢવામાં આવે છે. તેથી ચંદ્રનાં આછા પ્રકાશમાં હાથ–પગ પર લગાવેલ 'ઝરી' ચમકે છે અને બેની મનોહર રૂપવતી દેખાય છે. આમ ગીતનાં ઉપાડમા સુંદર કવિત્વશકિતનાં દર્શન થાય છે. પરંતુ મુખડાની પંકિત બાદ કરતાં આખાયે ગીતમાં કોઈ નવીનતા જોવા મળતી નથી.

(૭) પીઠી

જાન જવાની આગલી રાત્રે પીઠી ચોળવાનો રિવાજ છે. આ પીઠી મગને ઘંટીથી ભરડીને હળદર તથા તેલનું મિશ્રણ કરીને બનાવવામાં આવે છે. અત્યારનાં આધુનિક સમયમાં આ પીઠી તૈયાર મળતી હોવા છતા પણ ખરક જ્ઞાતિ વધારે રૂઢિચૂસ્ત હોવાનાં કારણે ઘંટલાથી મગને દળે છે. આ માતા, ભાભી કે ફઈ – માસી દ્વારા બાજોઠે બેસાડીને લગાવવામાં આવે છે. પીઠી દ્વારા શરીરના અંગોમાં ચમક આવે છે અને વર્ણ વધારે સુઘડ બને છે.

"પીઠી ચોળે પીઠી રે પિતરાણી
વાહાનો વળ ચોળે રે વીરની માતા.
હાથપગ ચોળે રે વીરની ભોજાઈ
માથાનો મસ ચોળો રે વીરની માસી."

પીઠી ચોળે...

ઝવેરચંદ મેઘાણી સંપાદિત લોકગીત રાજાભરથરીમાં ભરથરી ના'વા બેસે છે અને માતા વાસો ચોળે છે. તેવુંજ ચિત્ર અહિ પણ જોવા મળે છે.

પીઠી ચોળાયા બાદ તેનાં કુટુંબની તેનાથી મોટી ઉંમરની દરેક વ્યકિત 'પાટે ઉતરામણ' (પૈસા) આપે છે અને તેને દરેકને બહેનો પોતાનાં ગીત દ્વારાજ આમંત્રણ આપે છે. જેમકે,

''ઢગડા ઉપર ઢોલડિયા વગડાવો
ભાવેશભાઈનાં દાદાને તેડાવો
દાદા તેજાભાઈ ઓરેલા આવો
જાગે છે પણ આઘાઆઘા ભાગે છે.
ભાવેશભાઈને પાટેથી ઉતરાવો.
ઢગડા ઉપર ... ''

આમ આ ગીતમાં પિતા થી શરૂ કરી માતા, કાકા, કાકી, ભાઈ, ભાભી, ફઈ, ફુવા, વગેરેનાં નામો લેવામાં આવે છે. બધીજ વ્યકિતઓનાં નામ આવી ગયા બાદ તરતજ બીજું ગીત શરૂ કરવામાં આવે છે.

રૂપિયાનો વરસાદ વરસ્યો ભાવેશભાઈ
પાટેથી હેઠા ઉતરોને.
દાદા મનાવે તમારી માતા મનાવે
પાટેથી હેઠા ઉતરોને.

આમ લગ્નગીતોમાં દરેકને કંઈને કંઈ સૂચન બહેનો ગીતો દ્વારાજ કરે છે.

## (૮) ઉકરડી નોતરવી

જાન જવાની આગલી રાત્રે વરપક્ષે ઉકરડી નોતરવાનો રિવાજ છે. અહી વરની ભાભી દીવડો લે છે અને કંકુ–ચોખા સાથે બહાર નીકળે છે. પછી ચોકમાં જઈ

કંકુવાળા ચોખાથી સાથિયો કરવામાં આવે છે અને દીવડો લઈને પાછા આવે છે. આ સમયે આવેલી સ્ત્રીઓ ગીતો ગાય છે.

જી જી રે રણઝણ કરતાં

ભાવના વોવ આવ્યાં,

જી જી રે પાતળિયા પગ

ચાપવા આવ્યાં.

પ્રસ્તુત ગીત બહુ જ ટૂંકું' હોવા છતા નણંદ અને ભોજાઈ વચ્ચેનો મીઠો સંવાદ જોઈ શકાય છે. ભાભીનાં પગમાં ઝાંઝર છે. તેથી તેનો ઝણકાર સંભળાય છે. અને નણંદ પૂછે છે કે, તમને તેડવા ન આવ્યાં હોવા છતા તમે કેમ આવ્યાં છો? તો ભાભી તેનો મીઠો જવાબ આપે છે કે, સાસુ–સસરા વૃધ્ધ થયા છે અને શરીર દુબળા પડી ગયા છે તો તેની સેવા કરવા આવી છે.

આ ઉપરાંત પ્રસ્તુત ગીતમાં 'વોવ' , 'શીદને' જેવા તળપદા શબ્દો જોવા મળે છે. તો 'જી જી રે' જેવો શ્રુતિ પુરકોની સાથે 'રણઝણ', 'પાતળિયા' જેવા શબ્દો આપણું ધ્યાન ખેંચે છે.

" ––––– ગામને ગોંદરે બે નાળિયેરી

વેચાય ગઢુલા બળદ બે નાળિયેરી

–– વોવ કે મારો છે બાપ બે નાળિયેરી

બાપ બાપ કરતાં નીસર્યા બે નાળિયેરી

બાપે શિંગડ ફેરવ્યા બે નાળિયેરી

ભાંગ્યા અડબડ હોઠ બે નાળિયેરી."

પ્રસ્તુત ગીતમાં લોકકવિએ હાલતું-ચાલતું શબ્દચિત્ર મુકવાનો પ્રયાસ કર્યો છે. પ્રથમ પંકિતમાં જ 'બે નાળિયેરી' શબ્દ ઉપકારક નિવડે છે અને બીજી બધી પંકિતમાં તે શ્રુતિ પુરક જેવો લાગે છે. પરંતુ તે લયને ઉપકારક બની રહે છે.

## (૯) સાંજીનાં ગીતો

રાત્રી જમણ (વાળું) પૂર્ણ થયા બાદ ઘરની સ્ત્રીઓ પોતાનાં ઘરકામ માંથી પરિવારને કુટુંબની અન્ય સ્ત્રીઓને ગીતો ગાવા માટે આમંત્રે છે. બધીજ પરસાળમા એકત્ર થઈને નીરાંતે બેસી ગીતો ગાય છે. આ સાંજનાં ગીતો લગ્ન લખાય કે લગ્ન આવે ત્યારથી શરૂકરીને જાન જાય અથવા જાન આવે ત્યાર સુધી ગવડાવવામાં આવે છે. ગીતો પૂર્ણ થયા બાદ બધીજ સ્ત્રીઓને મો મીઠા કરવા માટે પતાસા આપવામાં આવે છે.

"બંધુ દેવ બંધુ ગુણપતિ લાગુ પાય
ગુણપતિદાદા સૌ પેલાં તમારી થાપના.
ચારે દેવ સરિખા એમાં કિયા દેવના માન
ગુણપતિદાદા સૌ પેલા તમારી થાપના.
ચારે દેવ સરિખા એમા ગુણપતિનાં માન
ગુણપતિદાદા સૌ પેલા તમારી થાપના.
—બંધુ દેવ...."

ચારે ભાઈ સરિખા એમાં કિયા ભાઈનાં માન
ગુણપતિદાદા સૌ પેલા તમારી થાપના
ચારે ભાઈ સરિખા એમાં ભાવેશભાઈનાં માન
ગુણપતિદાદા સૌ પેલા તમારી થાપના.

આમ આજના ગીતમાં [illegible] ગુજરાતીનું [illegible] છે અને [illegible] વિભિન્નતાઓનું સ્મરણ કરવામાં આવે છે જેમાં [illegible] છે. પ્રસ્તુત ગીતમાં આવતી પંક્તિ "ગુણપતિદાદા સૌ પેલા નમાવો ચાકલો" [illegible] ભાવને વધારે દ્રઢ બનાવે છે. અહીં ચાર ભાઈ કે ચાર બેન ન હોવા છતાં [illegible] જ ઉલ્લેખ જોવા મળે છે.

"આંબાની કોયલ આંબે જઈ બેઠી
સુડો બેઠો રે સુકલ લાકડે.
દાદા તેજાભાઈ આંબો વેરાવો
તેનાં ઉતરાવો રંગત ઢોલિયો.
ઈરે ઢોલિયે ભાવેશભાઈ પોઢશે
ને પાતળા દીશુ વોવ વાહર ઢોળશે.
વાહર ઢોળતા વોવને નિંદરડી આવી
હાથ માંથી પડી ગયો વીજણો
રમતાને ભમતા દેરી જયેશભાઈ
લઈ લીધો રે વોવનો વીજણો
કયા તો દેરીડા મોટર અપાવું
આપી દીયો મારા વીજણા

ઈરે મોટર ભાભી નજરે નો ઠઠી
નથી લીધો રે તારો વીજણો
કયો તો દેરીડા ઘોડલા અપાવું
તારો ઘોડલો તો ભાભી હાંકતા ન આવડે
નથી લીધો રે તારો વીજણો
કયો તો દેરીડા બેની પરણાવું
આપી દીયો મારો વીજણો
તારી બેની તો ભાભી તમ કરતા કાળી
નથી લીધો રે તારો વીજણો
કયો તો દેરીડા સહિયર પરણાવું
આપી દીયો મારો વીજણો
તારી સહિયર તો ભાભી ધમકે પણ્યાવું
પાછલી પછીતે તારો વીજણો."

પ્રસ્તુત ગીતની શરૂઆતમાં પતિપરાયણ સ્ત્રીનું શબ્દચિત્ર મુકવામાં આવ્યું છે. ત્યારબાદ દેર અને ભોજાઈ (ભાભી) વચ્ચેનાં સંવાદોમાં પ્રસ્તુત સમાજમાં જોવા મળતા દેર અને ભોજાઈ વચ્ચેનાં મીઠા ઝઘડા અને તેનું નિરાકરણ રજૂ થાય છે. જેમા બંને વચ્ચેનાં મીઠા સંબંધને નિરૂપવામાં આવ્યો છે. દેર માટે વપરાયેલ 'દેરીડા ' સંબોધન ભાભી દ્વારા લડાવવમાં આવતા લાડનો નિર્દેશ કરી જાય છે.

(૧૦) જાન પ્રસ્થાન

દરેક જ્ઞાતીમાં દીકરાની જાન જોડવામાં આવે છે. તેમાં કુટુંબ તથા સગાવ્હાલાને આમંત્રણ આપવામાં આવે છે. આ જાન વાહનવ્યવહાર ન હતા ત્યારે બળદગાડામાં જોડવામાં આવતી. આજે ટ્રેકટર, ખટારા, મોટર કે બસ જેવા વાહનોમાં જોવા મળે છે. આ જાન એક ગામથી બીજે ગામ પહોંચે ત્યાં સુધી રસ્તે ગીતો ગવાય છે.

મોટર ઉભી વાડીનાં વડ હેઠ
તમે ભાવેશ ભાઈ કોની જુઓ વાટ
અમે જોઈએ અમારાં દાદાજીની વાટ
દાદા તેજાભાઈ આવે, મોટર ચાલે ને ચલાવે માણારાજ.
મોટર ઉભી વાડીનાં વડ હેઠ
તમે ભાવેશ ભાઈ કોની જુઓ વાટ
અમે જોઈએ અમારાં કાકાજીની વાટ
કાકા સવજીભાઈ આવે, મોટર ચાલે ને ચલાવે માણારાજ.

પ્રસ્તુત ગીતમાં વરરાજા અને ગીત ગાનાર બહેનો વચ્ચેનો સંવાદ રજૂ થાય છે. તે સંવાદ દ્વારા જાનમાં આવનાર દરેક મોભાદાર વ્યકિતઓની નોંધ લેવામાં આવે છે. આ ઉપરાત મુખડાની પંકિતમાં નિરૂપાયેલ શબ્દચિત્ર લોકકવિની ભાષા -સૂઝનું પરિણામ છે.

મારાં વીરને સોનાની લકઝરી
કે રૂપા કેરા પૈડા માણારાજ .
મારા વીરનાં સસરાએ પૂછાવ્યું
કે જમાઈ મોડા આવ્યાં માણારાજ .
સસરાજી અમે સુરતનાં રે'વાશી

કે ગામડે ભૂલા પડયાં માણારાજ

મારા વીરને....

મારા વીરાનાં કાકાજીએ પૂછાવ્યું

કે જમાઈ મોડા આવ્યાં માણારાજ .

કાકાજી અમે કલકત્તાનાં રે'વાશી

કે ગામડે ભૂલા પડયાં માણારાજ .

મારા વીરને....

મારા વીરાનાં મામાજીએ પૂછાવ્યું

કે જમાઈ મોડા આવ્યાં માણારાજ .

મામાજી અમે મુંબઈનાં રે'વાશી

કે એસ.ટી. મોડી પડી માણારાજ

મારા વીરને.....

મારા વીરાનાં સાળાએ પૂછાવ્યું

કે બનેવી મોડા આવ્યાં માણારાજ.

સાળાજી અમે શહેરનાં રે' વાશી

કે ડેલીએ ભૂલા પડયાં માણારાજ.

મારા વીરને સોનાની લકઝરી

કે રૂપા કેરા પૈડા માણારાજ.

પ્રસ્તુત ગીતમાં વરરાજા અને તેનાં સાસરાપક્ષનાં વડીલો વચ્ચેનો સંવાદ રજૂ થાય છે. મુખડાની પંકિતમાં ' સોનાની લકઝરી ' અને ' રૂપાનાં પૈડા ' વર્ણવવામાં આવ્યા છે જે અવાસ્તવિક લાગે છે પરંતુ અહિ તેને ભાવને અનુરૂપ જોતા વધારે આસ્વાદક્ષમ બની રહે છે.

(૧૧) ઉતારો

દીકરીની જાન આવે ત્યારે કન્યાપક્ષ દ્વારા તે વરરાજા અને જાનમાં આવેલા દરેક માટે બાજુનાં અલગ ઘરે ઉતારાની વ્યવસ્થા કરવામા આવે છે. આ ઉતારા માટેનાં ગીતો પણ જોવા મળે છે. જેમકે જયારે જાન ગામમા પહોંચે છે ત્યારે ગીત ગવાય છે કે ,

બેલ વાગ્યો વેવાયો સૂતા જાગજો રે
સૂતા જાગજો રે સગવડ રાખજો રે.
અમારી જાનમાં આવ્યાં છે બધા સુરતી રે
તેને બેસવા જોશે ટેબલ ખુરશી રે.
અમારી જાનમાં આવ્યાં છે બધા મોટા રે
તેને પીવા જોશે સરબત લોટા રે.
અમારી જાનમાં આવ્યાં છે બધા બાબુ રે
તેને નાવા જોશે અંતર સાબુ રે.

પ્રસ્તુત ગીતમાં પોતાને જરૂરી ઉતારાની માંગણી મુકાવામાં આવી છે.તેમજ જાગજો–રાખજો, સુરતી– ખુરશી,મોટા–લોટા, બાબુ–સાબુ,વગેરે જેવાં પ્રાસયુક્ત શબ્દોનો સુંદર વિનિયોગ જોઈ શકાય છે.

રૂડો ને રંગીલો રે, વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ
રૂમમાં તો રોટલાની અભરાયું, વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ
રૂમમાં તો ઝાળાની દીવાલું, વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ
રૂમમાં તો પેટીયુંની હારુ, વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ
રૂડોને રંગીલો રે, વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

[illegible]

[illegible]

### [illegible] વીંટી પહેરાવવાનો રિવાજ

જાન ઉતારે પહોંચ્યા પછી સામેના પક્ષની [illegible] રિવાજ આ જ્ઞાતિમાં છે. જેમાં વરરાજાની સાસુ [illegible] ઉતારે આવે છે અને વરરાજાને ચાંદલો કરી વીંટી પહેરાવે છે [illegible] અને વીંટી પહેરાવે ત્યાં સુધી માંડવા પક્ષની બહેનો ગીત ગાય છે.

અમારો માન સરુખો માંડવો
તમારી જોયા સરુખી જાન
પધારો શેઠિયા.
તમને કોણ રસ તેડા મોકલે
તમને કોણ રસ દેશે માન
પધારો શેઠિયા.
તમને પ્રેમજીભાઈ રસ તેડા મોકલે
તમને માયાબેન રસ દેશે માન
પધારો શેઠિયા.
અમારો માન સુરખો માંડવો
તમારી જોયા સુરખી જાન
પધારો શેઠિયા

પ્રસ્તુત ગીત માંડવેથી ઉતારે જતી વખતે રસ્તે ગવાય છે. મુખડાની પંકિતમાં બંને પક્ષ વચ્ચેનો પ્રેમભાવ વ્યકત થાય છે.

ખસો ખસો જમાઈના મિત્રો
જમાઈ ને મારે જોવા છે.
ને ખસો તો બોલવાનું થાશે
જમાઈ ને મારે જોવા છે.
ખસો ખસો જમાઈની બેનો
જમાઈ ને મારે જોવા છે.
ને ખસો તો એકિસડન્ટ થાશે
જમાઈ ને મારે જોવા છે.
ખસો ખસો જમાઈનાં અણવર
જમાઈ ને મારે જોવા છે.
નૈ ખસો તો ગીરદી થાશે
જમાઈ ને મારે જોવા છે.

વરરાજા જયારે પોતાનાં ગામમાં પધારે છે ત્યારે કન્યાની બહેનપણીઓ તથા કુટુંબી સ્ત્રીઓને તે વરરાજાને જોવાની એક તાલાવેલી હોય છે. જે પ્રસ્તુત ગીતમાં આવતી 'જમાઈને મારે જોવા છે' પંકિતનાં પુનરાવર્તન દ્વારા વ્યકત થાય છે.

માંડવેથી ઉતારે જઈ આવ્યાં
મીનાબેન અમે તમારા મિસ્ટરને જોયાવ્યાં.
લકિક ઉપર ઘડિયાર દઈ આવ્યાં
મીનાબેન અમે તમારા મિસ્ટરને જોયાવ્યાં.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉનારેથી માણ્ણ વળના આ ગીત ગવાય છે. [illegible] હોંશનો આનંદ વ્યક્ત થયો છે. તેમજ પ્રસ્તુત ગીતમાં 'કેડે [illegible]' [illegible] શબ્દની [illegible] 'મિસ્ટર' જેવો અંગ્રેજી શબ્દ પણ કેવો સહજ રીતે [illegible] જોઈ શકાય છે.

(૧૩) હથરણું (હથણું)

વરપક્ષ દ્વારા કન્યાને હથરણું આપવાનો રિવાજ છે. જેમાં વરરાજાના મામા–ભાઈ વગેરે અમુક પુરૂષો જાય છે. મામાનાં હાથમાં તાબાનો નાસ્ત હોય છે. જેમાં જરૂરી વસ્તુઓ જેવીકે સાકર, ઘરચોળુ, વરમાળા, મોડિયાં, ઘરેણું વગેરે આપવામાં આવે છે. આ ઉપરાંત વરરાજાનો નાનો ભાઈ પણ હોય છે. જેને '[illegible]' કહેવામાં આવે છે. પોતાની ભોજાઈને બાજોઠ પગ ધોવે છે અને ચપ્પલ પહેરાવે છે. એ રીતે કન્યાના ઘરથી જ તેની સેવા કરવાનો સ્વીકાર થઈ જાય છે. આ પ્રસંગે વરપક્ષની કોઈ સ્ત્રીઓ હોતી નથી પરંતુ કન્યાપક્ષની સ્ત્રીઓ ત્યાં હાજર હોય છે અને [illegible] ગીતો ગાય છે.

માંડવામાં બેસી આનંદ કરો રે મીનાબેન

કરો રે મીનાબેન.

[illegible]

[illegible]

મનગમતાં [illegible] લાવ્યાં રે મીનાબેન

લાવ્યા રે મીનાબેન

મન ગમતું સાસરું તમને મળ્યું.

તમારા સસરાજીને સોનાની દુકાન છે.

મનગમતો હાર લાવ્યા રે મીનાબેન

લાવ્યા રે મીનાબેન

મનગમતું સાસરું તમને મળ્યું.

તમારા સસરાને ચપ્પલની દુકાન છે.

મનગમતા ચપ્પલ લાવ્યા રે મીનાબેન

લાવ્યાં રે મીનાબેન.....

મન ગમતું સાસરું તમને મળ્યું.

દીકરીનું સાસરિયું એટલું સુંદર છે કે તેમની જરૂરિયાત મુજબની બધી જ વસ્તુઓ લાવ્યા છે. તેથી દીકરી મંડપમાં છે છતા તેનો આનંદ અજાણ્યો રહેતો નથી. તે આનંદનું નિરૂપણ અહીં થયું છે. આ ઉપરાંત ગીતમાં આવતા શબ્દનો અનુપ્રાસ ગીતને વધારે કર્ણમધુર બનાવી દે છે.

બેનનો દેર આવ્યો પુરાનો [illegible] લાવ્યો

ચલ જાવ ચલ જાવ રે આ બેની અમારા છે.

બેન નો જેઠ આવ્યો [illegible] લાવ્યો

ચલ જાવ ચલ જાવ રે આ બેની અમારા છે.

બેનના મામાજી આવ્યો [illegible] લાવ્યા

[illegible]

પ્રસ્તુત ગીત દ્વારા વસ્તુ આપી [illegible] ગમે તેટલી વસ્તુઓ આપો પરંતુ અમારી [illegible] નહીં આપીએ તેવો ભાવ વ્યક્ત થાય છે. આવી [illegible] વચ્ચેનો અતૂટ સંબંધ વ્યક્ત થાય છે.

(૧૪) વરઘોડો

હસ્તમેળાપનાં અમુક સમય પહેલા વરરાજાને તૈયાર કરી ઉત્સાહે ઘોડી પર બેસાડવામાં આવે છે. અત્યારનાં આધુનિક સમયમાં મોટર, સ્કુટર કે ટ્રેક્ટર જેવા વાહનો ઉપર પણ બેસાડમાં આવે છે. તથા ઢોલ અને શરણાય અથવા બેન્ડબાજાનાં તાલ સાથે તાલ મિલાવી નાચતા જાય છે. આ સમયે જાનમાં આવેલ બધી સ્ત્રીઓ ગીતો ગાતી વરરાજાની પાછળ ચાલતી આવે છે. અને આ વરઘોડો' કન્યાનાં ઘરસુધી (મંડપ સુધી) પહોંચે છે.

રોઝી ઘોડી પાતળિયો અસવાર રે
ભાવેશભાઈ ચડ્યા ઘોડલે રે લોલ.
દીકરીવોવ પૂછે તેનાં દાદાને વાત રે
વરઘોડા કોનાં આવિયા રે લોલ.
પરણે પરણે તેજા તે ભાઈનો કુંવર રે
વરઘોડા ભાવેશભાઈ તણા રે લોલ.
... રોઝી ઘોડી...

દીકરીવોવ પૂછે તેનાં કાકાને વાત રે
વરઘોડા કોના આવિયા રે લોલ.

પરણે પરણે સુના તે ભાઈનો ભાત્રીજે રે

વરઘોડા ભાવેશભાઈ તણા રે લોલ

. રોજી ઘોડી....

દીશુ વોવ પૂછે તેનાં વીરાને વાત રે

વરઘોડા કોનાં આવિયા રે લોલ

પરણે પરણે જયેશભાઈનો બાંધેવ રે

વરઘોડા ભાવેશભાઈ તણા રે લોલ

. રોજી ઘોડી....

રોજડી ઘોડી અને પાતળિયો વર આપણાં લોકગીતમાં ઉત્તમ મનાય છે. તેનું વર્ણન અહી મૂખડાની પંકિતમાં જોવા મળે છે. તેમજ આગળ કન્યા અને તેનાં સંબંધી વચ્ચેનો સંવાદ જોવા મળે છે. જેમા જેવો સંબંધ તેવો જવાબ મળે છે. આ ઉપરાંત ગીતમાં આવતા 'રે', 'રે લોલ' જેવાં શ્રુતિપૂરકો ગીતને કર્ણપિય બનાવે છે.

મોતી પોરવેલો ગઝરો ને મારૂતિમાં લેટ

મારા વીરનો વરઘોડો જાય છે.

દાદા સાથે માતા સાથે મોટાબાનો સાથ

મારા વીરનો વરઘોડો જાય છે.

કાકા સાથે કાકી સાથે ફઈબાનો સાથ

મારા વીરનો વરઘોડો જાય છે.

મામા સાથે મામી સાથે માસીબાનો સાથ

મારા વીરનો વરઘોડો જાય છે.

વીરા સાથે ભોજાઈ સાથે બેનીબાનો સાથ

મારા વીરનો વરઘોડો જાય છે.

[illegible]

### (૧૫) પાણી પાવાનો રિવાજ

વરઘોડો ઘરથી થોડે દૂર હોય ત્યારે કન્યાપક્ષ દ્વારા વરરાજાને પાણી પાવાનો રિવાજ છે. તેમાં વરરાજાની સાળી (કન્યાની નાની બહેન) માથે ત્રાંબાની હેલ્ડી લઈ, શ્રીફળ લઈને પાણી પાવા આવે છે. ત્યારે કન્યાપક્ષની સ્ત્રીઓ દ્વારા ગીતો ગવાય છે.

ઉચા નીચા નદીયુંનાં નીર રે દાદા,
એ વરરાજા કેમ કરી આવે.
મેકલો દાદા ઘોડલાની જોડુ રે દાદા
એ વરરાજા બેસી આવે.
નથી રે દીકરી ઘોડલાની જોડુ રે દીકરી
એ વરરાજો ગજરે આવે.
—ઉચા નીચા નદીયુંનાં.....
મેકલો કાકા મોટરુંની જોડુ રે કાકા
એ વરરાજા બેસી આવે.
નથી રે દીકરી મોટરુંની જોડુ રે દીકરી
એ વરરાજો ગજરે આવે.
—ઉચા નીચા નદીયુંનાં.....

નદીમાં વહેતું પાણી જેમ અનેક ચડ-ઉતાર માંથી પસાર થાય છે તેમ આપણું જીવન પણ અનેક વારા-ફેરા માંથી પસાર થતું હોય છે. જેમાં મુશ્કેલીનાં

[illegible] પિતા,કાકા,મામા કે વીરા ને મહત્વ [illegible] એને મહત્વ આપવાની ના કહે છે. આમ આખુંય ગીત-મુખ[illegible] [illegible] રજૂ થાય છે.

કેવા ગોતર ગોત્યાં મીનાબા બેની
કોણ કોણ જોવા ગ્યાતાં મીનાબા બેની
દાદા જોવા ગ્યાતાં મીનાબા બેની
કાળા ગોતર ગોત્યાં મીનાબા બેની
કેવા ગોતર....
વીરા જોવા ગ્યાતાં મીનાબા બેની
નીચા ગોતર ગોત્યાં મીનાબા બેની
કેવા ગોતર....
કાકા જોવા ગ્યાતાં મીનાબા બેની
જાડાં ગોતર ગોત્યાં મીનાબા બેની
કેવા ગોતર....

પ્રસ્તુત ગીત વરરાજાનાં રૂપ વર્ણનને તાદ્રશ્ય કરે છે. તેમાં વરરાજાનાં રૂપને આધારે પંક્તિઓમાં ફેરફાર કરવામાં આવે છે. આથી આ ગીત [illegible] રીતે ગાઈ શકાય છે અને તેમાં તાઝગી જોવા મળે છે. તેમજ 'મીનાબા બેની' શબ્દનાં પુનરાવર્ત દ્વારા લયમાધુર્ય જોવા મળે છે.

(૧૬) પોખણાં

વરઘોડો જ્યારે મંડપ સુધી પહોંચે ત્યારે વરરાજાને ઘરના દરવાજે બાજોઠ પર ઊભો રાખવામા આવે છે અને શાસ્ત્રોક્તવિધિ અનુસાર સાસુ દ્વારા પોખવામાં આવે છે. આ રીતે વરરાજાને સાસરિયા તરફથી આવકાર મળે છે. આ પ્રસંગે વેવાણની હળવી મશ્કરી માટે વરપક્ષ દ્વારા ગીતો ગવાય છે.

જલદી પોખો જલદી પોખો રે
મારા વીરાને જલદી પોખો રે
ફૂલડું કરમાય છે છોકરું શરમાય છે.
જલદી પોખો જલદી પોખો રે
મારા વીરાને જલદી પોખો રે
છોકરું શરમાય છે બાળેક બી જાય છે
જલદી પોખો જલદી પોખો રે
મારા વીરાને જલદી પોખો રે

દીકરો વેવિશાળ થયા પછી આજે પહેલી વખત પોતાનાં સાસરામાં આવે છે તેથી શરમ લાગે છે અને ગીત ગાનાર બહેનો તેની સાસુને જલદી પોખવાનું કહે છે. પ્રસ્તુત ગીતમાં 'જલદી પોખો' શબ્દનું પુનરાવર્તન થાય છે તેનાં લીધે ગીત વધારે લયબધ્ધ લાગે છે. આ ઉપરાંત જેમ ફૂલ ચૂંટી લેવાથી કરમાય જાય છે તેમ શરમાળ વીરો શરમાય છે તેવી ઉપમા આપે છે તે આસ્વાદ્ય છે.

વેવાણ કોઈ દે જમાઈ પોખ્યો કે ના ભૈ ના
વેવાણ આજ જમાઈ પોખ્યો કે હા ભૈ હા
ભાવેશ ભાઈને કર્મે-દાંશુ વોવને શરમે કે
આજ જમાઈ પોખ્યો કે હા ભૈ હા
વેવાણ કોઈ દે ચૂંદડી ઓઢી કે ના ભૈ ના

વેવાણ આજ ચૂંદડી ઓઢી કે હા ભૈ હા

ભાવેશ ભાઈને કર્મે–દીશુ વોવને શરમે કે

આજ જમાઈ પોખ્યો કે હા ભૈ હા

વેવાણ કોઈ દે ચાંદલો કર્યા કે ના ભૈ ના

વેવાણ આજ ચાંદલો કર્યો કે હા ભૈ હા

ભાવેશભાઈ ને કર્મે દીશુ વોવ ને શરમે કે

આજ ચાંદલો કાર્યો કે હા ભૈ હા.

પ્રસ્તુત ગીતમાં વેવાણની મીઠી મશ્કરી જોવા મળે છે. એકજ પંક્તિમાં પૂછાતો પ્રશ્ન અને તેનો ટૂંકો, લ્હેકાદાર જવાબ ગીતની ભાષાની દ્રષ્ટિએ ઉત્તમ છે. આ 'હા ભૈ હા' અને 'ના ભૈ ના' નાં લહેકાથી ગીત વધારે કર્ણપ્રિય બને છે.

આ ઉપરાંત આ સમયે કન્યાપક્ષની સ્ત્રીઓ દ્વારા પણ ગીતો ગવાય છે.

થંભી રીયો માંડવાની બાર

ઉતાવળ શીદને કરો છો.

અમારી બેની તો હજી સાડી પેરે છે

સાડી પેરંતા લાગે વાર

ઉતાવળ શીદને કરો છો.

અમારી બેની તો હજી ટીલડી ચોડે છે

ટીલડી ચોડંતા લાગે વાર

ઉતાવળ શીદને કરો છો.

અમારી બેની તો હજી શણગાર સજે છે

[illegible]

[illegible]

[illegible] પ્રસ્તુત ગીત ભાષાની [illegible] [illegible] શબ્દોનો પ્રયોગ થયો છે [illegible] તથા 'સજેના' (સજતા) જેવા શબ્દો કાનને ખૂંચી જાય તેવા છે.

(૧૭) હસ્તમેળાપ

સાસુ દ્વારા વધાવ્યા બાદ વરરાજાને મંડપમાં આજોઠ પર બેસાડવામાં આવે છે અને સમય થતા કન્યાને મંડપમાં લાવવામાં આવે છે. પહેલાના સમયમાં આ જ્ઞાતિમાં કન્યાને તેડીને લાવવામાં આવતી કારણકે લાજ મર્યાદાનાં કારણે અને ઘરના વડિલોની હાજરીમાં કન્યાનાં પગ ચાલવા માટે ઉપડતા નથી. કન્યા મંડપમાં આવ્યા પછી વરમાળા પહેરાવી બંનેનાં હાથ મેળાવી હસ્તમેળાપ કરવામાં આવે છે. આમ કન્યાનો હાથ વરરાજાનાં હાથમાં મૂંકવામાં આવે છે. તે રીતે આજથી જ કન્યાની જવાબદારી વરરાજાને સોંપવામાં આવે છે.

ઉંચા ઉંચા બંગલામાં ગરમ પવન વાય
બાર નીસરો તો ભાભી ઠંડા પવન વાય
સસરા દેખો તો ભાભી પિતા ભૂલાય જાય
સાસુજી દેખો તો ભાભી માતા ભૂલાય જાય
ઉંચા ઉંચા બંગલામાં ....
જેઠ દેખો તો ભાભી વીરા ભૂલાય જાય
જેઠાણી દેખો તો ભાભી ભોજાઈ ભૂલાય જાય

કન્યા આજે પરણતી હોવાથી તેને પોતાનાં પિયરથી અલગ થવું પડશે અને બાળપણથી જેમણે લાડ લડાવ્યા છે તેનાથી વિખૂટા થવું પડશે તેથી વેદના સમાયેલી છે. પણ આ વડિલોની ખોટ અમારાં વડિલો પૂર્ણ કરશે તેવું સમજાવવામાં આવે છે.

આ ઉપરાંત મુખડાની પંકિતમાં આવતો ' પવન ' શબ્દની સાથે 'વાય' જેવો તળપદો શબ્દ કેવો સહજ રીતે ગોઠવાય જાય છે તે જોઈ શકાય છે

ભાભી હસને કાઢો જમણો હાથ
કે હસ્તમેળાપ થાય ,
કે જિંદગી તમારી બંધાય .
નથી કાચી માટીનો એ ઘડો
કે તાણ્યો તૂટી જાય
કે પછાડયો ફૂટી જાય
કે જિંદગી તમારી બંધાય .
ભાભી સસરાનાં રાખજો માન
કે દાદા સમાન
કે જિંદગી તમારી બંધાય.
નથી કાચો સૂતરનો તાત
કે તાણ્યો તૂટી જાય
કે તોડયો તૂટી જાય
કે જિંદગી તમારી બંધાય.
ભાભી કાકાજીનાં રાખજો માન

કે કાકા સમાન

કે જિંદગી તમારી બંધાય

વરરાજાનાં હાથમાં સોંપવામાં આવતો હાથ જમણો જ હોય છે. અહીં વર અને કન્યા ગોર દ્વારા કરાવવામાં આવતી વિધિથી જોડાય છે અને સુખ-દુઃખમાં બંન્ને એકબીજાનાં ભાગીદાર બનીને રહે છે. આ પ્રસંગે આવનાર પરણેતરને તેમનાં માતા–પિતા અને કુટુંબીજનો પ્રત્યે જે પ્રેમ હોય છે તે પ્રેમભાવ તેમનાં સાસુ–સસરા, સાસરિયા પત્યે રાખવાની શિખામણ આપવામાં આવે છે.

## (૧૮) વિદાયગીત

હસ્તમેળાપ થયા પછી કન્યા પક્ષની ચાર કે છ બહેનો થાળીમાં ફૂલ અને ચોખાનું મિશ્રણ લઈને મંડપમાં પધારે છે. પછી વરરાજાને વધાવતા વધાવતા એકસાથે ગીત ગવાય છે. આ ગીતને 'વિદાયગીત' કે 'કન્યાવિદાયગીત' નામથી ઓળખવામાં આવે છે.

એ આવ્યો મા (મહા) મઈનો

લગ્ન લખાયો, ઝાકળ છાયો, રંગરસાયો.

આવો તો બેની ફૂલડે વધાવું

બેસો તો બેની હારલો ચડાવું

પ્રથમ નમુ માતા શારદા ને સમરૂ શંકર દેવ જો.

અમુલ્ય અવતાર આપ્યો મુજને જેથી હું સુખી થાવ જો.

સ્નેહે માતા–પિતા સાંભળોને દીકરી થાય છે વિદાય જો.

[illegible]

આપો આશિષ મુજને ને પૂરો હૈયામા હામ જો.
દીકરી વળાવી પ્રેમથી ને તેથી બેની સુખી થાય જો.

દીકરી જન્મે ત્યારથી પારકી એ તો જાણે સૌ લોક જો.
હાથી શોભે દરબારમાં ને દીકરી શોભે ઘરબાર જો.

-----વીરા તમે સાંભળોને હોમી દીયો જવતલ જો.
જવતલ હોમી ને ઉભારિયાને આંખે આંસુડા ધાર જો.
કાકા, મામા, ફૂવા, વીરા આજથી સૌ પારકા ને,
કાકાજી, મામાજી, ફૂવાજીનો લઈ લીધો સંગાથ જો.

ભણાવી -ગણાવીને પોપટ કર્યો ને પોપટ ઉડી જાય જો.
પરઘેર પોપટને કેમ ગમશે તેનો આવશે ખ્યાલ જો.

સૃષ્ટિને આશિષ દેતા જીને દ્રોપદીજીની નાર જો.
દીકરી શોભે સાસરે ને લક્ષ્મી આવે છે દ્વાર જો.

માતાજી મુજને દુ:ખી એટલે એવો દુનિયાનો રિવાજ જો.
માતા-પિતા વિવેકથી ને આંખે આસુડાની ધાર જો.

માતા જેવાં મારાં સાસુજીને બેની જેવી નણદલ જો.
ભાભી જેવા મારા જેઠાણીને છોડો ભાભીનો સંગાથ જો.

માતાજી મુખડે શું કહુને હું દુઃખી નહીં થાવ જો.
કષ્ટ વેઠતા શું કરૂને પતિવ્રતની ટેક જો.

જલ વીનાની માછલીને ચંદ્ર વીનાની રાત જો.
માતા વીનાની એકલીને કેમ જશે દિનરાત જો.

—— ભાઈ કહું તમે સાંભળોને બેની પર રાખજો હેત જો.
આણે ને ટાણે તેડાવજો ને તેથી બેની સુખી થાય જો.

—— બેની કહું તમે સાંભળોને આજથી છેલ્લા પ્રણામ જો.
—— બેન જેવી બેનડીને તેની લેજો સંભાળ જો.

સૈયર સંગમા હું બેસતીને હૈયામાં રાખતી હેત જો.
એ દિન જયારે સાંભરે ને આંખે આસુડાં ધાર જો.

વચને બંધાયા પિતાજીને દીકરી દેવાને કાજ જો.
સસરાં આવ્યાં સાજન લઈને કન્યા લેવાને કાજ જો.

તુલસી વડિલ મારાં માતાજીને જવાદો મારી માત જો.

રુદન કરશો [illegible]

ગાય વળાવી ગોંદરે ને જાય છે આજ પરધર જો,
દીકરી વળાવી સાસરેને એતો ચાલી જાય જો.

ધમ ધમ ધરતી ધ્રુજતીને એમા ધ્રુજુ હું આજ જો,
અંબાજીમાનાં આશિષથી ને ઘનશ્યામ મહારાજ મેર જો.

રણછોડરાયને વિનવુંને કરજો મારી સહાય જો.
મંડપ મારો સુનો પડયોને સુનું આંગણિયું આજ જો.

સુનાં સૈયરનાં મનડાને સુની બેઠી હું આજ જો,
આજથી સૌને 'જય શ્રીકૃષ્ણ' માતા--પિતા ને પ્રણામ જો.

પંખી પોઢે આંબા ડાળીએને કોયલ મીઠા ગીત ગાય જો.
હું તો પોઢું ઘર ઘોડિયે ને માતા હાલરડા ગાય જો.

---- વેવાઈ કહું સાંભળોને મારી બેની નાનેરૂ બાળ જો.
પાણી માંગે તો દુધ આપજોને જાજા લડાવજો લાડ જો.

ધીરે સાદે બોલાવજો ને ઓળખ્યાં તમને આજ જો.
ભૂલ ચૂક મારી સુધારજો ને બોલ્યું કરજો માફ જો.

પિયર આજથી પારકુ સાસરિયુ આમારુ છે.

ભરી સભાને વિનંતી કરૂ ને કરી દેવાની વાત જા.

હે ડુંગર ઉપર દેરડીને

        જમાઈનો દોસ્તાર દરશન કરવા જાય,

રૂપિયો મેલી પાંચ રૂપિયા લે એનાં

        દરશન નિષ્ફળ જાય હોજી રે એનાં દરશન નિષ્ફળ જાય.

હે ડુંગર ઉપર દેરડીને

        બેનીની બેનપણી દરશન કરવા જાય,

પાંચ રૂપિયા મેલી નમન કરે એને

        ખમ્મા કરે ખોડિયાર હોજી રે એને ખમ્મા કરે ખોડિયાર.

રચના રીતિની દ્રષ્ટિએ વિચારતા ગીતની ગોઠવણ સુંદર રીતે થયેલી છે. શરૂઆતમાં એક દુહો મુકાયો છે. જેનો આશય લગ્નમાં ભેગા થયેલ માણસોને શાંત કરવાનો છે.

ગીતની શરૂઆતની પંક્તિમાં વાણીની દેવી સરસ્વતી (શારદા) અને દેવોનાં દેવ શંકરનું સ્મરણ કરવામાં આવ્યું છે. જેમાં મધ્યકાલિન લોકમાનસનાં દર્શન થાય છે. ત્યાર પછી દીકરી પોતાનું પિયર છોડીને સાસરે જાય છે. તેથી બાળપણની સખીઓ, માતાનો લાડ, પિતાનો પ્રેમ, ભાઈ-બેનનો સંગાથ, વડીલો, ઘર, આંગણું છોડવું પડે છે તેની વેદના છે. છતાં પોતે દુનિયાનાં રિવાજ પ્રમાણે સાસરે જાય છે

અને પોતાનાં તુલસી જેવા પવિત્ર વડીલોને દુઃખો ન થવાનું સૂચન કરે છે. તથા પોતાની નાની બહેનની સંભાળ લેવાની ભલામણ કરે છે.

" ધમ ધમ ધરતી ધ્રુજતી ને
એમાં ધ્રુજુ હું આજ જ જો "

પિયર છોડવાનાં દુઃખથી તેને પગ નીચે રહેલી ધરતી ધ્રુજતી લાગે છે. અને પોતાનાં ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગે છે.

ત્યારબાદ ગીત ગાનાર બહેનો પોતાની બહેન માટે તેનાં સસરાને અમુક ભલામણ કરે છે. અને પોતાની ભૂલચુક સુધારવાનું અને બોલ્યું માફ કરવાનું કહે છે.

આ ઉપરાંત ગીતનાં અંતમાં એક દુહો મુકાયો છે. જેમાં પરણનાર વરરાજાનાં મિત્રોની હળવી મશ્કરી મુકવામાં આવી છે. તેમાં ઉતારી પાડવાનો ભાવ નથી પરંતુ વેદનાને હળવી કરવાનો પ્રયાસ થયો છે.

(૧૯) જાન જમણ

અમુક વર્ષ પહેલા રાત્રીનાં તોરણ હોવાથી વરઘોડા પહેલા જાન જમાડવામાં આવતી. આજે મોટા ભાગે દિવસનાં તોરણ જોવા મળે છે. જેથી હસ્તમેળાપ થયા પછી જાન જમાડવામાં આવે છે. આ જાન જમણનાં પ્રસંગને અનુરૂપ પણ ગીતો ગવાય છે.

બાવળી બજાર શેરી સાંકડી
અવળા--સવળી વાણિયોની હાટ રે
વાલો લાગે કેવડો.
પ્રેમજી વેવાઈ ડેલિયું ઉઘાડ જો
આવે છે કાંઈ ખોડિફાડની જાનું રે

આસાન તૈયાર રાખજો.

.બાવળી બજાર શેર…

એકુ એકુ ચૂંદડી સુવા લાખની
એતો મારે દીશુવોવને જોઈ રે
વાલો લાગે કેવડો.

. બાવળી બજાર શેરી .......

એકુ એકુ ટીલડી સુવા લાખની
એ તો મારે દીશુવોવને જોઈ રે
વાલો લાગે કેવડો.

. બાવળી બજાર શેરી......

એકુ એકુ હારલો સુવા લાખનો
એ તો મારે દીશુવોવને જોઈ રે
વાલો લાગે કેવડો.

. બાવળી બજાર શેરી......

પ્રસ્તુત ગીત સ્ત્રીઓ જમવા જતી વખતે રસ્તામાં ગાય છે. આ ગીત દ્વારા પોતે જમવા આવે છે તેથી તૈયારીનું સુચન કરવામાં આવે છે. તો મુખડાની પંક્તિમાં ગામડાનું વાસ્તવ નિરૂપણ જોઈ શકાય છે. આ ઉપરાંત 'વાલો લાગે કેવડો' એ પંક્તિ ગીતમાં કોઈ ચોકક્સ અર્થને પ્રગટ ન કરતી હોવા છતાં લય માટે લેવાયેલ હોય તેવું લાગે છે.

"લાડવા અમને ભાવતા નથી ગાંઠિયા તમે લાવતા નથી.
કરી લો, તપાસ પિરસિયાને ઓડર આપો ભાત કરે તૈયાર.

[illegible]

[illegible]

[illegible]

[illegible] ગીતમાં [illegible]

[illegible] નથી જે આ ગીતમાં તાઝગી રહેલી છે.

"ઉઠો સોરઠિયા લઈ લો ને થાળિયું

લઈ લો ને થાળિયું બગડે છે સાડિયું

અમારાં ભાવેશભાઈને ઝાઝી છે સાળિયું,

ઝાઝી છે સાળિયુંને છાટી જાશે થાળિયું.

ઉઠો સોરઠિયા લઈ લો ને થાળિયું,

લઈ લો ને થાળિયું બગડે છે સાડિયું."

પ્રસ્તુત ગીત જમીને ઉઠતી વખતે ગવાય છે. આ ગીતમાં કટાક્ષનો સૂર જોઈ શકાય છે. જેમાં ઉતારી પાડવાનો ભાવ નથી પરંતુ થોડી મીઠી મશ્કરીના ભાવ જોઈ શકાય છે. ભાષાની દ્રષ્ટિએ વિચારતા 'થાળિયું', 'સાડિયું', 'સાળિયું', જેવા પ્રાસયુક્ત શબ્દોનો વિનિયોગ જોઈ શકાય છે.

(૨૦) મંગળફેરા

આ ખરક જ્ઞાતિમાં અગ્નિની સાક્ષીએ ચારફેરા ફરવાનો રિવાજ છે. જેમાં સાડાત્રણ ફેરા વરરાજા આગળ રહે છે ને અડધો ફેરો કન્યા આગળ હોય છે.

[illegible]

લાંબા ચા ચા ચોટલા રે,

લાંબા ઘૂંઘટા વાળી રે,

ભાવેશભાઈ ઘેર આવે છે.

દાદા છોડતી આવે રે,

માતા ભૂલતી આવે રે,

દીકુવોવ આવે છે.

લાંબા ચોટલા.....

કાકા છોડતી આવે રે,

કાકી ભૂલતી આવે રે,

દીકુવોવ આવે છે.

લાંબા ચોટલા.....

લાંબા વાળ એ સ્ત્રીની સુંદરતા દર્શાવે છે. તો ઘૂંઘટ એ લાજમર્યાદા (આમન્યાં) દર્શાવે છે. અહીં આવનાર કન્યાને સુંદર તથા કુટુંબની મર્યાદા જાળવનારી દર્શાવવામાં આવી છે. આવી કન્યા પોતાનાં કુટુંબને છોડતી–ભૂલતી આવે છે તે આનંદની વાત બની રહે છે.

"ધીમે ધીમે ચાલ ભાભી રેતી નો ઉડાડ,

મારો વીરો શરમાય છે.

સામે તારા સસરાજી બેઠા જરા શરમ રાખ,

મારો વીરો શરમાય છે.

ધીમે ધીમે ચાલ....

સામે તારા કાકાજી બેઠા જરા શરમ રાખ,

મારો વીરો શરમાય છે.

ધીમે ધીમે ચાલ...."

પ્રસ્તુત ગીતમાં ભાભીને અપાતું ખૂલ્લું સુચન જોઈ શકાય છે. ચાલતાં જતાં ક્યારેક રેતી ઉડે છે. અહિ તેવો પ્રસંગ ન બને છતાં ગીત હોંશે હોંશે ગવાતું રહે છે. આ ઉપરાંત ધીમે ચાલવાનાં સુચનવાળું વરરાજા માટે પણ ગીત ગવાય છે.

"ધીમે ધીમે ચાલો મારા વીરા ભાવેશભાઈ

ધીમે ચાલી કૂળને દિપાવો ભાવેશભાઈ

આપડા કૂળમાં દાદા મોટા કેવાય ભાવેશભાઈ

દાદાની આબરૂ વધારો ભાવેશભાઈ"

આ ઉપરાંત ફેરા પૂર્ણ થયા પછી કન્યા પક્ષની સ્ત્રીઓ દ્વારા વધાવવાનો રિવાજ છે. ત્યારે પણ ગીતો ગવાય છે.

તમે સમજુ વેવાઈ સમજી લો

તમે સમજીને ચોરિયું વધાવી લ્યો

મારા વરઘોડિયાને રજા દ્યો

તમે એક હજાર લેતા બે હજાર લ્યો

તમે નૈયો- પૈસો પાછો દ્યો

મારા વરઘોડિયાને રજા દ્યો.

તમે છડા લેતા ઝાંઝર લ્યો

સામે તારા સસરો બેઠા જરા શરમ રાખ,

મારો વીરો શરમાય છે.

ધીમે ધીમે ચાલ....

સામે તારા કાકાજી બેઠા જરા શરમ રાખ,

મારો વીરો શરમાય છે.

ધીમે ધીમે ચાલ...."

પ્રસ્તુત ગીતમાં ભાભીને અપાતું ખૂલ્લું સુચન જોઈ શકાય છે. ચાલતાં જતાં ક્યારેક રેતી ઉડે છે. અહિ તેવો પ્રસંગ ન બને છતાં ગીત હોંશે હોંશે ગવાતું રહે છે. આ ઉપરાંત ધીમે ચાલવાનાં સુચનવાળું વરરાજા માટે પણ ગીત ગવાય છે.

"ધીમે ધીમે ચાલો મારા વીરા ભાવેશભાઈ

ધીમે ચાલી કૂળને દિપાવો ભાવેશભાઈ

આપડા કૂળમાં દાદા મોટા કેવાય ભાવેશભાઈ

દાદાની આબરૂ વધારો ભાવેશભાઈ"

આ ઉપરાંત ફેરા પૂર્ણ થયા પછી કન્યા પક્ષની સ્ત્રીઓ દ્વારા વધાવવાનો રિવાજ છે. ત્યારે પણ ગીતો ગવાય છે.

તમે સમજુ વેવાઈ સમજી લો

તમે સમજીને ચોરિયું વધાવી લ્યો

મારા વરઘોડિયાને રજા ધો

તમે એક હજાર લેતા બે હજાર લ્યો

તમે નૈયો- પૈસો પાછો ધો

મારા વરઘોડિયાને રજા ધો.

તમે છડા લેતા ઝાંઝર લ્યો

તમે ઝાંઝરીની ઘુઘરી પાછી ધ્યો
મારા વરઘોડિયાને રજા ધ્યો.

(૨૧) ફટાણા

ફેરા સમયે વરપક્ષ અને કન્યાપક્ષ બંને દ્વારા મનોરંજન કે મજાક માટે ફટાણા ગવાય છે. "ફટાણા લગ્નગીતોની એક સમૃધ્ધ પરંપરા છે. એમા અશ્લીલ કે બિભત્સ વિગતો હોય છે. એવો એક મત પ્રવર્તે છે. પણ સાવ એવું નથી એમાં ભારો ભાર વિનોદ–કટાક્ષ અને નકકર વાસ્તવને હાસ્યનાં માધ્યમથી અભિવ્યકિત મળતી હોય છે."(૩) ખરક જ્ઞાતિમાં ફટાણામાં કોઈ અશ્લીલતા જોવા મળતી નથી. પરંતુ ગોર, અણવર, વરરાજા અને તેના મિત્રો,જાનૈયા, માંડવિયા, કન્યા અને તેની બેનપણીઓ વગેરેની હળવી મશ્કરી જોવા મળે છે.

"બોરડીનાં બોર તમે કીયા ગામનાં ગોર,
ગોરદાદા ધૂમાડો કેમ થાય છે.
બોરડીનાં બોર તમે ખંઢેરા ગામનાં ગોર,
ગોરદાદા ધૂમાડો કેમ થાય છે.
ઘીનો ખર્ચો થાશે કન્યાનાં દાદા દેશે,
ગોરદાદા ધૂમાડો કેમ થાય છે.
મહુવા પાસે વડલી આ ગોરની કરો બડલી,
ગોરદાદા ધૂમાડો કેમ થાય છે.
વરલ પાસે ટાણા તમે ભાંગી નાખો છાણા,
ગોરદાદા ધૂમાડો કેમ થાય છે."

આ ગીત વરપક્ષે ગવાતું ગીત છે. જેમાં ગોરદેવને ધૂમાડો ન કરવાનું કહે છે. છતા જો થાય તો ઘી નાખવાનું કહેવામાં આવે છે, અને તેમ ન કરે તો બદલી કરવામાં આવશે તેવું સુચવવામાં આવ્યુ છે. તેમજ પ્રસ્તુત ગીતમાં વડલી-બડલી, ગોર-મોર ટાણા-છાંણા વગેરે જેવાં પ્રાસયુકત શબ્દોનો વિનિયોગ જોઈ શકાય છે.

મારી બેની બેસે તેમ બેસો રે,

ભાવેશ જમાઈ પાતળિયા.

તમારાં મોઢેથી માખ્યું ઉડાડો રે,

ભાવેશ જમાઈ પાતળિયા.

તમારાં નેણેથી નિદ્રા ઉડાડો રે,

ભાવેશ જમાઈ પાતળિયા.

તમારાં હાથેથી હોલા ઉડાડો રે,

ભાવેશ જમાઈ પાતળિયા.

તમારાં પગેથી પારેવા ઉડાડો રે,

ભાવેશ જમાઈ પાતળિયા.

પ્રસ્તુત ગીત કન્યાપક્ષ દ્વારાં જ ગવાય છે. આ ગીતનો ઉપાડ સુંદર રીતે થયો છે. તેમજ બે અંતરા સુધી ચાલ બરાબર છે પરંતુ, પછીની પંકિતઓમાં પ્રાસને ઠોકી બેસાડી ગીતને વધારે મોટું બનાવવાનો પ્રયાસ જોઈ શકાય છે.

"ઊચો મંડપ નીચો મંડપમાં શીયો ઢંગ છે.

પડદા ઘણા બાંધ્યા ઊલેચમાં શીયો ઢંગ છે.

ભાભી બિચારા શું કરે એની બેનપણીનો વાંક છે.

ઊચો મંડપ નીચો મંડપમાં શીયો ઢંગ છે.

સાડી ઘણી બાંધી રૂમાલમાં શીયો ઢંગ છે.

ભાભી બિચારાં શું કરે એની બેનપણીના વાંક છે.

ઊંચો મંડપ નીચો મંડપમા શીયો ઢંગ છે.

ઝુમ્મખ ઘણા બાંધ્યા ઘડિયાળમાં શીયો ઢંગ છે.

ભાભી બિચારાં શું કરે એની બેનપણીનાં વાંક છે.

પસ્તુત ગીતમાં કન્યાપક્ષ દ્વારા શણગારવામાં આવેલ મંડપમાં રહેલી ખામીને–ન હોય તો પણ–દર્શાવવામાં આવે છે. 'શીયો ઢંગ છે' શબ્દમાં સ્ત્રી સહજ લ્હેકો જોઈ શકાય છે.

(૨૨) કંસાર જમણ

ચારે ફેરા પૂર્ણ થયા બાદ મંડપમાં જ વર–કન્યાને કંસાર જમાડવાનો રિવાજ છે. આ કંસાર ઘઉનો લોટ ,ખાંડ અને ઘીથી બનાવવામાં આવે છે. કન્યાની માતા દ્વારા વર–કન્યાને કંસાર પિરસવામાં આવે છે.

"રુમઝુમ કરતાં માયા વેવાણ આવ્યાં કંસાર પિરસવા
કંસાર થોડો નો થાય હો વેવાણ કંસાર થોડો નો થાય.
લોટનાં ખોબા ચાર જ ભરજો કંસાર થોડો નો થાય
હો વેવાણ કંસાર થોડો નો થાય.
ખાંડનાં ખોબા ચાર જ ભરજો કંસાર મોળો નો થાય
હો વેવાણ કંસાર મોળો નો થાય.
ઘીનાં ઘળકા ચાર જ રેડજો કંસાર કોરો નો થાય
હો વેવાણ કંસાર કોરો નો થાય."

આ ગીતમાં કંસારમાં વપરાયેલ વસ્તુઓનો નિર્દેશ જોઈ શકાય છે. આ દરેક વસ્તુ સપ્રમાણ રહે તે માટે વેવાણને કાળજી રાખવાનું સુચવાવામાં આવે છે.

આ ગીતની મુખડાની પંક્તિમાં આવતું 'ઝુમઝુમ' ક્રિયાપદ ઉત્તમ છે. તેમજ 'હો વેવાઇ' જેવો લ્હેકો પણ જોઈ શકાય છે.

"લાડો–લાડી જમે રે કંસાર,
કંસાર કેવો ગળ્યો લાગે છે.
પડખે બેસી ભાભીની બેનપણી ટળવળે છે.
ભાભી તેને આંગલડી ચંટાડ ,
કંસાર કેવો ગળ્યો લાગે છે.
પડખે બેસી ભાભીની બેની ટળવળે છે.
ભાભી તેને આંગલડી ચંટાડ ,
કંસાર કેવો ગળ્યો લાગે છે."

પ્રસ્તુત ગીત ભાષાકિય રીતે ઉત્તમ છે. તેમાં વર–કન્યા માટે વપરાયેલ 'લાડો–લાડી' સંબોધન તથા લાડવાચક 'આંગલડી' અને 'ચાટવું' ક્રિયા પદ માટે 'ચંટાડ' વગેરે શબ્દો ઉત્તમ રીતે ગોઠવાયેલા છે.

## (૨૩) માથું ગૂંથવાનો રિવાજ

જાન વળાવતા પહેલા વરપક્ષની સ્ત્રીઓ કન્યાને માથુગૂંથવાં માટે ઊતારે લઈ જાય છે. ત્યાં વરરાજાની ભાભી દ્વારા તેલ નાખી માથુ ગૂંથવામાં આવે છે. ત્યારબાદ કન્યાપક્ષની સ્ત્રીઓ ફટાણાનાં સૂરમાં થોડા ગીતો ગાય છે.

"પ્રાયમસ પેટાવો વેવાય પ્રાયમસ પેટાવો
ચાનાં શોખીન અમે આવ્યાં રે,
વેવાય પ્રાયમસ પેટાવો.
દૂધ ન હોય તો વેવાય દૂધાળા જાજો

એક અમારી સાથે આવી

પડખે બેસીને કેવી કિલ્લોલ કરે છે.

—પડખે પોપટડી....

પસ્તુત ગીતમાં કન્યાને આપેલ 'પોપટડિ'નું સંબોધન સુંદર છે.આ ઉપરાંત ગીતમાં વરરાજા અને ગીત ગાનાર બહેનો વચ્ચેનો સંવાદ જોઈ શકાય છે.

આસેરું કંકુડુ ઘોળ રે લાડી

આસેલી પીળ તણાવું

તારા તે બાપનો છેડલો મેલ રે લાડી

---ભાઈ સસરાં બતાવું....

આસેરું કંકુડુ....

તારા તે કાકાનો છેડલો મેલ રે લાડી

---ભાઈ કાકાજી બતાવું ....

—આસેરું કંકુડુ....

તારા તે વીરનો છેડલો મેલ રે લાડી

---ભાઈ દેરજી બતાવું...

—આસેરું કંકુડુ.....

ખરક જ્ઞાતીમાં કન્યાને સાસરે વળાવતી વખતે કંકુ ઘોળી કપાળપર લગાવવામાં આવે છે. જેને 'પીળ' કહેવામાં આવે છે. આ ગીતની શરૂઆતમાં પીળ તાણવાનું સુચન કરી પિયરપક્ષને છોડી શ્વસુરપક્ષને આત્મસાત કરવાનું જણાવવામાં આવે છે, અને પિયરપક્ષનાં વ્યકિત સાથે શ્વસુરપક્ષનાં વ્યકિતની સરખામણી કરવામાં આવે છે.

કાકીને સાના કોણ રાખશે મીનાબા બની તમ વીનાના

વીરા રૂવે છે બેની તમ વીનાના

બેનીને સાના કોણ રાખશે મીનાબા બની તમ વીનાનાં.

પ્રસ્તુત ગીતનો ઉપાડ સુંદર રીતે થયો છે. જેમા પ્રેમ માટે ગુલાબનું પ્રતીક લોકકવિની સર્જનશકિતનો પરિચય કરાવી જાય છે. તેમજ 'તમ વીનાનાં' શબ્દનું પુનરાવર્તન ભાવને વધારે દૃઢ બનાવી આપે છે.

(૨૫) જાન પુનઃઆગમન

જાન વળાવ્યા પછી વરરાજા કન્યા સાથે પોતાનાં ગામ જવા નીકળે છે ત્યારે રસ્તામાં–મુસાફરી દરમ્યાન–પણ ગીતો ગવાય છે.

પડખે પોપટડી વીર તમે કયાંથી લઈ આવ્યાં

પડખે બેસી ને કેવી કિલ્લોલ કરે છે.

અમારાં સસરાને ઝાજી દીકરીયું

એક અમારી સાથે આવી

પડખે બેસીને કેવી કિલ્લોલ કરે છે.

–પડખે પોપટડી....

અમારી સાસુને ઝાજી દીકરીયું

એક અમારી સાથે આવી

પડખે બેસીને કેવી કિલ્લોલ કરે છે.

–પડખે પોપટડી....

અમારાં સાળાને ઝાજી બેનડિયું

દુઃખ છે. તો ઘરમાં ઊછરેલી કિલ્લોલ કરતી કાળજાના કટકા જેવી દીકરીને વળાવે ત્યારે માતા-પિતા તથા સ્નેહીજનોને આંખમાથી શ્રાવણ-ભાદરવાની ધારા વરસતી હોય છે. આવા કરૂણ પ્રસંગે પણ ગીતો ગવાય છે. જેમાં મુખ્યત્વે કરૂણરસનું નિરૂપણ જોઈ શકાય છે.

"ઢોલડિયા તો ઘડૂકયા લાડી ચાલો આપડે ઘેર રે,
ઊભા રો'તો માંગુ મારા દાદા પાસે શીખ રે.
હવે કેવી શીખુ રે લાડી હવે કેવાં બોલ રે,
પરણ્યા પછી પ્યારાં લાડી ચાલો આપડે ઘેર રે.
ઢોલડીયા તો ઘડૂકયા લાડી ચાલો આપડે ઘેર રે ,
ઊભા રો'તો માંગુ મારા કાકા પાસે રજા રે.
હવે કેવીયું વાતુ રે લાડી હવે કેવી રજા રે,
પરણ્યા પછી પ્યારા લાડી ચાલો આપડે ઘેર રે."

વરપક્ષની સ્ત્રીઓ દ્વારા ગવાતું ગીત લાંબા ઢાળને લીધે કરૂણ પ્રસંગને વધારે કરૂણ બનાવી દે છે. અહી સાસરું અને પિયર વચ્ચે જોલા ખાતી નાયિકાનાં મનોભાવો વ્યકત થયા છે. ભાષાકીય દષ્ટ્રિએ વિચારતા 'ઢોલડિયા', 'ઘડૂકિયા' જેવાં પદ તેમજ 'લાડી' સંબોધન અને 'પ્યારા', 'પારકા' જેવાં શબ્દપ્રયોગ દ્વારા આખુયે ગીત મનોહર રહે છે.

ગુલાબ સુકાય છે બેની તમ વીનાનાં.
ગુલાબને પાણી કોણ પાશે મીનાબા બેની તમ વીનાનાં.
દાદા રુવે છે બેની તમ વીનાનાં
માતા ને સાના કોણ રાખશે મીનાબા બેની તમ વીનાનાં
કાકા રુવે છે બેની તમ વીનાનાં

ચાનાં શોખીન અમે આવ્યાં રે

વેવાય પ્રાયમસ પેટાવો.

ખાંડ ન હોય તો વેવાય ખાંડથી લાવો

ચાનાં શોખીન અમે આવ્યાં રે

વેવાય પ્રાયમસ પેટાવો."

આ જ્ઞાતિમાં આવનાર મહેમાનને ચા પિવડાવાનો રિવાજ છે એટલે અહીં આવનાર સ્ત્રીઓ સામેથી ચા માંગી લે છે. અહીં વેવાયનું ઘર ન હોવાથી ચા માટેની જરૂરી સામગ્રી ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ ગમે ત્યાંથી મંગાવીને ચા બનાવવાનું કહેવામાં આવે છે. અહીં સામગ્રીનાં નામ ને અનુરૂપ ગમે તે ગામનાં નામો મૂકવામાં આવે છે અને એ રીતે આખુ ગીત આગળ વધે છે.

"થોડુ તેલ નાખજે વેવાણ તને કઊ છવ,

પાનેતરને ધાબા પડશે વેવાણ તને કઊ છવ .

ધોબણ થાઊ પડશે વેવાણ તને કઊ છવ,

હળવું માથું ઓળજે વેવાણ તને કઊ છવ,

દાત્યે માથું ઓળજે વેવાણ તને કઊ છવ ,

બાબર થાઊ પડશે વેવાણ તને કઊ છવ .

આ ગીતમાં મુખડાની પંકિત કહેવા માટે આખુયે ગીત મુકાયું છે. તેમજ 'વેવાણ તને કઊ છવ' એ અર્ધી પંકિતનું પુનરાવર્તન ભાવને વ્યંજિત કરે છે.

## (૨૪) કન્યાવિદાય (જાન વળામણાં)

લગ્નએ આનંદનો અવસર (પ્રસંગ) છે છતાં કન્યાવિદાય સમયે કરૂણતા છવાય જાય છે. કન્યાને સ્વજનો, ઘર, શેરી, સૈયર, બાળપણ વગેરે છોડવું પડે છે તેનું

આંગણ પાંગણ ઘર તળાવ

હી રે તરાકે તારે પુરી તળવા જોશે

પરણનાર કન્યા હવે પોતાનાં પિયરથી સાસરે પહોંચી ગઈ છે. હવે સાસરું એ પારકુ ન રહેતા પોતાનું ઘર બની ગયુ છે. તેથી ઘરની જવાબદારી અને જરૂરી કામ તેમને કરવા પડશે તેવી સુચનાં આપવામાં આવે છે. ચાર જેટલા અગત્યનાં કામ આ ગીતમાં ગણાવવામાં આવે છે.

"વરનાં દાદા પૂછે રે રાયવર શેણે પોખિયા

દાદા હીરની પછેડી અંતર પડે રે,

રાયવર સોનાની સળિયે પોખ્યાં.

વરનાં કાકા પૂછે રે રાયવર શેણે પોખિયા

કાકા હીરની પછેડી અંતર પડે રે,

રાયવર સોનાની સળિયે પોખ્યાં."

'રાયવર' પરણીને ઘેર પધાર્યા છે તેથી કુટુંબમાં આનંદ ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે. આ આનંદ–ઉલ્લાસ પસ્તુત ગીતમાં જોઈ શકાય છે.

## (૨૮) ઉકરડી ઉઠાડવી

જાન પરણવા જવાનાં આગલા દિવસે નોતરેલી ઉકરડી જાન પરણીને પાછી આવે ત્યારે, સાંજે ઉઠાડવા જવાનો રિવાજ છે. ઉકરડી નોતરતી વખતે પરણનારની ભાભી દીવડો લઈને જાય છે અને ઉઠાડતી વખતે આવનારી નવોઢા જાય છે. તેથી નવી પરણીને આવનાર કન્યાને ઉદ્દેશીને ગીતો ગવાય છે.

આ ગઝરો ગુલાબી છે.

દીશુવોવે ભરી સભામાં ફૂલ વીણ્યાં રે

આ ગઝરો ગુલાબી છે.

ભાવેશભાઈએ દાદાની આબરું વધારી રે

આ ગઝરો ગુલાબી છે.

દીશુવોવે દાદાની આબરું ઘટાડી રે

ગઝરો ગુલાબી છે.

આ ગીતમાં વર અને કન્યાની પરસ્પર સામા છેડાની ક્રિયાને દર્શાવવા વપરાયેલ શબ્દો 'ફેંકયા–વિણ્યાં', 'વધારી–ઘટાડી' એ સુંદર રીતે પ્રયોજાયા છે. તો 'ગઝરો ગુલાબી' એ શબ્દો બંને વચ્ચેનો પ્રેમ દર્શાવે છે. અહીં સસરાં પક્ષને નબળો દર્શાવવામાં આવ્યો છે.

(૨૭) પોખણા

દિકરો પરણીને ઘરે પાછો આવે ત્યારે પુત્ર– પુત્રવધુને ઘરના દરવાજે ઉભા રાખવામાં આવે છે. પછી તેની માતા દ્વારા ચોખાથી વધાવવામાં આવે છે. જેને ખરક જ્ઞાતિમાં 'પોખણા' કહેવામાં આવે છે.

ઓખણ પોખણ ઘેર ધોસરું

ઈ રે ધોસરે તારે સાતી હાકવા જોશે

ઓખણ–પોખણ ઘેર રવાય

ઈ રે રવાયે તારે છાશ તાણવા જોશે

ઓખણ–પોખણ ઘેર સાંબેલું

ઈ રે સાંબેલું તારે ધાન ખાંડવા જોશે

(૨૬) ફૂલદડો

જાન પરણીને પાછી ગામમાં પહોંચે ત્યારે પ્રથમ કોઈ દેવી–દેવતાનાં સ્થાને ઉતરે છે. ત્યાંથી વર–કન્યા સામ–સામે બેસી એકબીજા પર ફૂલ–ચોખા નાખે છે, અને એવી રીતે પોતાનાં ઘર સુધી પહોંચે છે. આ ઘર સુધી પહોંચતાં રસ્તામાં ગીતો ગવાય છે.

આ પાંદને પાતળિયો રાયવર દડે રમે.
આ સોપારીને સોટે રાયવર દડે રમે,
આ તેજાભાઈનો કુંવર રાયવર દડે રમે.
—આ પાંદને....

આ સવજીભાઈનો ભત્રીજ રાયવર દડે રમે
આ લત્તાબેનનો ભત્રીજ રાયવર દડે રમે
—આ પાંદને....

આ જયેશભાઈનો બાંધેવ રાયવર દડે રમે
આ મીનાબેનનો વીરો રાયવર દડે રમે
—આ પાંદને....

પ્રસ્તુત ગીતમાં 'રાયવર દડે રમે'નું પુનરાવર્તન ભાવને વ્યકત કરે છે. તો સંબંધવાચક શબ્દો પિતાનો 'કુંવર' માતાનો 'જલમ્યો', કાકા–કાકીનો 'ભત્રીજો', ભાઈનો 'બાંધેવ' અને બેનનો 'વીરો' જેવાં શબ્દનો પ્રયોગ લોકકવિનાં કવિકર્મનો પરિચય કરાવી જાય છે. તેમજ વરરાજા માટે વપરાયેલ 'રાયવર' શબ્દ ઉત્તમ છે.

આંબુ જાંબુને ચંપા ફૂલવાડી રે
આ ગઝરો ગુલાબી છે.
ભાવેશભાઈએ ભરી સભામાં ફૂલ ફેંકયા રે.

ઓખણ–પોખણ ઘેર તરાક
ઈ રે તરાકે તારે પુરી તળવા જોશે

પરણનાર કન્યા હવે પોતાનાં પિયરથી સાસરે પહોંચી ગઈ છે. હવે સાસરું એ પારકુ ન રહેતા પોતાનું ઘર બની ગયુ છે. તેથી ઘરની જવાબદારી અને જરૂરી કામ તેમને કરવા પડશે તેવી સુચનાં આપવામાં આવે છે. ચાર જેટલા અગત્યનાં કામ આ ગીતમાં ગણાવવામાં આવે છે.

"વરનાં દાદા પૂછે રે રાયવર શેણે પોખિયા
દાદા હીરની પછેડી અંતર પડે રે,
રાયવર સોનાની સળિયે પોખ્યાં.
વરનાં કાકા પૂછે રે રાયવર શેણે પોખિયા
કાકા હીરની પછેડી અંતર પડે રે,
રાયવર સોનાની સળિયે પોખ્યાં."

'રાયવર' પરણીને ઘેર પધાર્યા છે તેથી કુટુંબમાં આનંદ ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે. આ આનંદ–ઉલ્લાસ પ્રસ્તુત ગીતમાં જોઈ શકાય છે.

### (૨૮) ઉકરડી ઉઠાડવી

જાન પરણવા જવાનાં આગલા દિવસે નોતરેલી ઉકરડી જાન પરણીને પાછી આવે ત્યારે, સાંજે ઉઠાડવા જવાનો રિવાજ છે. ઉકરડી નોતરતી વખતે પરણનારની ભાભી દીવડો લઈને જાય છે અને ઉઠાડતી વખતે આવનારી નવોઢા જાય છે. તેથી નવી પરણીને આવનાર કન્યાને ઉદ્દેશીને ગીતો ગવાય છે.

"આવણામા દીધુ તેલ હંહંરે,
આવના વોવની છણી કરી હંહંરે
જલમી તેદી નોં'તી કરી હંહંરે
મા છે પણ મીઠું નથી હંહંરે
બાપ છે પણ બુધ્ધી નથી હંહંરે"

પ્રસ્તુત ગીતમાં પરણીને આવનાર નવોઢાની મશ્કરી જોવા મળે છે અને આ રીતે મશ્કરી દ્વારા નવપરણિતા પ્રત્યે આત્મિયતા સાધવામાં આવે છે. આ ઉપરાત ગીતને ભાષાકીય દૃષ્ટ્રીએ વિચારતા દરેક પંકિતમાં આવતો 'હંહંરે' લ્હેકો આખાયે ગીતને કર્ણપ્રિય બનાવી દે છે. આ ઉપરાત આ સમયે ઉકરડી નોતરવા સમયે ગવાતા ગીતો પણ ગવાય છે. આમ ખરક જ્ઞાતિમાં તેમના રીત–રિવાજ પ્રમાણે ગીતો ગવાય છે. એકનું એક ગીત એકથી વધારે પ્રસંગે ગવાય છે, તો કયારેક અમુક ગીત ચોકકસ પ્રસંગ પુરતુજ મર્યાદિત હોય છે. અમુક પ્રસંગોએ એકનાં એક ગીતો ગવાતા પણ સાંભળવા મળે છે.

## સંદર્ભગ્રંથો


૧. લોકસાહિત્ય : ધરતીનું ધાવણ
સં – જંયત મેઘાણી
આવૃતિ –૧૯૯૭ પૃષ્ઠ –૧૦૪

૨. લોકસાહિત્ય : ધરતીનું ધાવણ
સં – જંયત મેઘાણી
આવૃતિ –૧૯૯૭ પૃષ્ઠ –૧૩૩

3. લોકગુર્જરી (અંક–૧૫)
સં–બળવંત જાની
આવૃતિ –માર્ચ– ૨૦૦૦ પૃષ્ઠ –૯૧

# પ્રકરણ : ૪

# લગ્નગીતનાં લક્ષણો

લગ્ન એ આપણા ભારતીય સમાજનો મહત્વનો પ્રસંગ છે. જેના દ્વારા દામ્પત્ય જીવનની શુભ શરૂઆત થાય છે. આ પ્રસંગે ગવાતા લગ્નગીતોમાં ભારતીય સમાજનું સુરેખ ચિત્રણ જોઈ શકાય છે. આપણા સમાજજીવનની પરંપરા અને આદર્શનું આભૂષણ પણ આ લગ્નગીતો ને જ ગણાવી શકાય. પ્રસ્તુત પ્રકરણમાં ખરકજ્ઞાતિનાં લગ્નગીતોને આધારે લગ્નગીતોનાં અમુક ચોક્કસ લક્ષણો નીચે મુજબ આપી શકાય.

## ૧. મનોહર મૂખડું

કોઈપણ કૃતિની શરૂઆત એવી થવી જોઈએ કે તે ભાવકને અંત સુધી પોતાનાં તરફ જકડી રાખે. અહીં લગ્નગીતોને એ વાત એટલીજ લાગુ પડે છે. આ લગ્નગીતોમાં મુખડાની પંક્તિ અને તેનાં પુનરાવર્તન દ્વારા જ મોટેભાગે ભાવ વ્યંજીત થતો હોય છે. તેથી જ ઝવેરચંદ મેઘાણી લોકગીતનાં લક્ષણો બાંધતા કહે છે કે " ડાયરેકટનેશ સીધેસીધો આડુઅવળુ કશુયે ધ્યાન ખેચ્યા વિના, વર્ણન પર કે પ્રસ્તાવના પર આપણને ન રોકતા આ લોકકવિઓ આપણને મૂળ વિષયનાં મધ્યભાગમાં ખેંચી જાય છે."(૧)

લીલુડી દ્રક્ષા છાયાનો વીરનો માંડવો
પ્રવીણભાઈ દાદાને પૂછે
દાદા આણંદ શું છે આપડે આંગણે.

પ્રસ્તુત ગીત મંડપ મુહૂર્ત સમયે ગવાય છે. તેમાં પ્રથમ પંક્તિમાં દ્રાક્ષનાં મંડપનું વર્ણન જોવા મળે છે. ત્યારબાદ આખાએ ગીતમાં સંવાદ જોવા મળે છે.

ચમકે ચમકે ચાંદલીયો ચમકે છે
બેનનાં હાથ–પગ ઝરીએ ઝબકે છે

પ્રસ્તુત ગીત પાહો(ફૂલેકુ) ભરતી વખતે ગવાય છે. આ ગીતમાં પણ પ્રથમ પંક્તિમાં પ્રકૃતિ દ્વારા ઉત્પન્ન થતું સુંદર ચિત્ર નિરૂપવામાં આવ્યું છે. ત્યારબાદ આખાએ ગીતમાં જુદાજુદા નામોને ગૂંથીને આગળ લંબાવવામાં આવે છે.

મારા વીરને સોનાની લકઝરી

કે રૂપા કેરા પૈડા માણારાજ.

પ્રસ્તુત ગીતમાં પણ પ્રથમ બે પંક્તિમાં અવાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. ત્યારબાદ આખાએ ગીતમાં જુદાજુદા નામો સાથે અલગ અલગ સ્થળ તથા વસ્તુનો નિર્દેશ કરીને ગીતની સુંદર રીતે ગૂંથણી કરવામાં આવી છે.

## ૨. સંવાદાત્મકતા

લગ્નગીતોમાં સંવાદોનું પણ મહત્ત્વ છે. ક્યારેક પ્રત્યક્ષ તો ક્યારેક પરોક્ષ સંવાદ જોવા મળે છે. લગ્નગીતોમાં વ્યક્ત થતા દરેક પાત્રો પોતપોતાનાં હૃદયની ભાવસંવેદના સંવાદનાં માધ્યમથી વ્યક્ત કરે છે. જેમાં પિતા–પુત્ર, વર–કન્યા, ભાઈ–બહેન, માતા–પુત્ર, કાકા–દીકરો તો જમાઈ–સાળો–બનેવી પણ સંવાદ કરતા જોઈ શકાય છે.

લીલુડી દ્રાક્ષ છાયાનો વીરનો માંડવો

પ્રવીણભાઈ દાદાને પૂછે

દાદા આણંદ શું છે આપડે આંગણે

કુંવર તુજને પરણાવું

રૂડા લગનિયા લઈ આવું

આણંદ ઈ છે આપડે આગણે

આ ગીતમાં પુત્ર અને પિતા વચ્ચેનો સંવાદ જોવા મળે છે તો આગળ જતા આજ ગીતમાં કાકા –દીકરા વચ્ચે તથા બંને ભાઈઓ વચ્ચેનાં સંવાદને નિરૂપવામાં આવ્યો છે.

મારો વીરને સોનાની લકઝરી
કે રૂપા કેરા પૈડા માણારાજ.
મારાં વીરનાં સસરાએ પૂછાવ્યું
કે જમાઈ મોડા આવ્યા માણારાજ
સસરાજી અમે સુરતનાં રે'વાશી
કે ગામડે ભૂલા પડયા માણારાજ

પ્રસ્તુત ગીતમાં સસરા પોતાનાં જમાઈને મોડા પડયાનું પૂછે તો જમાઈ શહેરમાંથી આવ્યા હોવાથી ગામડામાં ભૂલા પડયા છીએ તેવો માર્મીક જવાબ આપે છે. આ ઉપરાંત આગળ આ જ ગીતમાં કાકાજી પૂછે છે તો તેને રસ્તે ભૂલા પડયાનું જણાવે છે અને મામાજી પૂછે છે તો એસ.ટી મોડી પડી હોવાનું જણાવે છે તથા સાળો પૂછે તો સસરાની ડેલી ન મળી તેવું કારણ બતાવે છે. આમ આ ગીતમાં પરણનાર કુંવર અને તેમનાં સાસરિયા પક્ષનાં વડિલો વચ્ચેનો સંવાદ જોવા મળે છે.

## ૩. ચિત્રાત્મકતા

લગ્નગીત એ કોઈ એકનું સર્જન ન રહેતા સમૂહનું સર્જન હોવાથી તેમા સરળ અને ભાવયુકત વર્ણનો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ લગ્ન પ્રસંગે પોતાનાં હૃદયમાં અનુભવાતા ભાવને અભિવ્યક્ત કરવા લોકકવિ કોઈને કોઈ ચિત્ર ઉપસાવતો હોય છે. આ ચિત્રો સરળ તથા વ્યવહાર જગતની આસપાસના જ હોવાથી વધારે હૃદયસ્પર્શી બને છે.

વાટકડિમાં ઘી–ગોળ ઘૂટયાં

ઘીમાં પડયો ચોખો

વેવાઈને ધળકો લાગ્યો.

ઘીમાં ચોખો પડયો હોવાથી તે ઘી વાસણમાં નાખતી વખતે ધળકો પડયાનો ભાસ થાય છે. તે ચિત્ર અહીં લોકકવિએ સુંદર કલાત્મક રીતે પ્રયોજયું છે.

'મખમલની મોજડી, ભરત ભરેલી

ટીકી ટાંકેલી પે'રી ભાવેશભાઈ નીસર્યા'

પ્રસ્તુત પંકિતમાં વરરાજાનાં શણગારનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

"રોજી ઘોડી પાતળિયો અવસાર રે

ભાવેશભાઈ ચડયા ઘોડલે રે લોલ"

પ્રસ્તુત ગીતમાં વરઘોડા સમયે અસવાર થયેલાં વરરાજાનું ચિત્ર મુકવામાં આવ્યું છે.

" ચમકે ચમકે ચાંદલીયો ચમકે છે

બેનનાં હાથ પગ ઝરીએ ઝબકે છે"

પ્રસ્તુત ગીત પાહા સમયે ગવાતું ગીત છે. તેમાં રાત્રીનો સમય હોવાથી બેનનાં હાથે ચોટેલી ઝરી ચાંદાનાં આછા અજવાસમાં કેવી ચમકે છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

## ૪. લયમાધુર્ય

"લોકગીતોને સાહજિક અને સીધો સંબંધ સ્ત્રીઓ અને સંસારજીવન સાથે છે. ગેયમાધુર્ય એનો પ્રાણ છે અને નૃત્યની એમાં સંગત હોય છે. આથી લોકગીતનાં શબ્દો અને ગેય-ઢાળમાં લયનું ચૂસ્ત અને સાહજીક રૂપ બંધાયેલું હોય છે."(૨)

લોકગીત જેમ ગાયન સાથે જોડાયેલું સ્વરૂપ છે તેવી રીતે લગ્ન ગીત એ લોકગીતનો એક પ્રકાર હોવાથી તે પણ ગાયન ને જ આભારી છે. જેમાં કોઈ ઘટના, પ્રસંગ કે મનોભાવને લય સાથે વ્યકત કરવામાં આવે છે. જેથી સરેરાશ માણસને પણ હૈયે વસી જાય છે. તેની કંઠ્ય પરંપરા જાળવી રાખે છે. પરંતુ એટલું ચોક્કસ નોંધવું રહેશે કે તેને કોઈ રાગ કે માત્રામેળનાં બંધનો હોતા નથી તેથી જ એક ગીત જુદી જુદી જ્ઞાતિ કે પ્રદેશે જુદા જુદા ઢાળ સાથે ગવાતું જોઈ શકાય છે. કયારેક ગીતનાં લય–ઢાળ ઉપરથી જે–તે જ્ઞાતિને પણ ઓળખી શકાય છે.

જી જી રે રણઝણ કરતાં
ભાવના વોવ આવ્યાં,
જી જી રે વણતેડા ગોરી
શીદને આવ્યાં,
જી જી રે પાતળિયાં પગ
ચાપવાં આવ્યાં.

પ્રસ્તુત ગીતની દરેક પંકિતમાં 'જી જી રે' જેવો શ્રુતિ પૂરકનો ઉપયોગ થયેલો જોઈ શકાય છે. જે કોઈ ભાવને વ્યંજીત કરતો ન હોવા છતા લય ઉપકારક હોવાથી પ્રયોજાયેલ છે.

જલદી પોખો જલદી પોખો રે
મારાં વીરાને જલદી પોખો રે
ફૂલડું કરમાય છે, છોકરું શરમાય છે,
જલદી પોખો જલદી પોખો રે
મારાં વીરાને જલદી પોખો રે.

પ્રસ્તુત ગીતનો વેગ તેનાં ભાવને અનુરૂપ ઝડપી જોવા મળે છે. તો સાંજે જમી પરવાર્યા પછી ગવાતા સાંજીનાં ગીતોમાં મોટે ભાગે લાંબો રાગ જોવા મળે છે.

"બંધુ દેવ બંધુ ગુણપતિ લાગુ પાય

ગુણપતિદાદા સૌ પે'લા તમારી થાપના."

## ૫. અવાસ્તવિક વસ્તુવર્ણનો

લગ્નગીતનું એક મહત્વનું લક્ષણ તે તેમાં રહેલ અવાસ્તવિક વસ્તુવર્ણન છે. આ વસ્તુવર્ણનો દ્વારા લોકકવિ પોતાને અભિપ્રેત એવા ભાવો પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે. જેમાં વર્ણનનું મહત્વ ન રહેતા ભાવનું મહત્વ જોવામાં આવે છે.

મારાં વીરને સોનાની લકઝરી

કે રૂપા કેરા પૈડા માણારાજ.

પ્રસ્તુત ગીતમાં આવતું વાહનનું વર્ણન અવાસ્તવિક છે પરંતુ બહેન પોતાનાં ભાઈની જાનમાં જાય છે તેથી પોતાનો વીર પરણાવવાની ઘણા સમયની ઈચ્છા આજે પરિપૂર્ણ થવાની છે તેનો આનંદ છે. આમ બહેનનો પોતાનાં ભાઈ પ્રત્યેનો પ્રેમ વ્યકત થાય છે.

રૂડો ને રંગીલો રે

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

રૂમમાં તો રોટલાની અભરાયું

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

રૂમમાં તો ઝાળાની દીવાલું

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

પ્રસ્તુત ગીતમાં આવતું રૂમનું વર્ણન અવાસ્તવિક છે પરંતુ અહીં વેવાયની હસીમજાક કરવાનો ભાવ જોઈ શકાય છે.

## ૬. વસ્ત્રાલંકારનો વિનિયોગ

"આપણા લગ્નો એટલે લગ્ન કરનાર કરતાં પણ વડીલોનાં હર્ષ ઉત્સાહનો ઊભરો છે." (૩) લગ્નગીતો સ્ત્રીઓ દ્વારા ગવાતા હોવાથી તેમાં રૂપ શણગારની વાત વિશેષ રૂપમાં જોવા મળે છે. લગ્નગીતોમાં જે–તે સમાજમાં પહેરાતા વસ્ત્રો તથા આભૂષણોને નિરૂપવામાં આવે છે.

"માંડવેથી ઉતારે જઈ આવ્યાં
મીનાબેન અમે તમારાં મીસ્ટરને જોયા'વ્યાં
લકકી ઉપર ઘડિયાર દઈ આવ્યાં
મીનાબેન અમે તમારાં મીસ્ટરને જોયા'વ્યાં."

પ્રસ્તુત ગીતમાં હાથમાં પહેરવાનાં આભૂષણો 'લકકી' અને 'ઘડિયાળ' નો ઉલ્લેખ જોવા મળે છે.

"તમારાં મામાજીને સોનાની દુકાન છે
મનગમતો હારલો લાવ્યા રે મીનાબેન
લાવ્યા રે મીનાબેન
મનગમતું સાસરુ તમને મળ્યું."

આ ઉપરાંત પણ 'ઘરચોળું', 'ચૂંદડી', 'પાનેતર', 'ચપ્પલ', હારલો, ચેન (દોરો), વગેરે જેવાં વસ્ત્રો અને આભૂષણોનાં ઉલ્લેખો જોવા મળે છે.

## ૭. શબ્દ કે શબ્દસમૂહનું પુનરાવર્તન

લગ્નગીતએ ગાયન સાથે સંકળાયેલ છે તેની રજૂઆત ગાયને જ કરવામાં આવે છે. આ ગાયન માટે લય મહત્વનો છે. આ લયબધ્ધ પદાવલી રચવા લોકકવિ અમુક શબ્દોનું પુનરાવર્તન કરે છે. ક્યારેક શબ્દ બંધ બેસતો ન હોવા છતાં પણ લય માટે ઉપકારક હોવાથી બેસાડી દેવામાં આવે છે. આ શબ્દ પુનરાવર્તનનાં કારણે ગીત વધારે કર્ણપ્રિય બની જાય છે.

ગામને ગોંદરે બે નાળિયેરી

વેચાઈ ગઢુલા બળદ બે નાળિયેરી

ભાવનાવોવ કે મારો છે બાપ બે નાળિયેરી

પ્રસ્તુત ગીતમાં આવતા 'બે નાળિયેરી' શબ્દોનું પુનરાવર્તન પ્રથમ પંક્તિમાં જ ઉપકારક નિવડે છે અને બીજી દરેક પંક્તિમાં તે શ્રુતિ પૂરક જેવો લાગે છે.

રૂડો ને રંગીલો રે

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

રૂમમાં તો રોટલાની અભરાયું

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

રૂમમાં તો ઝાળાની દીવાલું

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ.

પ્રસ્તુત ગીતમાં પ્રથમ પંક્તિ બદલાતી રહે છે. પરંતુ બીજી પંક્તિનું પુનરાવર્તન જ જોવા મળે છે.

## ૮. પ્રકૃતિ નિરૂપણ

ભવ્ય અને ઉદાત્ત જીવનની પ્રેરણા લોકજીવને ડગલે ને પગલે પ્રકૃતિમાંથી મળતી હોય છે કેમકે લોકજીવન અને પ્રકૃતિ પરસ્પરનાં અભિન્ન અંશો છે. લોકજીવન પ્રકૃતિનાં વિશાળ અંકમાં પાંગર્યુ છે. તેથી લોકજીવનનાં દરેક ધબકારામાં પ્રકૃતિનો નાદ નિશ્ચિત પણે સંભળાય જ. લોકજીવન તરફ દષ્ટિપાત કરતા લગ્નગીતોમાં પ્રકૃતિ સાથેનું માનવનું ઐકય તથા માનવહૃદયનાં

ઉંડાણમાં સ્થિત સંવેદનાનાં સૂર પ્રકૃતિ સાથે ઘૂંટાઈને પ્રગટે છે. જયારે લગ્ન જેવા પ્રસંગને દરેક વર્ણનાં લોકો એક થઈને માણે છે. ત્યારે લોકજીવનનાં ધબકારા સમી પ્રકૃતિ કે તેનાં તત્વો તેનાથી વેગળા કેવી રીતે હોઈ શકે ? લોકજીવન અને પ્રકૃતિની આવી અભિન્નતાને કારણેજ લગ્નગીતોમાં વિવિધ રૂપે વર્ણવાઈ છે. લગ્નગીતો એ દેશજ સમૂહનો સહિયારો નાદ છે. તે જાણ્યે અજાણ્યે પોતાની આસપાસની પ્રકૃતિને પોતાનાં ભાવો સાથે વણી લે છે.

"આંબુ જાંબુ ને ચંપા ફૂલ વાડી રે
આ ગઝરો ગુલાબી છે."

પ્રસ્તુત ગીતમાં 'આંબો', 'જાંબું' અને 'ચંપો' જેવાં વૃક્ષો અને છોડનો ઉલ્લેખ જોવા મળે છે.

" ઉચા નીચા નદીયું ના નીર રે દાદા
એ વરરાજા કેમ કરી આવે"

પ્રસ્તુત પંકિતમાં નદીમાં વહેતા પાણીની ગતિનું ચિત્ર મુકવામાં આવ્યું છે.

"આંબાની કોયલ આંબે જઈ બેઠી
સુડો બેઠો રે સુકલ લાકડે "

પ્રસ્તુત પંકિતમાં પ્રકૃતિનાં અંગ સમુ પક્ષી 'કોયલ' તથા વૃક્ષોનાં રાજા આંબાનો ઉલ્લેખ જોવા મળે છે.

## ૯. રસ નિરૂપણ

કોઈપણ દેશકાળનું સાહિત્ય રસહિન હોઈ શકે નહિ, પછી તે લોકસાહિત્ય હોય કે શિષ્ટ સાહિત્ય. આ દૃષ્ટિએ વિચારતા લોકસાહિત્યમાં અને તેમાંય લગ્નગીતોમાં રસની રેલમછેલ જોવા મળે છે. આ ખરક જ્ઞાતિનાં લગ્નગીતોમાં પણ શૃંગાર, હાસ્ય, કરૂણ, વગેરે જેવા રસોનું ક્ષેત્ર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. જયારે અન્ય રસો કયારેક અનાયાસે આવી જતા હોય છે.

ગુલાબ સુકાય છે બેની તમ વીનાનાં,

ગુલાબને પાણી કોણ પાશે,

મીનાબા બેની તમ વીનાનાં.

દાદા રુવે છે બેની તમ વીનાનાં,

માતાને સાના કોણ રાખશે,

મીના બા બેની તમ વીના નાં.

કન્યા વિદાય સમયે ગવાતા આ ગીતમાં ભારો ભાર કરૂણતા જોવા મળે છે. તેમજ લાંબા રાગમાં ગવાતું હોવાથી કરૂણતા ઘેરી બને છે.

ગુલાબની ચૂંદડી બેનને કોણ અપાવે

ચૂંદડી સપનામાં બેનને રોજ રડાવે.

પ્રસ્તુત ગીતમાં કન્યાનો વિયોગ જોઈ શકાય છે. ફટાણામાં નક્કર વાસ્તવને હાસ્યનાં માધ્યમથી રજૂ કરવામાં આવે છે. તો કયારેક અવાસ્તવિક વર્ણન દ્વારા પણ હાસ્ય ઉત્પન્ન કરવામાં આવે છે.

"તમારા મોઢેથી માખ્યું ઉડાડો રે

ભાવેશ જમાઈ પાતળિયા

તમારા નેણેથી નિંદ્રા ઉડાડો રે

ભાવેશ જમાઈ પાતળિયા."

## ૧૦. અલંકાર વિનિયોગ

લગ્નગીતોમાં મહદંશે સામૂહિક સંવેદનાને સરળ રીતે વ્યક્ત કરવાનું વલણ હોવા છતા એ સરળ નિરૂપણમાં સભાન કે અભાન પણે કેટલીકવાર તેમાં ઉત્કૃષ્ટ કલ્પનાવૈભવ અને ઈન્દ્રિયગ્રાહ્ય અભિવ્યક્તિ સાથે અનેકવિધ અલંકારોનો વિનિયોગ થયેલ જોવા મળે છે. જો કે આ અલંકારવિનિયોગ કોઈ સાહિત્યિક સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને કરાતો નથી પરંતુ સહજ થઈ જતો હોય છે.

''ધમ ધમ ધરતી ધ્રુજતીને
એમાં ધ્રુજુ હું આજ જો

પ્રસ્તુત પંક્તિમાં 'ધ' વર્ણનું પુનરાવર્તન જોવા મળે છે. તેથી વર્ણાનુપ્રાસ અલંકાર બને છે.

''મારા નવલા વેવાઈ કરી નવલી સગાઈ
આવો કાનજી વેવાઈ ઢાળુ ઢોલિયા તળાઈ
ઢાળુ ઢોલિયા તળાઈ મંગાવું આઈસ્ક્રીમ મલાઈ''

પ્રસ્તુત પંક્તિમાં અંત્યાનુપ્રાસ અલંકાર જોઈ શકાય છે. તેમાં 'સગાઈ' નાં પ્રાસમાં આવતો 'તળાઈ' અને 'તળાઈનાં પ્રાસમાં આવતો 'મલાઈ' શબ્દ લોકકવિની ભાષાપ્રભુત્વનો ખ્યાલ આપી જાય છે.

''જલ વીનાની માછલીને ચંદ્ર વીનાની રાત જો
માતા વીનાની એકલી ને કેમ જશે દિનરાત જો''

પ્રસ્તુત ગીતમાં કન્યાની માતા સાથેનો વિયોગ અસહ્ય બનાવવા જળ વિનાની માછલી તથા ચંદ્ર વિનાની રાત્રીની ઉપમાં આપવામાં આવી છે.

આ ઉપરાંત રૂપક, ઉત્પ્રેક્ષા વગેરે જેવા અલંકારો પણ અનાયાસ જોઈ શકાય છે

## ૧૧. લગ્નગીતોમાં પશુપંખી

પ્રકૃતિનાં તત્વો અનાયાસે જ લોકજીવન સાથે વણાઈ ગયેલા જોવા મળે છે. લોકજીવનનાં વિવિધ પ્રસંગે માનવ સાથે મળીને જાણે કે પશું–પંખી પણ મ્હાલે છે. લોકજીવનની પશુ–પંખી સાથેની આવી તાદાત્મ્યતાને કારણેજ તે ઘણા લગ્નગીતોમાં સ્થાન પામ્યા છે. મોર, કોયલ, ઢેલ, હાથી, અશ્વ, હંસ, પોપટ, ભ્રમર વગેરે પશું–પંખીનાં નિર્દેશ લગ્નગીતમાં થયેલ છે.

"–ગામને ગોંદરે બે નાળિયેરી
વેચાઈ ગઢુલા બળદ બે નાળિયેરી"

ખરક મુખયત્વે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલ જ્ઞાતિ હોવાથી તેમનું મુખ્ય પ્રાણી તે બળદ ગણાય છે અને પહેલાનાં સમયમાં આ બળદગાડામાં જાન જતી અને ગાડા હાંકવામાં હરિફાઈ પણ થતી. જેથી બળદ તેનાં ગીતોમાં અનાયાસ આવી જાય છે.

" આંબાની કોયલ આંબે જઈ બેઠી
સૂડો બેઠો રે સુકલ લાકડે. "

પ્રસ્તુત ગીતમાં કન્યા માટે 'કોયલ' અને વરરાજા માટે વપરાયેલ 'સૂડો' નું પ્રતીક સુંદર રીતે વપરાયેલ જોઈ શકાય છે.

# સંદર્ભગ્રંથો


(૧) લોકસાહિત્ય : ધરતીનું ધાવણ –૧

લે.–ઝવેરચંદ મેઘાણી, સં– જયંત મેઘાણી.

પૃષ્ઠ–૭૫, પ્રથમ આવૃત્તિ–૧૯૩૯

(૨) ગુજરાતી વિશ્વકોશ ખંડ --૧૯

પૃષ્ઠ –૧૪૭. સં– ધીરુભાઈ ઠાકર, પ્રથમ આવૃત્તિ – ૨૦૦૪.

(૩) 'જ્ઞાનસુધા'

--વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ

– પૃષ્ઠ– ૭૦, પ્રથમ આવૃત્તિ – ૧૯૫૭.

# પ્રકરણ : ૫

# ઉપસંહાર

વિશ્વની વિવિધ સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ કંઈક અનોખી ભાત પાડે છે. ભારતીય ધર્મશાસ્ત્રએ જીવનને એવા સુવ્યવસ્થિત માળખામાં ગોઠવ્યું છે કે, તે જીવન તથા કર્મો દ્વારા મ્હેકી ઊઠે છે. ભારતીય સંસ્કૃતિમાં જીવન ચાર આશ્રમ વ્યવસ્થામાં વહેંચાયેલું છે. આ ચાર આશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવતિ વિધિ એટલે લગ્ન.

"લગ્નવિધિ સંસ્કારની સંસ્કૃતિનું અત્યંત મહત્ત્વનું પાસું છે. નારીનું પુરુષ સાથે આજીવન યુગલ ભાવથી રહેવાનું સ્વપ્ન પૂર્ણ કરતો એ પ્રસંગ છે. પુરુષ--નારીનાં અભાવમાં અધૂરો છે અને એટલે કે પરસ્પરને પૂર્ણતા અર્પનારો પ્રસંગ લગ્ન છે." (૧)

આ લગ્નપ્રસંગ ભારતીય સમાજની વિભિન્ન જ્ઞાતિઓમાં અલગ અલગ સ્વરૂપે સ્વીકાર પામ્યો છે. જેમાં જેતે જ્ઞાતિ પહેરવેશ, રહેણીકરણી, રીત–રિવાજો,માન્યતાઓ વગેરેથી અલગ પડે છે અને પોતાની વિશિષ્ટ છાપ ઊભી કરે છે.

જન્મ, લગ્ન અને મરણ એ ત્રણ પ્રસંગ માનવજીવનનાં વિશિષ્ટ પ્રસંગો છે. જન્મ અને મરણ એ જીવાદોરીનાં બે છેડાં છે. જયારે લગ્ન એ મધ્યસ્થ ભાગ છે. આ લગ્ન પ્રસંગે ગવાતા ગીતોએ લગ્નગીતો. હસુ યાજ્ઞિકનાં મતે આ લગ્નપ્રસંગ સાથે પંચાવન જેટલી વિધિઓમાં સંકળાયેલ ગીતો છે. આમ, લગ્નગીતોનો વિસ્તાર ઘણોજ વિશાળ છે. તેટલું જ નહીં પરંતુ દરેક જ્ઞાતિમાં પણ અભિવ્યિક્તિ, ઉચ્ચારણ, ઢાળ કે લયઆવર્તનો, પાઠભેદો, વિષયવસ્તુ, ભાવનિરૂપણ વગેરેની અલગતા જોવા મળે છે. આમ, "ગુજરાતનું લોકસાહિત્ય અતિસમૃદ્ધ છે. એમાં છેલ્લાં હજારવર્ષની પરંપરા અને ઉપરોકત બધાજ સ્વરૂપો તથા તેના પેટાપ્રકારો મળે છે. વિષય વૈવિધ્યની બાબતમાં ભાગ્યેજ ભારતની અન્ય કોઈ ભાષા ગુજરાતી લોકસહિત્યની તોલે આવી શકે તેમ છે." (૨)

આ વૈવિધ્યતા અને વિપૂલતાના કારણે જે–તે પ્રદેશ કે જાતિનું સમાજજીવન એટલે કે રીત–રિવાજો, પોષાક, રહેણીકરણી, પરંપરાઓ, સામાજીક સંબંધો, વ્યવસાય, લોકમાન્યતાઓ, સંસ્કારસમૃદ્ધિ, વગેરેનો ખ્યાલ મેળવી શકાય છે. જે કેટલાંક ઉદાહરણો દ્વારા સમજવાનો ઉપક્રમ અહીં સેવ્યો છે.

ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરતાં તે સમાજનાં રીત–રિવાજનો ખ્યાલ આવી શકે છે.

"બેનનો દેર આવ્યો પુઠાંના ચપ્પલ લાવ્યો,

ચલે જાવ ચલે જાવ રે આ બેની અમારાં છે."

વરપક્ષ દ્વારા કન્યાને હથરણું આપવાનો રિવાજ છે. આ હથરણા સમયે દિયર દ્વારા ભોજાઈને ચપ્પલ પહેરાવવામાં આવે છે અને એ રીતે ભાભીની સેવા કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ત્યારબાદ આજ રીતમાં આગળ ગવાય છે કે,

"બેનનો જેઠ આવ્યો ખોટો ચેન લાવ્યો,

ચલે જાવ ચલે જાવ રે આ બેની અમારાં છે."

આમ આ ગીત દ્વારા હથરણામાં કંઈ કંઈ વસ્તુઓ લઈ જવાય છે તેનો ઉલ્લેખ મળી રહે છે. તો ફેરા પૂર્ણ થયા પછી કન્યા પક્ષની સ્ત્રીઓ આ સંબંધને વધાવે છે (સ્વીકારે છે) ત્યારે ગીત ગવાય છે :

"તમે સમજુ વેવાઈ સમજી લો

તમે સમજીને ચોરીયું વધાવી લો

મારાં વર–ઘોડિયાને રજા દ્યો."

આમ આ ગીત દ્વારા ચોરીયું વધાવવાનો રિવાજ જોઈ શકાય છે.

ફટાણાં એ હાસ્યપ્રધાન હોવા છતાં પણ આ જ્ઞાતિનાં રીત–રિવાજોને સમજવામાં ઉપયોગી થઈ પડે તેમ છે દા.ત.

"બોરડીનાં બોર તમે કિયા ગામનાં ગોર

ગોરદાદા ધૂવાડો કેમ થાય છે.

ઘી નો ખર્ચો થાશે કન્યાનાં દાદા દેશે

ગોરદાદા ધૂવાડો કેમ થાય છે."

મંગળ ફેરાં અગ્નિદેવની સાક્ષીએ થતાં હોવાથી અગ્નિ પ્રજવલિત રાખવો પડે છે, તે માટે જે ઘી વાપરવામાં આવે છે, તે કન્યા પક્ષ તરફથી મળે છે તેનું સૂચન અહીં જોઈ શકાય છે.

"વેવાણ કોઈ દે જમાઈ પોખ્યો કે ના ભૈ નાં
વેવાણ આજ જમાઈ પોખ્યો કે હા ભૈ હાં."

આ ગીત વરઘોડો જયારે મંડપ સુધી પહોંચે ત્યારે વરરાજાને ઘરનાં દરવાજે પોખતી વખતે ગવાય છે. આ પોખણા 'વેવાણ' એટલે કે સાસુ અથવા કન્યા પક્ષની કોઈ વડીલ સ્ત્રી દ્વારા જ થતા હોય છે, તેનું સૂચન જોવા મળે છે.

"વાટકીમાં ઘી–ગોળ ઘૂંટયા
ઘીમા પડયો ચોખો
વેવાઈને ઘળકો લાગ્યો"

સગપણ (વેવિશાળ) સમયે ગવાતા આ ગીતમાં બંને પક્ષનાં વડીલો સામસામે બેસીને ગોળ ખાય છે, તે રિવાજ અહીં જોઈ શકાય છે.

આમ મોટા ભાગનાં ગીતોમાં ખરક જ્ઞાતિનાં કોઈને કોઈ રીત–રિવાજને તાકવાનો પ્રયાસ જોઈ શકાય છે. જેથી આ લગ્ન ગીતોનો અભ્યાસ કરવાથી આ (ખરક) જ્ઞાતિનાં અમુક નિશ્ચિત રિવાજોનો ખ્યાલ આવી શકે છે.

ખરક જ્ઞાતિનાં લગ્નગીતો દ્વારા તે જ્ઞાતિનાં સામાજિક સંબંધોનો ખ્યાલ આવી શકે છે.

"જી જી રે રણઝણ કરતાં
ભાવના વોવ આવ્યાં,
જી જી રે વણ તેડા ગોરી
શીદ ને આવ્યાં.
જી જી રે પાતળિયા પગ
ચાપવા આવ્યાં."

પ્રસ્તુત ગીતમાં ભોજાઈની મીઠી મશ્કરી જોવા મળે છે. પરંતુ ભાભી તે હસતે મૂખે સહી લે છે અને પોતાને મળેલ સંસ્કારોનો ઉપયોગ કરી જાણે છે. આમ નણંદ–ભોજાઈ વચ્ચેનાં આ સંવાદમાં બંને વચ્ચેનાં મીઠા સંબંધને જોઈ શકાય છે.

"આંબાની કોયલ આંબે જઈ બેઠી
સુડો બેઠો રે સૂકલ લાકડે "

પ્રસ્તુત ગીતમાં શરૂઆતમાં થોડુ વર્ણન આવે છે. ત્યાર બાદ દિયર અને ભોજાઈ વચ્ચેનો મીઠો સંવાદ જોવા મળે છે. આ સંવાદમાં દિયરને પરણાવાની વાત કરે છે. તો દિયરને તો  તે ભાભીની બહેન ગમતી ન હોવાથી ના કહે છે અને તેની સહિયર સાથે પરણવા સંમત થાય છે. આમ, કન્યા પસંદગીની વાતને દિયર પોતાની ભોજાઈ સાથે મોકળાશથી કરી શકે છે તેવી અન્યની સાથે કરી શકતો નથી.

આ ઉપરાંત ખરક જ્ઞાતિમાં પ્રસંગોપાત ફટાણાનાં સૂરમાં ગીતો ગવાતા જોવા મળે છે. આ ગીતોમાં કોઈને ઉતારી પાડવાનો ભાવ હોતો નથી પરંતુ, હસી–મજાક ખાતર જ ગવાતા હોય છે. અને આ મજાક દ્વારા અંતે બંને પક્ષ વચ્ચેનાં સંબંધો વધારે ઘનિષ્ઠ બને છે. તે વીંટી પહેરાવતી વખતનું ગીત હોય, મંગળ ફેરા સમયનું ગીત હોય કે, પછી જમણવાર સમયનું ગીત હોય પરંતુ દરેક ગીતમાં સંબંધોમાં નક્કરતા લાવવાનો આશય રહેલો હોય છે. જેમ કે,

"ઉઠો સોરઠિયા લઈ લો ને થાળિયું
લઈ લો ને થાળિયું બગડે છે સાડિયું
અમારા ભાવેશભાઈને ઝાજી છે સાળિયું
ઝાજી છે સાળિયુંને છાટી જાશે થાળિયું"

આમ આ ગીતમાં વરરાજાની સાળીઓને થાળી ચાટવાનું કહેવામાં આવે છે અને એ રીતે વરપક્ષ અને કન્યાપક્ષની સ્ત્રીઓ એકબીજાની વધુ નજીક આવે છે.

"ઉંચા ઉંચા બંગલામાં ગરમ પવન વાય

બારનીસરો તો ભાભી ઠંડા પવન વાય

સસરા દેખો તો ભાભી પિતા ભૂલાય જાય

સાસુ દેખો તો ભાભી માતા ભૂલાય જાય "

હસ્તમેળાપ સમયે ગવાતા આ ગીતમાં મોટા ભાગનાં સમયને આવરી લેવામાં આવ્યો છે. કન્યાપક્ષનાં વડીલ વર્ગને તેનાં સસરાપક્ષાનાં વડીલો સાથે સરખામણી કરીને તે પિયર અને શ્વસુર ગૃહનાં વડીલો સાથેનો સંબંધ કેવો હોય તેનો ચિતાર આપ્યો છે.

કોઈપણ સમાજનાં લોકગીતમાં જે–તે સમાજની અમૂક ખાસિયતો દૃષ્ટિગોચર થતી હોય છે. અહીં ખરક જ્ઞાતિનાં લગ્નગીતોમાં પણ તે સમાજની અમૂક ખાસિયતો જોઈ શકાય છે. જેમ કે,

"લાંબા ચોટલા વાળી રે,

લાબાં ઘુંઘટા વાળી રે

ભાવેશભાઈ કોણ આવે છે"

મંગળ ફેરા સમયે ગવાતા આ ગીતમાં ખરક જ્ઞાતિની સ્ત્રી પક્ષે જોવા મળતી ખાસિયતનું વર્ણન જોવા મળે છે. ખરક સ્ત્રીઓ પોતાનાં વાળને લાબાં રાખે છે. આ લાંબા વાળનો 'ચોટલો' અથવા 'અંબોડો' વાળે છે. તથા શ્વસુર પક્ષનાં વડિલ વર્ગની આમન્યા જાળવવા માટે તે સાડી દ્વારા ઘૂંઘટ (લાઝ) તાણે છે. અને પોતાનું મુખ સંતાડે છે.

"પ્રાઈમસ પેટાવો વેવાઈ પ્રાઈમસ પેટાવો

ચા નાં શોખિન અમે આવ્યા રે

વેવાઈ પ્રાઈમસ પેટાવો"

પોતાનાં આંગણે આવેલાનો સત્કાર કરવો તે ફરજ સમજીને આ જ્ઞાતિમાં આવેલ મહેમાનને ચા પાવાનો રિવાજ ખૂબ જ દૃઢ થયેલો આજે પણ જોઈ શકાય છે.

"આસેરું કંકુડું ઘોળ રે લાડી

આસેલી પીળ તણાવું"

ખરક જ્ઞાતિમાં કન્યાને સાસરે વળાવતી વખતે કંકુચોળી કપાળ પર લગાવવામાં આવે છે. જેને પીળ કહેવામાં આવે છે. આ પીળ દ્વારા કન્યાનાં મુખની શોભા વ… છે. આજે તેના ઉપર ઝરી લગાવીને અન્ય સુશોભનો કરીને મુખની શોભામાં વધારો થાય છે.

કોઈપણ સમાજ પોતાની અમુક માન્યતાઓ ધરાવતો હોય છે. તે માન્યતાઓ માંથી ઝડપથી અળગો થઈ શકતો નથી. આ ખરક જ્ઞાતિમાં પણ અમુક માન્યતાઓ જોવામા આવે છે, જે તેમનાં લગ્નગીતોમાં દ્દષ્ટિગોચર થાય છે.

"કંકુડા છંટાવો ઉપર ચોખલિયા છવરાવો રે
પેલી કંકોતરી ધોળકા ગામ મોકલાવો રે
ગરવા ગણેશજી વેગે વેલા આવો રે."

ખરક જ્ઞાતિમાં આજે પણ લગ્ન લખતી વખતે સારું ચોઘડિયુ જોવામાં આવે છે. અને લગ્નપત્રિકામાં કંકુ અને ચોખા નાખવામાં આવે છે. તે ઉપરાંત પ્રથમ વિઘ્નહર્તા દેવ ગણેશજીનું નામ લખવામાં આવે છે.

આ ઉપરાંત સગપણથી માંડીને વધામણા સુધીનાં દરેક પ્રસંગોએ કંકુનો ચાંદલો કરી ચોખા ચોટાડવામાં આવે છે અને ત્યારબાદ જ જે-તે કાર્ય કરવામાં આવે છે. તેમજ સાંજીનાં ગીતોમાં વિઘ્નહર્તા ગણેશજીનું ગીત ગવાયા પછી જ અન્ય ગીતો ગવાતા હોય છે.

"ઓખણ પોખણ ઘેર ધોસરું
ઈ રે ધોસરે તારે સાતી હાકવા જોશે
ઓખણ પોખણ ઘેર રવાય
ઈ રે રવાય તારે છાશ તાણવા જોશે"

પ્રસ્તુત ગીત પંકિત દ્વારા ખરક સમાજનાં વ્યવસાયનો ખ્યાલ આવી શકે છે. જેમ કે 'ધોસરું' એ ખેતીકામ માટેનું સાધન છે તો 'રવાય' કે 'રવૈયો' એ છાશ તાણવાનું એટ… કે પશુપાલન સાથે સંકળાયેલ છે. આમ, આ જ્ઞાતિનો વ્યવસાય ખેતી અને પશુપાલન છે … જોઈ શકાય છે.

આ ઉપરાંત ખરક સમાજનાં ઘણા રીત-રિવાજો પાછળ તેમની લોકમાન્યતાઓ જોવા મળે છે.

લગ્નગીતોએ સ્ત્રીઓ દ્વારા જ ગવાતા હોવાથી તેમાં સ્ત્રીઓનાં મનોભાવો વ્યક્ત થાય તે સ્વાભાવિક છે. આમ લગ્નગીતોમાં દેહસૌંદર્યને વર્ણવવા જતા આભૂષણો અને વસ્ત્ર પરિધાનનો પરિચય જોવા મળે છે. ખરક જ્ઞાતિનાં લગ્નગીતોનાં આધારે તેનાં આભૂષણનો ખ્યાલ આવી શકે છે.

"માંડવેથી ઉતારે જઈ આવ્યાં
મીનાબેન અમે તમારા મીસ્ટરને જોઈ આવ્યાં
લકકી ઉપર ઘડિયાર દઈ આવ્યાં
મીનાબેન અમે તમારા મીસ્ટરને જોઈ આવ્યાં."

વીંટી પહેરાવવાનાં સમયે ગવાતા આ ગીતમાં વરરાજા માટે અપાતા આભૂષણોનો ઉલ્લેખ જોવા મળે છે.

"મખમલની મોજડી, ભરત ભરેલી
ટીકી ટાંકેલી, પે'રી ભાવેશભાઈ નિસર્યા"

આ ગીતમાં વરરાજાની મોજડી કલાત્મક છે. આ વરરાજાની મોજડી આટલી કલાત્મક છે તો તેનો અન્ય પહેરવેશ કેવો સુંદર હશે તેનો ચિતાર આવી શકે છે.

"માંડવામાં બેસી આનંદ કરો રે મીનાબેન,
કરો રે મીનાબેન,
મનગમતું સાસરું તમને મળ્યું.
તમારાં સસરાજીને કાપડની દુકાન છે,
મનગમતું ચોળુ લાવ્યા રે મીનાબેન,
લાવ્યા રે મીનાબેન,
મનગમતું સાસરું તમને મળ્યું."

'હથરણું' એજ વસ્ત્રો અને આભૂષણો આપવાનો રિવાજ છે. તો પછી એ સમયે ગવાતા ગીતોમાં સ્વાભાવિક છે કે આભૂષણો અને વસ્ત્રોનો ઉલ્લેખ હોય જ. આ ગીતમાં લગ્ન સમયે કન્યાને આપવામાં આવતા આભૂષણો તથા વસ્ત્રોનો ઉલ્લેખ જોવા મળે છે. જેમ કે ઘરચોળું, ચપ્પલ, હારલો, વગેરેનાં નામો લઈને ગીતને આગળ વધારવામાં આવે છે.

"થંભી રીયો માંડવાની બાર
ઉતાવળ શીદને કરો છો
અમારી બેની તો હજી સાડી પેરે છે
સાડી પેરંતા લાગે વાર
ઉતાવળ શીદને કરો છો."

વરરાજાનાં પોખણાં સમયે ગવાતાં આ ગીતમાં વરરાજાને ઉતાવળ કરવાની ના કહે છે. કારણ કે કન્યા હજી તૈયારી થઈ રહી છે. આ ગીતમાં સાડી પહેરવી, ઘરચોળું ઓઢવું, ટીલડી ચોડવી, મોડિયો બાંધવો વગેરે જેવાં વિવિધ શણગારો કરવાનાં સૂચનો જોવા મળે છે. જેનાં દ્વારા વસ્ત્ર તથા આભૂષણોનો ખ્યાલ મળી રહે છે.

"ઊંચો મંડપ નીચો મંડપમાં શીયો ઢંગ છે
પડદા ઘણા બાંધ્યા ઉલેચમાં શીયો ઢંગ છે
ભાભી બિચારા શું કરે એની બેનપણીનો વાક છે."

પ્રસ્તુત ગીતમાં કન્યાપક્ષ દ્વારા શણગારવામાં આવતા મંડપનું વર્ણન જોવા મળે છે. તેથી આ સમાજમાં જોવા મળતા ભરતકામનાં નમૂનાઓનાં નામોલ્લેખો મળી રહે છે.

લોકસાહિત્યમાં કેટલાય લોકગીતો એવા મળે કે જેમાં કાવ્યતત્ત્વ ભારો ભાર રહેલું હોય છે. ખરક જ્ઞાતિમાં ગવાતા લગ્નગીતોમાં પણ અમુક જગ્યાએ લોકકવિમાં રહેલું કવિત્વ જોઈ શકાય છે.

" નથી કાચી માટીનો એ ઘડો
કે તાણ્યો તુટી જાય

કે પછાડયો ફૂટી જાય

કે જીંદગી તમારી બંધાય"

હસ્તમેળાપ સમયે ગવાતું આ ગીત કાવ્યતત્વથી ભરપૂર છે. જેમાં વર અને કન્યાનાં સંબધને ઉદાહરણ સાથે સમજાવવાનો પયત્ન થયેલો જોઈ શકાય છે. તેમાં લોકકવિ કહે છે કે. આ કોઈ કાચી માટીનો ઘડો નથી કે તાણવાથી કે પછાડવાથી તૂટી–ફૂટી શકે પરંતુ. આ તો જીંદગીની મડાગાંઠ (મૃત્યું સુધી છુટે નહી તેવી ગાંઠ) છે. તેમજ આગળનાં અંતરામાં કહે છે કે આ સંબંધ એ કોઈ સુતરનો તાતણો નથી કે જેને તાણવાથી તુટી જાય અને તોડવાથી તુટી જાય પરંતુ આ તો અતુટ બંધન છે.

આમ લોકકવિ વર–કન્યા વચ્ચેનાં આ સંબંધને આવો નથી તેમ કહીને શું છે ? ત્યાં સુધી જવાનો પ્રયાસ કરે છે.

" ગુલાબ સુકાય છે બેની તમ વીનાનાં

ગુલાબને પાણી કોણ પાશે

મીનાબા બેની તમ વીનાનાં"

કન્યા વિદાય સમયે ગવાતા આ ગીતમાં ભારોભાર વિરહ જોઈ શકાય છે. કન્યા પોતાનાં કુટુંબીજનોને છોડીને જાય છે ત્યારે કુટુંબનાં દરેક સભ્યોની આંખમાંથી શ્રાવણ–ભાદરવાની ધાર સમા આંસુ વહે છે. અહીં પ્રયોજાયેલ "ગુલાબ" શબ્દ એ પ્રેમનું પ્રતીક છે. તે સુકાય જતું બતાવી વિરહવેદના વ્યકત કરવાનો પ્રયાસ કર્યો છે.

હસ્ત મેળાપ થયા પછી કન્યાપક્ષની ચાર કે છ બહેનો વિદાયગીત ગાય છે તેમાં કાવ્યતત્ત્વ ભરપૂર જોવા મળે છે. આ ગીતની શરૂઆત મધ્યકાલીન પરંપરા અનુસાર દુહા દ્વારા થાય છે તેમજ અંતમાં ફલશ્રુતિ રૂપે આવતો દુહો પણ જોઈ શકાય છે.

"ગાય વળાવી ગોદંરે જાય છે આજ પરઘેરજો

દીકરી વળાવી સાસરેને એ તો ચાલી જાય જો."

"જલ વિનાની માછલીને ચંદ્ર વિનાની રાત જો
માતા વિનાની એકલીને કેમ જશે દિનરાત જો."

પ્રસ્તુત પંક્તિમાં દીકરીને 'ગાય' સાથે સરખાવવામાં આવી છે. કારણ કે તેનો સંબંધ વડીલો દ્વારા જ થતો હોવાથી જે મળે તેનો સ્વીકાર કરવાનો રહે છે. તેથી કહેવત પણ જોવા મળે છે કે 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' તેમજ લાડ–કોડથી ઉછરેલી દીકરીને માતા વારંવાર યાદ આવે છે અને તે પાણી વિના જેમ માછલી દુઃખી થાય તેમ વિહવળ બની જાય છે. આમ આ ગીતમાં કરૂણરસ ભારોભાર જોવા મળે છે.

લોકકવિ પોતાનાં વિચારોને સર્જનમાં ધારદાર રીતે રજૂ કરવા અનેક યુક્તિ પ્રયુક્તિઓ પ્રયોજતો હોય છે. જે કયારેક જાણી જોઈને આવે છે તો મોટેભાગે અનાયાસે આવી જતી હોય છે.

" ચમકે ચમકે ચાંદલિયો ચમકે છે,
બેનનાં હાથપગ ઝરીયે ઝબકે છે."

પ્રસ્તુત ગીતમાં પ્રયોજાયેલ વર્ણાનુપ્રાસ અલંકાર અભ્યાસ પ્રેરક બની રહે છે અને તેના દ્વારા બહેનનું હાલતું-ચાલતું શબ્દ ચિત્ર ઊભું થાય છે.

"પીઠી ચોળે પીઠી રે પિતરાણી
વાહાનો વળ ચોળે રે વીરની માતા"

પ્રસ્તુત ગીતમાં પણ વરરાજાનાં પીઠી ચોળેલા દ્રશ્યને લોક કવિએ વર્ણાનુપ્રાસ દ્વારા રજૂ કરવાનું સામર્થ્ય દર્શાવ્યું છે.

" ધમ ધમ ધરતી ધ્રુજતીને એમા ધ્રુજુ હું આજ જો
અંબાજી માનાં આશિષથી ને ઘનશ્યામ મહારાજની મેર જો. "

પ્રસ્તુત વિદાયગીતની પંક્તિમાં પણ 'ધ' વર્ણનાં પુનરાવર્તન દ્વારા ધરતી પગ નીચેથી સરતી બતાવવામાં લોકકવિ મેદાન મારી જાય છે.

" ઊઠો સોરઠીયા લઈ લો ને થાળિયું
લઈલો ને થાળીયું બગડે છે સાંઢિયું. "

પ્રસ્તુત પંકિતમાં 'થાળિયું' નો પ્રાસમાં આવતો 'સાડિયું' શબ્દ લોકકવિની પાસે રહેલ શબ્દ ભંડોળનો પરિચય કરાવી જાય છે.

"તમારાં મોઢેથી માખ્યુ ઉડાડો રે

ભાવેશ જમાઈ પાતળિયા,,

તમારાં નેણેથી નિદ્રા ઉડાડો રે

ભાવેશ જમાઈ પાતળિયા"

પ્રસ્તુત ગીત પંકિતમાં 'મોઢે' શબ્દની સાથે પ્રયોજાયેલ 'માંખ્યુ' અને 'નેણ' શબ્દની સાથે પ્રયોજાયેલ 'નિદ્રા' શબ્દએ લોકકવિની સર્જનશકિતનો પરિચય કરાવી જાય છે.

લગ્નગીતોની એક વિશેષતા તે તેમાં આવતા ખૂલ્લા સૂચનોને ગણાવી શકાય છે. તેમાં વરરાજા હોય કે પછી કન્યા કે અન્ય કોઈ વ્યકિત હોય તેમને સીધે સીધુ ન કહેતા ગીત દ્વારા જણાવી દેવામાં આવે છે. ઘણી વખત તે સૂચનની જરૂર ન હોવા છતાં પણ તે ગીત ગવાય છે.

"ખસો ખસો જમાઈનાં દોસ્તાર

જમાઈને મારે જોવા છે.

નહિ ખસો તો બોલવાનું થાશે

જમાઈને મારે જોવા છે."

પ્રસ્તુત ગીતમાં ગીત ગાનાર બહેનો દ્વારા ઉતારે ગયા બાદ જમાઈને જોવાની તાલાવેલી હોવાથી આડે ઊભા રહેલ વ્યકિતઓને ખસવાનું કહેવામાં આવે છે.

"ધીમે ધીમે ચાલો મારા વીરા ભાવેશભાઈ

ધીમે ચાલી કુળને દિપાવો ભાવેશભાઈ"

ફેરા સમયે ગવાતું આ ગીત છે. જેમાં વરરાજાને ધીમે ચાલવાનું સૂચન જોવા મળે છે. આજ ગીતમાં 'વીરા'નાં બદલે 'બેની' સંબોધન મૂકીને મંડપપક્ષની બહેનો દ્વારા કન્યાને પણ સૂચન કરવામાં આવે છે.

ખરક જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે ગવાતા વિવિધ ગીતોમાં પ્રકાર અને સ્વરૂપની બાબતે જે વૈવિધ્ય જોવા મળે છે તે ઊડીને આંખે વળગે તેવું છે. જેમાં કથાકાવ્ય, વર્ણનાત્મક કાવ્યો તેમજ દુહા જેવી રચનાઓનો પણ પરિચય મળી રહે છે.

"માંડવડે રે કાઈ ઢાળોને બાજોઠી ,
કે ફરતી મેલોને કંકાવટી રે.
તેડાવો રે મારે આશાપૂરીનાં જોશી ,
કે આજ મારે લખવી છે કંકોતરી રે."

કંકોત્રી લખાણ સમયે ગવાતા આ ગીતમાં નાનકડી કથા રજૂ થાય છે. જેમાં વીર પોતાની બહેનને તેડવા જાય છે. તેના આંગણે પહોંચે છે. ત્યારે ઘણા વર્ષો થઈ ગયા હોવાથી બહેન પ્રથમ નજરે પોતાનાં વીરને ઓળખતી નથી. અને તે ન ઓળખવાનાં કારણ રૂપે પોતાનાં સાસરિયાનાં કામ--કાજને ગણાવે છે અને કહે છે કે,

"વીરા રે મને સાસરિયે અરવાળી
કે વાસરું વાળતા વીરને ઓળખ્યો રે"

વીરને ઓળખ્યા બાદ બહેન પોતાનો સાસરેથી પિયર આવે છે,જેથી તેમનો પતિ ખેતીકામમાં રોકાયેલો રહે છે.

"આંબાની કોયલ આંબે જઈ બેઠી
સુડો બેઠો રે સુકલ લાકડે"

પ્રસ્તુત ગીતમાં કન્યાને પતિવ્રતા સ્ત્રી તરીકે દર્શાવવામાં આવી છે. તે પોતાનાં પતિને પવન માટે વિંઝણો વિઝે છે અને તેને ઊંઘ આવતા વિંઝણો હાંથમાંથી પડી જાય છે. તે વિંઝણો દિયર લઈ લે છે અને સંતાડી દે છે. તેથી તેમને પરણાવવાની લાલચ આપીને પાછો મેળવે છે.

"રૂડોને રંગીલો રે,

વેવાય અમને રૂમ સોપ્યો રે લોલ.

રૂમમાં તો રોટલાની અભરાયું,

વેવાયે અમને રૂમ સોપ્યો રે લોલ."

ઉતારા વ્યવસ્થાને લગતા આ ગીતમાં ફટાણાનો સુર જોવા મળે છે. જેમાં ઉતારાની અવ્યવસ્થિતતા વર્ણવવામાં આવી છે.

"ઊચો મંડપ નીચો મંડપમાં શીયો ઢંગ છે

પડદા ઘણા બાંધ્યા ઉલેચમાં શીયો ઢંગ છે.

ભાભી બિચારા શું કરે એની બેનપણીનો વાંક છે"

ફેરા સમયે ગવાતા ગીતમાં કન્યાપક્ષ દ્વારા શણગારવામાં આવતા મંડપનું વર્ણન જોવા મળે છે.

"એ આવ્યો મા (મહા) મઈનો

લગ્ન લખાયો, ઝાકળ છાયો, રંગ રસાયો,

આવો તો બેની ફૂલડે વધાવું

બેસો તો બેની હારલો ચડાવું"

હસ્તમેળાપ થયા પછી ગવાતા વિદાયગીતની શરૂઆતમાં આ દુહો મુકવામાં આવ્યો છે. જેમા મહા મહિનાનું ઋતુવર્ણન જોવા મળે છે.

આ લગ્નગીતોમાં પ્રકાર અને સ્વરૂપનું જેમ અનેક વૈવિધ્ય જોવા મળે છેતેમ રાગ અને ઢાળનું પણ અપાર વૈવિધ્ય જોવા મળે છે.

"માંડવડે રે કાઈ ઢાળો ને બાજોઠી

કે ફરતી મેલોને કંકાવટી રે"

દરેક સગા-સંબંધીને આ લગ્નપ્રસંગે આમંત્રિત કરવાનાં હોવાથી કંકોત્રી લખાણ લાંબા સમય સુધી ચાલુ રહે છે. આ લાંબા સમય દરમ્યાન નિરાંતે બેસીને આ ગીતની રજૂઆત કરવામાં આવે છે. જેથી તેનો ઢાળ લાંબો જોવા મળે છે.

આ ઉપરાંત સાંજીનાં ગીતો પણ જમી પરવાર્યા પછી નિરાંતે બેસીને રજૂ થતા હોવાથી ઢાળ લાંબો સાંભળવા મળે છે. તેનાથી વિરૂદ્ધ જ્યારે નાનકડી વિધિ હોય ત્યારે ઓછાં સમયમાં ગીતને રજૂ કરવાનું હોવાથી તેનાં ગાયનની ગતિ વધી જાય છે. ઉકરડી નોતરવી–ઉઠાવવી, વીંટી પહેરાવવી, ફટાણા, માથુગૂંથણ સમયે, વગેરે જેવા પ્રસંગે ગવાતા ગીતોનો રાગ ટૂંકો અને ઝડપી હોય છે.

આમ, દરેક પ્રજાને તેનું ભિન્ન એવું વ્યકિતત્વ હોય છે તેમ અલગ એવું સાહિત્ય પણ હોય છે. આ દરેક પ્રજાનાં અલગ સાહિત્યનો અભ્યાસ કરી તેનાં આધારે જે–તે પ્રજાની ખાસિયતો અને લાક્ષણિકતાઓ તથા સમાજજીવન જાણી શકાય અને સમજી શકાય તેમ છે. અને આ દરેક અલગ–અલગ અભ્યાસ દ્વારા એક આખુયે વર્તુળ રચી શકાય તેમ છે

અંતમાં એટલુ કહી શકાય કે, પાશ્ચાત્ય સંસ્કૃતિનાં આક્રમણનાં કારણે આપણા દેશની લોકસંસ્કૃતિ, સંસ્કાર અને લોકકલાઓ પરિવર્તન પામતી જાય છે. આ પરિવર્તનનો વ્યાપ વધારે ન થાય તે પહેલા તેનો અભ્યાસ થાય તે જરૂરી લેખાશે તેવા આશયથી આજે આ અભ્યાસનું ક્ષેત્ર થોડું સાફ કરી શકયો છું. અને આવનારી પેઢીમાં આ ક્ષેત્રમાં વધુ અભ્યાસ થાય અને આ ગ્રંથ તેમને ઉપયોગી બની રહે તેવી મને દ્રઢ શ્રધ્ધા છે.

# સંદર્ભગ્રંથો

(૧) લોક ગુર્જરી અંક–૧૫,માર્ચ–૨૦૦૦ પૃષ્ઠ–૮૫

સં–બળવંત જાની

(૨) લોકસાહિત્ય–ગુજરાતી લોકગીતો

સં–પ્રભાશંકર તેરૈયા

નરોતમ પલાણ

## પરિશિષ્ટ : ૧
## સંદર્ભગ્રંથો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | આવૃત્તિ વર્ષ |
|---|---|---|---|
| ૧ | ગુજરાતની લોકવિદ્યા | હસુ યાજ્ઞિક | પ્રથમ આવૃત્તિ–૨૦૦૭ |
| ૨ | ખરક જાતિની કલા–સંસ્કૃતિ | સુરેશ જે. શેઠ | પ્રથમ આવૃત્તિ–૨૦૦૩ |
| ૩ | લોકભરતની સરજત | ખોડીદાસ પરમાર | પ્રથમ આવૃત્તિ–૧૯૯૮ |
| ૪ | લોકસાહિત્ય: ધરતીનું ધાવણ | લે.ઝવેરચંદ મેઘાણી<br>સં–જયંત મેઘાણી | સંકલિત આવૃત્તિ–૧૯૯૭ |
| ૫ | ગુજરાતીનાં લોકગીતો | ખોડીદાસ પરમાર | બીજી આવૃત્તિ–૨૦૦૬ |
| ૬ | લોકસાહિત્ય વિમર્શ | જયમલ્લ પરમાર | પ્રથમ આવૃત્તિ–૧૯૮૫ |
| ૭ | સામયિક–'શબ્દસૃષ્ટિ' | – | અંક–૭ |
| ૮ | બરડા વિસ્તારનાં માલધારીઓનું લોકસાહિત્ય (શોધનિબંધ) | હંસા લક્ષ્મણભાઈ દવે | – |
| ૯ | લોકરસ | રતિલાલ સથવારા | પ્રથમ આવૃત્તિ–૨૦૦૨ |
| ૧૦ | લોકસાહિત્ય: ગુજરાતી લોકગીતો | પ્રભાશંકર તેરૈયા<br>નરોત્તમ પલાણ | પ્રથમ આવૃત્તિ–૧૯૮૧ |
| ૧૧ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડો.હસુતાબેન સેંદાણી | |
| ૧૨ | સામયિક–'એજન' | સં–બળવંત જાની<br>અંબાદાન રોહડીયા | આવૃત્તિ–૨૦૦૬ |
| ૧૩ | રઢિયાળી રાત ભાગ–૧ | ઝવેરચંદ મેઘાણી | પ્રથમ આવૃત્તિ–૧૯૬૫ |
| ૧૪ | ગ્રામગીત | રામનરેશ ત્રિપાઠી | આવૃત્તિ–૧૯૮૬ |
| ૧૫ | લોકગુર્જરી (અંક–૧૫) | સં–બળવંત જાની | આવૃત્તિ–૨૦૦૬ |
| ૧૬ | ગુજરાતી વિશ્વકોશખંડ–૧૯ | સં–ધીરુભાઈ ઠાકર | પ્રથમ આવૃત્તિ–૨૦૦૪ |
| ૧૭ | જ્ઞાનસુધા | વિદ્યાગૌરી ર.નીલકંઠ | પ્રથમ આવૃત્તિ–૧૯૧૭ |

૮. ભોજાણી ઉર્મિલાબેન માધાભાઈ (વર્ષ: ૧૨)

મુ.ઠળીયા

તાઃ તળાજા

૯. કામળીયા સવિતાબેન બાલાભાઈ (વર્ષ: ૩૧)

મુ.ઠળીયા

તાઃ તળાજા

૧૦. કામળીયા આશાબેન વેલજીભાઈ (વર્ષ: ૨૦)

મુ.ઠળીયા

તાઃ તળાજા

૧૧. ભોજાણી મધુબેન અરજણભાઈ (વર્ષ: ૧૭)

મુ.ઠળીયા

તાઃ તળાજા

૧૨. ભોજાણી ભાવનાબેન સુખાભાઈ (વર્ષ: ૨૬)

મુ.ઠળીયા

તાઃ તળાજા

૧૩. ભોજાણી પ્રવીણાબેન નાથાભાઈ (વર્ષ: ૨૫)

મુ.ઠળીયા

તાઃ તળાજા